MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
ભરૂચ ઓફિસ
૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । રવિવાર । તા. ૧૦-૦૫-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 ફેસબુક-ગૂગલની ઓફિસો જુલાઇમાં કાર્યરત થશે, કર્મચારીઓ ઘરેથી વર્ષના અંત સુધી કામ કરી શકશે

4 કોરોના સંકટમાં રૂપાણી સરકારે ગેસ વપરાશકાર ઉદ્યોગોને આપી રાહત

6 કોરોના સંકટમાં ગુજરાતની સાથે મહારાષ્ટ્ર-દિલ્હીએ પણ મોદી સરકારની ચિંતા વધારી

12 સુરતમાં મોરાગામે વતન જવાને લઇ પરપ્રાંતીયો રસ્તા પર આવ્યા - પથ્થરમારો કરતાં પોલીસે લાઠિયાર્જ કરી ટીયરગેસના સેલ છોડ્યાં

કોરોના સંકટમાં દર્દીઓ માટે રાહતના સમાચારઃ ડિસ્ચાર્જ પોલિસીમાં ફેરફાર

ડિસ્ચાર્જ પછી ૭ દિવસ સુધી ઘરે જ આઈસોલેશનમાં રહેવું ફરજિયાત

કોવિડ કેયર ફેસિલિટીથી ડિસ્ચાર્જ થતા પહેલા જો કોઈ સમયે દર્દીનું ઓક્સીજન સેચુરેશન ૯૫ ટકાથી નીચે આવે તો તેને ડેડિકેટેડ કોવિડ કેર ફેસિલિટીમા દાખલ કરાશે

ગાંધીનગર

કોરોના વાયરસ સંક્રમિત દર્દીઓના રિકવર થયા બાદ ડિસ્ચાર્જ પોલિસીમાં ફેરફાર થયો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય તથા પરિવાર કલ્યાણ મંત્રાલય (MoHFW)એ શનિવારે સવારે નવી પોલિસી જાહેર કરી છે. નવા ફેરફારો મુજબ, હળવા કેસેમાં ડિસ્ચાર્જ પહેલા ટેસ્ટિંગની જરૂરીયાતને સમાપ્ત કરી દેવામાં આવી છે. દર્દીમાં લક્ષણ ન દેખાવા અને સ્થિતિ સામાન્ય લાગવા પર ૧૦ દિવસની અંદર હોસ્પિટલમાંથી રજા આપી શકાય છે. ડિસ્ચાર્જ થયા બાદ દર્દીએ હવે ૧૪ દિવસની જગ્યાએ ૭ દિવસ હોમ આઈસોલેશનમાં રહેવું પડશે. ૧૪માં દિવલે ટેલી-કોન્ફરન્સ દ્વારા દર્દીનું ફોલો-અપ લેવામાં આવશે.

એવા દર્દી જેમાં કોરોનાના લક્ષણ નથી/ ખૂબ નજીવા છે, તેમને કોવિડ કેયર ફેસિલિટીમાં રખાશે. જ્યાં તેમને રેગ્યુલર ટેમ્પ્રેચર ચેક અને પલ્સ ઓક્સિમેટ્રી મોનટરિંગમાંથી પસાર થવું પડશે. જો ત્રણ દિવસ સુધી દર્દીને તાવ આવતો નથી તો દર્દીને ૧૦ દિવસ બાદ ડિસ્ચાર્જ કરી શકાય છે. તેની પહેલાં ટેસ્ટિંગની જરૂર પડશે નહીં. ડિસ્ચાર્જના સમયે દર્દીને ૭ દિવસ સુધી હોમ આઈસોલેશનમાં રહેવાનું કહેવાશે. ડિસ્ચાર્જ પહેલાં જો સેચુરેશન ૯૫ ટકાથી નીચે જાય છે તો દર્દીને ડેડિકેટેડ કોવિડ હેલ્થ સેન્ટર (CDC)માં લઇ જવાશે.

થોડા ગંભીર લક્ષણ વાળા દર્દીઓને ડેડિકેટેડ કોવિડ હેલ્થ સેન્ટરમાં ઓક્સીજન બેડ પર રાખવામાં આવશે. તેણે બોડી ટેમ્પ્રેચર અને ઓક્સીજન સૈચુરેશન ચેકમાંથી પસાર થવું પડશે. જો તાપ ત્રણ દિવસમાં ઉતરી જાય છે અને દર્દીનું આગામી ૪ દિવસ સુધી સૈચુરેશન લેવલ ૯૫ ટકાથી વધુ રહે છે તો દર્દીને ૧૦ દિવસ બાદ રજા આપી શકાય છે. પરંતુ તાવ, શ્વાસ લેવામાં તકલિફ અને ઓક્સીજનની જરૂરીયાત ન હોવી જોઈએ. તેવામાં દર્દીનો ડિસ્ચાર્જ પહેલા ટેસ્ટ કરવામાં આવશે.

તેવા દર્દી જે ઓક્સીજન સપોર્ટ પર છે, તેને ક્લિનિકલ સિમ્પ્ટમ્સ દૂર થયા બાદ જ ડિસ્ચાર્જ કરવામાં આવશે. સતત ૩ દિવસ સુધી ઓક્સીજન સૈચુરેશન મેન્ટેન રાખનાર દર્દી ડિસ્ચાર્જ થશે. આ સિવાય એચઆઈવી દર્દી અને અન્ય ગંભીર બીમારીઓ વાળા દર્દીએ ક્લિનિકલ રિકવરી અને RT-PCR ટેસ્ટમાં નેગેટિવ આવ્યા બાદ ડિસ્ચાર્જ કરવામાં આવશે.

દર્દીને રજા મળ્યા બાદ ૭ દિવસ સુધી હોમ આઈસોલેશનમાં રહેવું પડશે. જો તાવ, કફ કે શ્વાસ લેવામાં મુશ્કેલી જેવા લક્ષણ જોવા મળે તો દર્દીએ કોવિડ કેયર સેન્ટર અથવા સ્ટેટ હેલ્પલાઇન કે પછી ૧૦૭૫ પર સંપર્ક કરવાનો રહેશે. ૧૪માં દિવસે દર્દીનું ફોલો-અપ ટેલી-કોન્ફરન્સ દ્વારા લેવામાં આવશે. ભારતમાં કોરોના વાયરસના સંક્રમણના મામલા વધવાની ગતિ ફરીથી વધી ગઈ છે. હવે ભારતમાં કોરોનાના મામલા ૧૦ દિવસમાં ડબલ થઈ રહ્યાં છે, જે થોડા દિવસ પહેલા ૧૩ દિવસ પર પહોંચી ગયા હતા. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા અનુસાર કુલ મામલા વધીને ૫૯,૬૬૨ પર પહોંચી ગયા છે, જેમાં ૧૯૮૧ લોકોના મૃત્યુ થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૩૩૨૦ નવા કેસ સામે આવ્યા છે. છેલ્લા ચાર દિવસથી કોરોના વાયરસના કેસ સતત વધી રહ્યાં છે.

અમિત શાહે મમતા બેનર્જી પર બીજા રાજ્યોમાં ફસાયેલા મજૂરોની અવગણના કરવાનો આરોપ લગાવ્યો

નવી દિલ્હી

પશ્ચિમ બંગાળ અને કેન્દ્ર સરકારની વચ્ચે મતભેદો સતત ચાલુ છે. ગૃહ મંત્રી અમિત શાહે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીને એક પત્ર પાઠવ્યો છે. જેમાં તેમણે પ્રવાસી મજૂરો માટે ચલાવવામાં આવતી શ્રમિક ટ્રેનોને મંજૂરી નહીં આપવાનો આરોપ લગાવ્યો છે.

કેન્દ્રીય ગૃહ મંત્રીએ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીને લખેલા પત્રમાં કહ્યું કે, "કેન્દ્ર સરકાર પ્રવાસી મજૂરોને તેમના ગૃહ રાજ્યો સુધી પહોંચાડી રહી છે. રેલગાડીના માધ્યમથી અત્યાર સુધીમાં આશે બે લાખથી વધારે મજૂરોને તેમના ગૃહ રાજ્ય સુધી પહોંચાડવામાં આવી ચુક્યા છે. પરંતુ પશ્ચિમ બંગાળ સરકાર આ મામલે કેન્દ્રને સહયોગ નથી આપતી. પશ્ચિમ બંગાળમાં જે પણ પ્રવાસી મજૂરો છે તે તેમના ગૃહરાજ્ય જવા વ્યાકુળ છે. મજૂરોને પશ્ચિમ બંગાળથી તેમના ગૃહ રાજ્યો સુધી પહોંચાડાની વ્યવસ્થા પણ કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવી છે પરંતુ પશ્ચિમ બંગાળ સરકાર આ મામલે કેન્દ્રને કોઈ સહયોગ આપતી નથી જેનું ખૂબ દુઃખ છે. પત્રમાં આગળ લખ્યું છે કે પશ્ચિમ બંગાળમાં પ્રવાસી મજૂરોને બીજા રાજ્યોથી લઈને બંગાળ પહોંચનારી શ્રમિક

અનુસંધાન પાના નં. ૬

નવા ઝોનની યાદી બે ત્રણ દિવસમાં બહાર પડશે, ૧૫મીએ નિર્ણય લેવાશે

કેટલાક પ્રતિબંધો સાથે ૧૭મી પછી લોકડાઉન ખુલવાની શક્યતા સરકારે તૈયારી શરૂ કરી

સેનીટેશન અને ડીસ્ટન્સીંગના આકરા નિયમો સાથે છૂટછાટ મળશે,પબ્લિક ટ્રાન્સપોર્ટ ખુલશે પરંતુ આકરા નિયમો સાથે હશે,હવાઈ સેવા પણ શરૂ થશે,સરકારી અને ખાનગી ઓફિસોમાં હેન્ડ સેનેટાઈઝર ફરજીયાત બનશે

નવી દિલ્હી

કોરોના વાયરસનો સામનો કરવા હાલમાં દેશ લોકડાઉનના ત્રીજા તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે. લોકડાઉન-૩ના ૧૪ દિવસના આ લોકડાઉનમાં સરકારે કેટલીક રાહતો પણ આપી છે. લોકડાઉન ૩.૦માં સરકારે દેશને રેડ, ગ્રીન અને ઓરેન્જ ઝોનમાં વહેંચેલ છે. લોકડાઉન ૩.૦નો ગાળો ૧૭મીએ પુરો થઈ રહ્યો છે. હવે કેન્દ્ર સરકાર લોકડાઉન પુરૂ થયા બાદના પ્લાન ઉપર આગળ વધી રહી હોવાનું જાણવા મળે છે.

સરકાર દ્વારા દરેક જિલ્લાની સ્થિતિ પર અભ્યાસ ચાલુ છે અને રાજ્ય સરકારો સાથે ચર્ચા બાદ એકાદ બે દિવસની અંદર ત્રણેય ઝોનની નવી યાદી બહાર પડે તેવી શકયતા છે. સરકાર લોકડાઉન પુરૂ થયા પછી સ્થિતિને થાળે પાડવા માટે વિવિધ પ્રવૃતિની નેગેટીવ લીસ્ટની એક યાદી પણ તૈયાર કરી રહ્યુ છે. સરકાર એવો પ્લાન ઘડે છે કે અર્થતંત્ર પણ દોડતુ રહે અને લોકોને મુશ્કેલી પણ ન પડે. સરકારે જાહેર કર્યા અનુસા,૨ અત્યારે ૧૩૦ જિલ્લા રેડ, ૨૮૪ ઓરેન્જ અને ૩૧૯ ગ્રીન ઝોનમાં છે. જો કે છૂટ બાદ અમુક વિસ્તારોમાં કોરોનાના કેસ વધ્યા છે. આવતા થોડા દિવસોમાં ત્રણેય ઝોનની સંશોધીત યાદી જાહેર કરવામાં આવે તેવી શકયતા છે. અત્યાર સુધીમાં ૨૧૬ જિલ્લા એવા છે જ્યાં હજુ સુધી એક પણ કેસ નોંધાયા નથી. ૩૬ જિલ્લા એવા છે જ્યાં છેલ્લા ૧૪ દિવસમાં એક પણ કેસ સામે આવ્યો નથી. ૪૬ જિલ્લા એવા છે જ્યાં સાત દિવસમાં એક પણ કેસ સામે આવ્યો નથી. સરકાર હવે

અનુસંધાન પાના નં. ૬

કુલ સંક્રમિતોનો આંકડો ૫૯૬૯૫એ,કુલ મૃત્યુઆંક ૧૯૮૫

ભારતમાં સ્થિતિ અમેરિકા-બ્રિટન જેટલી ખરાબ નથીઃ સરકાર

નવી દિલ્હી

દેશમાં કોરોના મહામારી રોગચાળામાં અત્યાર સુધી ૫૯,૬૯૫ લોકો સંક્રમિત થયા છે અને ૧,૯૮૫ લોકોના મોત થયા છે. આ ઉપરાંત ૧૭,૮૮૭ લોકો સારવાર બાદ સાજા થયા છે. સૌથી વધારે સંક્રમિતો ધરાવતા મહારાષ્ટ્રમાં દર્દીઓનો આંકડો ૧૯ હજારને પાર પહોંચ્યો છે. તો બીજા નંબરે ગુજરાતમાં ૭,૪૦૩ લોકો સંક્રમિત થયા છે. પંજાબ સરકારે રાજ્યની તમામ શાળામાં પરીક્ષા વગર જ પાંચમા અને ૧૦માં ધોરણના વિદ્યાર્થીઓને બીજા ધોરણામાં પ્રવેશ આપવાનો નિર્ણય કર્યો છે.

કોરોના વાઈરસનું સંક્રમણ દેશના ૨૬ રાજ્યોમાં ફેલાયું છે.૭ કેન્દ્ર શાસિત પ્રદેશ આના સંકજામાં આવી ગયા છે. જેમાં દિલ્હી, ચંદીગઢ, આંદામાન-નિકોબાર, જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, પુડુચેરી અને દાદરા નગર હવેલી સામેલ છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી હર્ષવર્ધને કહ્યું કે, ભારતમાં કોરોના સંક્રમણની સ્થિતિ અમેરિકા-બ્રિટન જેવા વિકસિત દેશની જેમ એટલી ખરાબ થવાની શક્યતા નથી, પરંતુ સ્થિતિ બગડશે તો પણ તેની સામે લડવા માટેની પુરી તૈયારી છે. તેમણે કહ્યું કે, આપણા અહીંયા કોરોનાથી મૃત્યુ દર સતત ૩.૩ ટકા રહ્યો છે.

છત્તીસગઢમાં નક્સલીઓ સાથે અથડામણમાં સબ-ઈન્સ્પેક્ટર શહીદ, ૪ નક્સલી ઠાર

નક્સલીઓ પાસેથી એક એકે-૪૭, એક SLR અને બે ૧૨ બોર રાઈફલ મળી આવી

રાજનાંદગાંવ

માનપુરના નક્સલ પ્રભાવિત વિસ્તારના જંગલમાં શોધખોળ કરવા ગયેલી ટીમમાં નક્સલવાદીઓએ અચાનક હુમલો કર્યો. આ હુમલામાં મદનવારા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ શ્યામ કિશોર શર્માનું મોત નીપજ્યું છે. આ સાથે જ એક્રાઉન્ટરમાં પોલીસ સર્ચ પાર્ટી દ્વારા ૪ નક્સલવાદીઓને પણ માર્યા ગયા છે. ઘટનાની જાણ થતાં જ ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ ઘટના સ્થળે દોડી ગયા હતા. આ બનાવમાંથી પોલીસે મોટી માત્રામાં હથિયારો મળી આવ્યા હતા. એડિશનલ એસપી ગોરખનાથ બઘેલે નક્સલવાદીઓ અને પોલીસ વચ્ચે થયેલા એક્રાઉન્ટરની પુષ્ટિ કરી છે. આગળની કાર્યવાહી ચાલુ છે.પોલીસે ચારેય નક્સલવાદીઓના મૃતદેહને તેમની કબજેમાં લઈ લીધા છે.

ઝડપાયેલા હથિયારોમાં એકે-૪૭ રાઈફલ, એક એસએલઆર અને બે ૩૧૫ બોર હથિયારો સામેલ છે.મળતી માહિતી મુજબ, મદનવાડા પોલીસ સ્ટેશનના પ્રભારી શ્યામ કિશોર શર્મા સર્ચ પાર્ટી સાથે બહાર હતા. આ દરમિયાન ઓચિંતો બેઠેલા નક્સલીઓએ અચાનક તેની ઉપર હુમલો કર્યો. સ્ટેશન પ્રભારી શ્યામ કિશોર શર્માએ નક્સલવાદીઓ સાથે ઉગ્ર લડત આપી હતી અને ચાર નક્સલીઓને મારી નાખ્યા હતા.

દરમિયાનમાં તેના પેટમાં ગોળીના કારણે તેમનું મોત નીપજ્યું હતું.ચાર નક્સલી કરાયા ઠારમોડી રાત સુધી પોલીસે આ ઘટના અંગે કંઈ પણ કહેવાનો ઈનકાર કર્યો

અનુસંધાન પાના નં. ૬

આજની પરિસ્થિમાં આપની આવક વધારવા અને આપની તંદુરસ્તી માટે નીચેની લિંક ખોલી જુઓ

સામાન્ય માણસ જ્યારે કોરોનાની મહામારી અને મંદીનો સામનો કરી રહ્યું છે ત્યારે ૧૬ વર્ષ જુના જંગ એ ગુજરાત અખબાર ગ્રુપનું નવું નજરાણું

MARKET4U(OPC) PRIVATE LIMITED

જેમાં જુદા જુદા બે પ્લેટફોર્મ ની લિંક અત્રે પ્રસ્તુત છે જે લિંક ખોલી આપ વિગત સમજી શકશો ન સમજાય તો અમારા 9904733000 અને 9978406257 પર કોલ કરી શકો છો.

www.market4u.in

જ્યાં આપ પોતાની જાહેરાત અને જરૂરિયાં માત્ર રૂપિયા ૫૫૦/- માં ૬ મહિના સુધી કરી ખૂબ પ્રસિદ્ધિ કરી કમાઈ શકશો

www.connectindians.in

જ્યાં આપ જોડાયબદ અન્યને market4u ની વિગત સમજાવી અન્ય ને જોડશો તો મહેનત મુજબ ખુબ કમાઈ શકશો તદુપરાંત અમે લાવ્યા છીયે આપના સ્વસ્થ્ય માટે જરૂરી નેગેટિવ આયન્સ રિસ્ટબેન્ડ જે આપને માટે હાલના સમયમાં ખુબજ જરૂરી છે નેગેટિવ આયન એટલે શું? શામાટે આપણા સ્વસ્થ જીવન માટે જરૂરી છે? ક્યાંથી મેળવી શકશો આપ?

9978406257

http://www.jungegujarat.in/negative-ion/

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

ગુજરાતના તમામ સ્થળે ટીમ લીડર નીમવાના છે

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ (રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)માં સભ્ય બની તમારા વિસ્તારમાં અન્યોને મદદરૂપ થાઓ. શુ આપ સહેલાઈથી ઓછો મહેનતે ઘર ચલાવવા કે બચત કરવા માંગો છો? શુ આપ અભ્યાસ સાથે સ્વનિર્ભર બનવા માંગો છો તો આજે જ સંપર્ક કરો

7574888861

(ટ્રસ્ટની સભ્ય ફી માત્ર ૧૦૦ રૂપિયા રહેશે. જોડાવા માટે આધાર કાર્ડ પાન કાર્ડ જરૂરી રહેશે. વાર્ષિક સામાન્ય સભ્યનું ઈ ઓળખ પત્ર મળશે)

-:: ફી મોકલવાની ડિટેલ ::-

Phone pay 7574888859 • Act No. 33586780623
State Bank of India • Ifsc code SBIN0009164
Pritam nagar Branch, Bharuch 392002

કોરોના સાઈડ ઈફેક્ટ,ફેસબુકે ૭૫ હજાર રૂપિયા બોનસ પણ આપ્યું

ફેસબુક-ગૂગલની ઓફિસો જુલાઈમાં કાર્યરત થશે, કર્મચારીઓ ઘરેથી વર્ષના અંત સુધી કામ કરી શકશે

ન્યૂયોર્ક

કોરોના મહામારીના કારણે વૈશ્વિક અર્થતંત્ર ખોરવાયું છે. ઘણી મોટી કંપનીઓએ તેમની ઓફિસો બંધ કરીને કર્મચારીઓને વર્ક ફ્રોમ હોમની સુવિધા આપવી પડી. અમેરિકાની દિગ્ગજ ટેક કંપનીઓ ફેસબુક અને ગૂગલે પણ મહામારીના શરૂના દિવસોમાં જ તેમના મોટા ભાગના કર્મચારીઓને વર્ક ફ્રોમ હોમ કરવા કહ્યું. હવે લૉકડાઉનમાં છૂટ અપાઈ રહી છે તો કંપનીઓની ઓફિસો ખૂલવાનું પણ શરૂ થઈ ગયું છે. ગૂગલ અને ફેસબુક પણ જુલાઈમાં પોતાની ઓફિસો ખોલી રહી છે. જોકે, બંને કંપનીઓએ એમ પણ કહ્યું છે કે તેમના જે કર્મચારીઓ હાલ વર્ક ફ્રોમ હોમ કરી રહ્યા છે તેમને ચાલુ વર્ષના અંત સુધી આ સુવિધા મળતી રહેશે.

ગૂગલે અગાઉ એમ કહ્યું હતું કે તેની વર્ક ફ્રોમ હોમ પોલિસી ૧ જૂન સુધી લાગુ રહેશે પણ હવે તેણે આ પોલિસી વધુ ૭ મહિના માટે લંબાવી છે જ્યારે ફેસબુકે કહ્યું છે કે તેની ઓફિસો ૬ જુલાઈએ ખૂલી જશે પણ કર્મચારીઓ ડિસેમ્બરના અંત સુધી વર્ક ફ્રોમ હોમ કરતા રહેશે. ગૂગલના સીઈઓ સુંદર પિચાઈએ કહ્યું કે જે કર્મચારીઓને ઓફિસે આવવાની જરૂર છે તેઓ જુલાઈથી આવી શકશે. તે માટે ગૂગલે દુનિયાભરમાં આવેલી તેની ઓફિસોમાં સુરક્ષા માપદંડ વધાર્યા છે, જેથી કર્મચારીઓને સંક્રમણથી બચાવી શકાય.

પિચાઈએ એમ પણ કહ્યું કે ઘરેથી કામ કરતા મોટા ભાગના કર્મચારીઓ ચાલુ વર્ષના અંત સુધી તેમ કરી શકશે. ફેસબુકનું વલણ પણ ગૂગલ જેવું જ છે. ફેસબુકના પ્રવક્તાએ કહ્યું કે જે કર્મચારીઓ ઘરેથી કામ કરવાનું ચાલુ રાખી શકે તેમ છે તેઓ વર્ષના અંત સુધી આ સુવિધા મેળવી શકશે. સ્થિતિ સતત બદલાઇ રહી છે. ફેસબુક હાલ એ નક્કી કરી રહી છે કે કયા કર્મચારીઓને ઓફિસે આવવાનું કહેવામાં આવે?

ફેસબુકે ઘરેથી કામ કરતા કર્મચારીઓને ઘરે વર્ક સ્ટેશન તૈયાર કરવા અને બાળકોની સારસંભાળ માટે ૧ હજાર ડોલર (અંદાજે ૭૫ હજાર રૂ.) બોનસ પણ આપ્યું હતું. કોરોના મહામારીને ધ્યાનમાં રાખીને ભારત સહિત દુનિયાભરની ઘણી કંપનીઓ પોતાના વર્ક કલ્ચર અંગે ગંભીરતાથી વિચારી રહી છે. ટીસીએસ, ઈન્ફોસિસ અને એચસીએલ જેવી ભારતીય કંપનીઓએ પણ કહ્યું છે કે કોરોનાનું સંકટ દૂર થયા પછી પણ તેઓ વર્ક ફ્રોમ હોમને પ્રોત્સાહન આપવાનું ચાલુ રાખશે.

છત્તીસગઢના પુર્વ મુખ્યમંત્રી અજીત જોગીને કાર્ડિયાક એરેસ્ટ બાદ હોસ્પિટલમાં દાખલ કરાયા

સ્થિતિમાં સુધારો નહીં થાય તો એરલિફ્ટ કરી દિલ્હી લઈ જવાય તેવી શક્યતા

રાયપુર

છત્તીસગઢના ભૂતપુર્વ મુખ્યમંત્રી અજીત જોગીની તબિયત બગડ્યા બાદ શનિવારે રાયપુરની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જ્યાં તેમની સ્થિતિ ગંભીર હોવાની માહિતી મળી છે. ડોક્ટરોનું કહેવું છે તેમને કાર્ડિયાક એરેસ્ટ થયો છે. તેમને એરલિફ્ટ કરી દિલ્હી લઈ જવામાં આવી શકે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે શનિવારે સવારે લગભગ ૭ વાગે તેમની પત્ની અને ધારાસભ્ય ડો.રેણુ જોગીએ અજીત જોગીનું બ્લડ પ્રેશર તપાસ્યું હતું. જે ખૂબ જ ઓછું હોવાથી અને તેમા કોઈ સુધારો નહીં થતા એમ્બ્યુલન્સથી દેવેન્દ્ર નગર સ્થિત શ્રીનારાયણા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમના દિકરા અમિત જોગીએ પિતાની તબિયત ખરાબ હોવાની વાત કહી છે. તેઓ બિલાસપુરથી રાયપુર માટે રવાના થયા છે. હોસ્પિટલના ડાયરેક્ટર સુનીલ ખેમકાએ કહ્યું કે તેમને કાર્ડિયાક એરેસ્ટ આવ્યો છે. હવે રિકવરી થઈ રહી છે. જોકે સ્થિતિ ગંભીર બનેલી છે. મુખ્યમંત્રી ભુપેશ બઘેલાના દિકરાએ અમિત જોગી સાથે ફોન પર અજીત જોગીના ખબર અંતર પૂછી જાણકારી મેળવી છે.

લોકડાઉનના કારણે વિશ્વમાં ૩૩૦ કરોડ મજૂરો પ્રભાવિત, ૧૦૬ કરોડ કામદારોના રોજીરોટીના સાધનો છીનવાયા

વિશ્વમાં પ્રત્યેક પાંચમાંથી ચાર મજૂરો લોકડાઉનના કારણે પ્રભાવિત

દુબઈ

કોરોના મહામારી અને લોકડાઉન વચ્ચે જે લોકો પાસે બે ટંકનું ભોજન કરવા કોઈ વ્યવસ્થા નથી તે લોકોનું જીવન સૌથી વધુ મુશ્કેલીમાં મુકાયું છે. એક અહેવાલ પ્રમાણે વિશ્વમાં પ્રત્યેક પાંચમાંથી ચાર મજૂરો લોકડાઉનના કારણે પ્રભાવિત છે. ઉપરાંત પહેલા કરતા પણ વધારે ભૂખમરાની સ્થિતિમાં હોય તેવા પરિવારોની સંખ્યામાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. લોકડાઉનના કારણે કોઈ કામ ન મળવાથી તેમનું જીવન વધુ કઠિન થઈ રહ્યું છે.

ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન(આઈએલઓ)ના અહેવાલ પ્રમાણે સમગ્ર વિશ્વના કામદારોમાં પ્રત્યેક પાંચમાંથી ચાર મજૂર લોકડાઉનમાં કામ મળતું બંધ થવાથી પ્રભાવિત છે અને આવા લોકોનો કુલ આંકડો આશરે ૩૩૦ કરોડ જેવો છે. જ્યારે ૧૦૬ કરોડ કામદારોના રોજીરોટીના સાધનનો સંપૂર્ણપણે વિનાશ થવાની શક્યતા છે. આર્જેન્ટિનાની સ્થિતિ પહેલેથી જ ખરાબ છે. ત્યાં ૪.૪ કરોડની વસ્તીમાં એક તૃતીયાંશ લોકો ગરીબીમાં જીવી રહ્યા છે. મહામારી પહેલા ત્યાં ૮૦ લાખ લોકો ભોજન માટે મદદ માંગતા હતા અને હાલ તેમાં વધુ ૩૦ લાખ લોકો જોડાયા છે.

મિસ્ત્રની સ્થિતિ પણ ખૂબ જ ખરાબ થઈ ગઈ છે. દેશની સત્તાવાર સ્ટેટિસ્ટિક્સ એજન્સીના અહેવાલ પ્રમાણે રાજધાની કાહિરામાં બે કરોડ લોકો પ્રભાવિત છે કારણ કે, તેમના રોજગાર બંધ થઈ ગયા છે, તેમણે નોકરીઓ ગુમાવી દીધી છે અને પોતાના ઘરે પરત જવા મજબૂર થવું પડ્યું છે. મહામારીના કારણે કોઈ તેમના પાસે કામ કરાવવા તૈયાર નથી. મિસ્ત્રમાં લોકો દરરોજ આશરે ૧૦૦ રૂપિયામાં દિવસ કાઢવા મજબૂર બન્યા છે. ત્યાંના છ ટકા લોકો અત્યંત ગરીબાઈમાં જીવી રહ્યા છે. જો કે, સરકારે ગરીબ લોકોનો જીવ બચાવવા દર મહીને ૨,૨૦૦ રૂપિયાની આર્થિક મદદ આપવાની જાહેરાત કરી છે.

ગરીબ શ્રમિકો અને સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોને બચાવવા જરૂરી છે:સીઆઈઆઈ

દેશના અર્થતંત્રને ઉગારવા ૧૫ લાખ કરોડનું રાહત પેકેજ આપો: સીઆઈઆઈએ સરકાર પાસે કરી માંગણી

નવી દિલ્હી

દેશના વિવિધ ઉદ્યોગોના સંગઠન ધી કોન્ફેડરેશન ઓફ ઈન્ડીયન ઈન્ડસ્ટ્રીઝ (સીઆઈઆઈ)એ કેન્દ્ર સરકાર પાસેથી માંગ કરી છે કે, કોરોના મહમારી કોવિડ-૧૯ રોગચાળાને કારણે ભારતીય અર્થવ્યવસ્થા ભારે સંકટમાં છે અને સરકારે તાકીદે ૧૫ લાખ કરોડ રૂપિયાનું રાહત પેકેજ જાહેર કરવુ જોઈએ. આ અગાઉ સીઆઈઆઈએ ૪.૫ લાખ કરોડના રાહત પેકેજની માંગણી કરી હતી હવે તેમા સુધારો કર્યો છે.

સીઆઈઆઈના પ્રમુખ વિક્રમ કિર્લોશ્કરે જણાવ્યુ છે કે, અમે અગાઉ જે ધાર્યુ હતુ તેના કરતા પણ વધારે ખરાબ પરિસ્થિતિ અર્થતંત્ર પર પડી રહી છે અને પડવાની છે. તેથી ઈકોનોમીને મોટુ રાહત પેકેજ મળે તે જરૂરી છે. સીઆઈઆઈએ સરકારને ભલામણ કરી છે કે તત્કાલ ૧૫ લાખ કરોડ રૂપિયા અથવા તો જીડીપીના ૭.૫ ટકાની બરાબર રાહત પેકેજ જાહેર કરે. સીઆઈઆઈએ જણાવ્યુ છે કે કોરોનાથી વિશ્વભરની અર્થવ્યવસ્થાને ભારે આંચકો લાગ્યો છે તેમા ભારત પણ બાકાત નથી. આ વર્ષે ભારતીય અર્થવ્યવસ્થામાં ભારે નુકશાન થશે તેથી સરકારે એક મોટા પ્રોત્સાહન પેકેજ આપવાનું એલાન કરવુ જોઈએ જેનાથી ગરીબો અને ઉદ્યોગ ખાસ કરીને નાના અને મધ્યમ ઉદ્યોગોને સંકટમાંથી બહાર કાઢી શકાય.

સંસ્થાએ કહ્યુ છે કે ૩.૦ લોકડાઉન પુરૂ થાય તેથી ૨ મહિના બધુ બંધ રહ્યુ છે. ૨૫મી માર્ચથી ભારતમાં લોકડાઉન છે અને ૧૭મી મેએ તે પુરૂ થવાનુ છે. સીઆઈઆઈએ કહ્યુ છે કે આ મહામારી વેકસીન ન બને ત્યાં સુધી ફુંફાડો મારતી રહેશે અને તેમા ૧૨ થી ૧૮ મહિનાનો સમય લાગશે. સીઆઈઆઈનું કહેવુ છે કે અર્થવ્યવસ્થામાં સુધારાની પ્રક્રિયામાં બે મહિના લાગશે તેવામાં તત્કાલ નાણાકીય પેકેજની જરૂર છે. સીઆઈઆઈએ જણાવ્યુ છે કે આર્થિક કામકાજના અંકુશ પર ૫૦ દિવસ થઈ ગયા છે. તેની ઈકોનોમી ઉપર નકારાત્મક અસર અમારા અગાઉના અનુમાન કરતા વધુ રહેવાની શકયતા છે. તેની ભરપાઈ કરવા માટે પ્રોત્સાહન પેકેજની જરૂર છે જેથી રોજગાર અને આજીવિકાને બચાવી શકાય.

અગાઉ ફીક્કીએ ૧૦ લાખ કરોડના પેકેજની માંગણી કરી હતી જ્યારે પીએચડી ચેમ્બર ઓફ કોમર્સે ૧૬ લાખ કરોડના પેકેજની માંગણી કરી છે. જ્યારે એસોચેમએ રૂ. ૧૪ લાખ કરોડના પેકેજની માંગણી કરી છે. સીઆઈઆઈએ જનધન, આધાર અને મોબાઈલ ધરાવનાર માટે રૂ. ૨ લાખ કરોડના કેસ ટ્રાન્સફરના પેકેજની માંગણી કરી છે. અગાઉ ૧.૭૦ લાખ કરોડના પેકેજ ઉપરાંત આ હોવુ જોઈએ.

દેશના સૌથી મોટા ડ્રગ તસ્કર રણજીત રાણા ચીતાની ધરપકડ

અટારીથી મળેલા ૫૩૨ કિલોગ્રામ હેરોઈનમાં વોન્ટેડ હતો

સિરસા

જમ્મુ-કાશ્મીર અને પંજાબમાં હિઝબુલના આતંકીની ધરપકડ બાદ પોલીસે શનિવારે સિરસાથી ભારતના સૌથી મોટા ડ્રગ તસ્કર પૈકીના એક રણજીત રાણા ચીતાની ધરપકડ કરી હતી. અમૃતસરનો ચીતા જૂન ૨૦૧૯માં અટારીથી મળેલા ૫૩૨ કિલોગ્રામ હેરોઈનમાં વોન્ટેડ હોવાનું પંજાબના ડીજીપીએ જણાવ્યું હતું.

રણજીત રાણા અને તેનો ભાઈ ગગનદીપ ભોલાને હરિયાણાના સિરસાના બેગૂ ગામથી ધરપકડ કરવામાં આવી હતી. ચીતાએ ૨૦૧૮-૧૯ વચ્ચે અઈસીપી અમૃતસરના માધ્યમથી હેરોઈન અને ડ્રગ્સની તસ્કરી કરી હોવાની આશંકા છે.

થોડા દિવસો પહેલા હિઝબુલના ટોપ કમાન્ડર રિયાઝ નાઈકુને જમ્મુ-કાશ્મીરના પુલવામા જિલ્લાના બેગપોરામાં ઠાર કરાયો હતો. એનએસએ અજીત ડોભાલના નેતૃત્વમાં ઓપરેશન જેકબૂટ અંતર્ગત ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું. પુલવામા, કુલગામ, અનંતનાગ અને શોપિયાં જિલ્લામાં આતંકવાદી ગતિવિધિ વધ્યા બાદ ડોભાલે આપરેશનનું નામ 'જેકબૂટ' રાખ્યું હતું.

કોરોનાને કારણે શહેરી જીવનના દિવસો પુરા, હવે ગ્રામ્ય જીવનનો ક્રેઝ

રોમ

સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવી દઈ અનેક જિંદગીઓ તબાહ કરી દેનારા કોરોના વાઈરસથી ઈટાલીને ઘણું નુકશાન થયું છે.સંક્રમણનો ભોગ બનેલા અને મૃત્યુ પામી રહેલા લોકોની કૂદકે ને ભૂસકે વધી રહેલી સંખ્યાને કારણે તેમજ ધંધા રોજગાર પડી ભાંગવાને કારણે અનેક લોકો આર્થિક સંકટમાં મુકાઈ ગયા છે. ઈટાલીમાં હિંસાનું પ્રમાણ વધી રહ્યું છે.તેમજ અનેક લોકો ગમ ભૂલવા નશાનું વધુ પડતું સેવન કરતા થઈ રહ્યા છે. આ સંજોગોમાં ૫ હજારથી પણ ઓછી વસતિ ધરાવતા નાના ગામોમાં જઈ શાંતિપૂર્ણ જીવન જીવવા માટે લોકો ગ્રામ્ય વિસ્તારો તરફ વળવા લાગ્યા છે. પરિણામે વેરાન થઈ ગયેલા નાના ગામોમાં રોનક આવવાનું શરૂ થઈ ગયું છે.તેમ એક અહેવાલમાં જણાવાયું હતું.

એરટેલ અને વોડાફોન-આઈડિયાને પછાડી રિલાયન્સ જીયો ફરી બન્યું નંબર-૧

નવી દિલ્હી

રિલાયન્સ જીયો સબ્સક્રાઈબર બેઝની રેસમાં એકવાર ફરી એરટેલ અને વોડાફોન-આઈડિયાથી આગળ નિકળી ગયું છે. ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયાના લેટેસ્ટ રિપોર્ટ અનુસાર રિલાયન્સ જીયોએ જાન્યુઆરી ૨૦૨૦માં ૬૫.૫ લાખ નવા યૂઝર જોડાયા છે. હવે કંપનીના કુલ યૂઝરોની સંખ્યા ૩૭.૬ કરોડ થઈ ગઈ છે.

રિલાયન્સ જીયોના આ શાનદાર પ્રદર્શનથી ખ્યાલ આવે છે કે ડિસેમ્બર ૨૦૧૯માં ટેરિફ મોંઘુ કરવાથી યૂઝરોને કોઈ ખાસ ફેર પડી રહ્યો નથી. એરટેલની વાત કરીએ તો કંપની સાથે જાન્યુઆરીમાં ૮.૫ લાખ નવા યૂઝરો જોડાયા છે. તો ખોટમાં ચાલી રહેલી વોડાફોન-આઈડિયાને ડિસેમ્બરમાં ટેરિફ મોંઘુ કરાયા બાદ ૩૦.૬૨ લાખ યૂઝરોનું નુકસાન થયું છે.

લૉકડાઉન ઈફેક્ટ: દુનિયાભરમાં સર્જાઈ કોન્ડોમની અછત

નવી દિલ્હી

કોરોના વાયરસના કારણે લગભગ દુનિયાના તમામ દેશોમાં લોકડાઉન તેમજ પ્રતિબંધો લગાવવામાં આવ્યા છે. જેના કારણે તમામ ઉદ્યોગો પણ ઠપ થયા છે, જેમાં કોન્ડોમ બનાવતી કંપનીઓનો સમાવેશ પણ થાય છે. લોકડાઉનના કારણે કોન્ડોમના પ્રોડક્શન અને સપ્લાયની ચેઈન પણ ખોરવાઈ ગઈ છે. જેના કારણે દુનિયાભરમાં કોન્ડોમની અછત સર્જાઈ છે. માર્કેટમાં લોકોને હવે કોન્ડોમ મળવામાં મુશ્કેલી થઈ રહી છે. કોન્ડોમનો જે સ્ટોક હતો તે છેલ્લા બે મહિના દરમિયાન પુરો થઈ ગયો છે. ફેક્ટરીઓમાં પ્રોડક્શનનું કામ કોરોનાના કારણે બંધ છે, જેથી આવી સ્થિતિનું નિર્માણ થયું છે. તો બીજી તરફ લોકડાઉનના કારણે લોકોની સેક્સ લાઈફ પર પણ ગંભીર અસરો થઈ રહી છે. ઘરમાં કેદ થયેલા લોકો માટે સેક્સ લાઈફ સંબંધી સમસ્યા એટલી વધી ગઈ છે કે તેમને હવે ડોક્ટરોની સલાહ લેવી પડે છે.

લોકો ડોક્ટરોને આ અંગે અવનવા સવાલો કરી રહ્યા છે. કેટલાક લોકોને સમસ્યા છે કે તેમના પાર્ટનર તેમના પર સંબંધ બનાવવાનું દબાણ કરે છે. તેમની ઈચ્છા ના હોવા છતા તેમને સંબંધ બનાવો પડે છે. તો કેટલાક લોકોને તણાવ અને ટેંશનના કારણે સેક્સ લાઈફમાં પ્રશ્ન થઈ રહ્યો છે. તો એવા લોકોની સંખ્યા પણ ઘણી વધારે છે જેઓ લોકડાઉનના આ સમયમાં ડિપ્રેશનનો શિકાર બન્યા છે, જેની અસર તેમની સેક્સ લાઈફ પર પણ થઈ રહી છે.

ડોક્ટરોને સૌથી વધારે પુછાતો સવાલ તો એ છે કે કોરોનાના આ સમયમાં સંબંધ બનાવતી વખતે કઈ કઈ વાતનું ધ્યાન રાખવું જોઈએ? આ સિવાય પણ ઘણી બધી સમસ્યા છે, જેનો લોકો કોરોના અને લોકડાઉનના કારણે સામનો કરી રહ્યા છે. ડોક્ટરો આવા લોકોને તેમની સમસ્યાનું સામાધાન આપી રહ્યા છએ, ઉપરાંત કામેચ્છાને કઈ રીતે કાબૂમાં રાખવી તે પણ શીખવી રહ્યા છે.

ઉત્તર-પૂર્વ રાજ્યોના સ્વાસ્થ્ય મંત્રીઓ સાથે બેઠક યોજી

કોરોનામાં દેશ સૌથી ખરાબ સ્થિતિ માટે તૈયાર: સ્વાસ્થ્ય મંત્રીની ચેતવણી

દેશમાં ૩૯,૮૩૪ લોકોની ચાલી રહી છે સારવાર

નવી દિલ્હી

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ડૉક્ટર હર્ષવર્ધને કોરોના વાયરસ અંગે વીડિયો કૉન્ફરન્સિંગના માધ્મથી ઉત્તર-પૂર્વ રાજ્યોના સ્વાસ્થ્ય મંત્રીઓ સાથે બેઠક કરી હતી. આ દરમિયાન હર્ષવર્ધને કહ્યુ કે, "અન્ય વિકસિત દેશોની જેમ આપણે દેશમાં ખૂબ ખરાબ પરિસ્થિતિનો અંદાજ નથી લગાવી રહ્યા, પરંતુ આપણે આખા દેશને સૌથી ખરાબ પરિસ્થિતિ માટે પણ તૈયાર કરી દીધો છે.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, 'દેશમાં કોરોનાનો મૃત્યુદર લગભગ ૩.૩% છે. જ્યારે રિકવરી દર ૨૯.૯% સુધી વધ્યો છે. આ ખૂબ સારો સંકેત છે. છેલ્લા ત્રણ દિવસમાં લગભગ ૧૧ દિવસમાં કેસ ડબલ થઈ રહ્યા છે. જે ગત સાત દિવસ દરમિયાન ૯.૯૯ દિવસ હતા. નોંધનીય છે કે કોરોના વાયરસને કારણે મોતને ભેટેલા લોકોની સંખ્યા વધીને શનિવારે ૧,૯૮૧ થઈ છે. જ્યારે સંક્રમિત લોકોની સંખ્યા ૫૯, ૬૬૨ પર પહોંચી છે. છેલ્લા ૨૪ કલાકમાં આ વાયરસને કારણે ૯૫ લોકોનાં મોત થયા હતા, જ્યારે ૩,૩૨૦ નવા કેસ સામે આવ્યા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું કે દેશમાં ૩૯,૮૩૪ લોકોની સારવાર ચાલી રહી છે, જ્યારે ૧૭,૮૪૬ લોકો સાજા થયા છે. એક દર્દી વિદેશ ચાલ્યો ગયો છે. સ્વાસ્થ્ય મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે, "અત્યારસુધી આશરે ૨૯.૯૧% લોકો સ્વસ્થ થયા છે." સંક્રમિત કુલ લોકોમાં ૧૧૧ વિદેશ નાગરિક પણ સામેલ છે

રામ મંદિર ટ્રસ્ટમાં ડોનેશન આપનારને મળશે આવકવેરામાં છૂટ

નવી દિલ્હી

કેન્દ્ર સરકારે અયોધ્યામાં રામ મંદિર નિર્માણ માટે રચાયેલા 'શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ'ને દાન (ડોનેશન) આપનારને આવકવેરામાં છૂટ આપવાનો નિર્ણય લીધો છે. કેન્દ્રીય નાણા મંત્રાલયે આ સંબંધમાં શુક્રવારે મોડી સાંજે એક નોટિફિકેશન જારી કરી દીધું છે. કેન્દ્રીય પ્રત્યક્ષ વેરા બોર્ડ દ્વારા રામ મંદિર ટ્રસ્ટને દાન આપનારને આવકવેરાની કલમ ૮૦જી હેઠળ રાહત આપી છે. કેન્દ્રીય નાણા મંત્રાલયે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટને ઐતિહાસિક મહત્વનું સ્થાન અને જાહેર પૂજન શ્રેણીમાં રાખ્યું છે.

દાન કરનારને નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧થી ટેક્સમાં છૂટ મળશે. આવકવેરા કાયદાની કલમ ૮૦જી હેઠળ કોઈપણ સામાજીક, રાજકીય અને જનહિતકારી સંસ્થાઓ સહિત સરકારી રાહત કોષોમાં આપવામાં આવેલ દાન પર ટેક્સ છૂટ લેવાનો અધિકાર મળે છે. પરંતુ ટેક્સમાં આ છૂટ દરેક દાન પર એક જેવી નહીં પરંતુ કેટલાક નિયમો અને શરતો પ્રમાણે મળે છે. મહત્વનું છે કે સુપ્રીમ કોર્ટે પાછલા વર્ષે ૯ નવેમ્બરે રામ જન્મભૂમિ-બાબરી મસ્જિદ વિવાદમાં ઐતિહાસિક ચુકાવો આપતા વિવાદિત ૬૭ એકર જમીન હિન્દૂ પક્ષને સોંપી હતી. જ્યારે સરકારને મસ્જિદ નિર્માણ માટે મુસ્લિમ પક્ષને અયોધ્યામાં કોઈ મહત્વપૂર્ણ સ્થાન પર ૫ એકર જમીન આપવાનો આદેશ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે સાથે કેન્દ્ર સરકારને ૩ મહિનાની અંદર મંદિર નિર્માણ માટે ટ્રસ્ટની રચના કરવાનો આદેશ આપ્યો હતો. ત્યારબાદ કેન્દ્ર સરકારે ૮ ફેબ્રુઆરીએ શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની રચના કરી હતી.

ડીસીડબ્લ્યુ અધ્યક્ષ સ્વાતિ માલીવાલને મળી જાનથી મારી નાખવાની ધમકી, ફરિયાદ દાખલ

નવી દિલ્હી

દિલ્હી મહિલા આયોગની અધ્યક્ષ સ્વાતિ માલીવાલે કથિત રીતે ટ્વિટર પર જાનથી મારી નાખવાની ધમકી મળ્યા બાદ તેમણે આ બાબતે શુક્રવારે પોલીસમાં ફરિયાદ દાખલ કરી હતી. સ્વાતી માલીવાલે હાલમાં બોય્સ લોકર રૂમ અને જેલમાં બંધ જામિયાની વિદ્યાર્થી સફૂરા જરગરના મુદ્દા પર અવાજ ઉઠાવ્યો હતો.

દિલ્હી મહિલા આયોગની અધ્યક્ષે સાઈબર સેલમાં ફરિયાદ દાખલ કરી છે. પોતાની ફરિયાદમાં તેમણે કહ્યું કે ટ્વિટર પર જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી રહી છે. માલીવાલે પોતાની ફરિયાદમાં કહ્યું, વ્યક્તિએ પોતાના સંદેશમાં જાનથી મારી નાખવાની ધમકી આપી છે. આવા લોકો પર તાત્કાલિક કેસ દાખલ થવો જોઈએ અને ધરપકડ થવી જોઈએ. સ્વાતિ માલીવાલે ટ્વિટ પર લખ્યું, તમામ અપશબ્દો સાથે લખ્યું છે. 'મહિલા છો મહિલા બનીને રહો, પુરૂષ બનાવાની કોશિશ ન કર, નહીતો ગોળી મારી દેશું.' આવા ગુંડાઓથી પહેલા અન્ય માટે લડો અને પછી પોતાના માટે લડો. ક્યારે બદલશે આ પ્રકારની ખરાબ વિચારસરણી.

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા 300/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

ડ્રો 31st ડિસેમ્બર

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

ઓફીસ એડ્રેસ

સુરત
MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ
MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૨૦૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૩૦૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૩૦૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs. 200
INCOME ILLUSTRATION OF 1 X 5 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	5	20	100	5	95
2	25	10	250	13	238
3	125	5	625	31	594
4	625	5	3125	156	2969
5	3125	5	15625	781	14844
6	15625	5	78125	3906	74219
7	78125	5	390625	19531	371094
8	390625	5	1953125	97656	1855469
TOTAL EARNING :					2319520

Note : This illustration is based on assumption that every Member makes 5 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો રૂા. ૧૫૦૦ની MRPનું નેગેટીવ આયર્ન બ્રેસલેટ ફ્રી ગીફ્ટમાં મળશે

★ **સિલ્વર ડાયરેક્ટર:** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૩૦૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ www.connectindians.in વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી 99999999 Dhananjay આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી લેખ

વિપક્ષ રચનાત્મક રહે

કોરોનાકાળમાં વિપક્ષની ભમિકા રચનાત્મક રીતે રહીને સરકારની મદદ કરવાની રહેલી છે. વિપક્ષ માત્ર ટિકા ટિપ્પણી કરીને સરકારનો વિરોધ કરે તે યોગ્ય નથી. તે સરકારનીનીતિ સાથે રહે તે જરૂરી છે. કોરોના વાયરસના ફેલાવાને રોકવા માટે સરકારના પગલાને સાથ આપે તેપણ જરૂરી છે. કેન્દ્રમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર સત્તામાં લાંબા સમયથી છે. મોદીના શાસન દરમિયાન કેટલાક કઠોર અને કેટલાક વિવાદાસ્દ નિર્ણય પણ કરવામાં આવ્યા છે. જો કે એંકદરે સરકારની છાપ લોકોમાં સારી રહી છે. કારણ કે ભ્રષ્ટાચારના કોઇ મામલા આ ગાળામાં આવ્યા નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે પણ સારી પ્રતિષ્ઠા વિશ્વભરમાં મેળવી રહ્યા છે. જાણકાર નિષ્ણાંતોનો સાફ મત છે કે લોકશાહીમાં વિપક્ષની ભૂમિકા એક સાવધાન અને એલર્ટ જવાનની જેમ હોય છે. લોકશાહીમાં સંખ્યા નહી પરંતુ વાતચીતની ભૂમિકા સૌથી મહત્વપૂર્ણ રહે છે. કેન્દ્ર સરકારમાં પૂર્વ વધારાના સચિવ તરીકે કામ કરી ચુકેલા મોહનદાસ મેનન સાફ રીતે માને છે કે લોકશાહીના આ કઠોર અને ખુબ જટિલ માહોલમાં સ્વરાજના મૂળ અર્થ લોકોની તાકાત અને કમજોરીને ઓળખી કાઢવાના છે. તેમની વધતી આશાઓ અને સંવેદનાને સમજી લેવાની વાત ખુબ મહત્વપૂર્ણ છે. એક ખામીવગરની લોકશાહી વ્યવસ્થા સ્થાપિત કરવા માટે આ દિશામાં આગળ વધવાની બાબત ઉપયોગી છે. ખામીવગરના લોકશાહી મોડલ માટે ઉપરોક્ત તમામ બાબતો પર ધ્યાન ખુબ જરૂરી છે. ભારતીય રાજનેતા આ ક્રમમાં તરત જ પુરતીરીતે જ્યા જ્યારે જરૂર પડી ત્યારે લોકોના ઝનુન, સમસ્યાઓ અને ભાવના પ્રત્યે સંતોષજનક અને જવાબદારીપૂર્વકના વલણ સાથે નજરે પડ્યા છે. જો આવુ ન થયુ હોત તો ક્યારેય ખતમ ન થનાર અસંતોષની બાબતો લોકશાહી માટે પડકારરૂપ બની હોત અને અસંતોષની ભાવના ક્યારેય ખતમ થઇ ન હોત. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે સારી રીતે જાણે છે કે ભારતીય લોકશાહી માળખુ આવી તમામ બાબતને પહોંચી વળે તે હદ સુધી મજબુત છે. ભારતીય જનતા પાર્ટી માને છે કે તેમનો ઉદ્દેશ્ય પ્રભાવી રીતે સરકારને ચલાવીને જનમાનસમાંથી અસંતોષ અથવા તો નિરાશાની ભાવનાને દુર કરવાનો છે. આવી સ્થિતીમાં પણ સરકાર સામે કેટલાક પ્રત્યક્ષ અથવા તો પરોક્ષ દબાણ આવતા રહે છે. જેથી આના પ્રભાવી સંચાલન માટે જરૂરી છે કે તે આ બાબતની ખાતરી કરે કે તે વહેલી તકે અને સરળરીતે દેશની પ્રજાને સામાન્ય ન્યાય મળે. કાર્યપાલિકા ઇમાનદારીથી જરૂરી કાર્યવાહી કરે અને ન્યાય તંત્ર લોકોની સંવેદનશીલતાને સમજીને કાયદાનુ નિર્માણ કરે. આ રીતે સંબંધિત ક્ષેત્રોમાં કરવામાં ઉપયાથી કેટલીક હદ સુધી દબાણની સ્થિતીનો સામનો કરી શકાય છે. મોદીને હજુ સુધી આ બાબતનો અનુભવ થઇ ગયો હશે કે કેન્દ્રિય પ્રધાનમંડળમાં કુશળતા નક્કી કરવા માટે એકબાજુ કેન્દ્રિય પ્રધાનો પર કુશળતાપૂર્વક નિયંત્રણ રાખવા પડશે. બીજી બાજુ વ્યાપક રાષ્ટ્રીય હિતમાં રાજ્યોના મુખ્યપ્રધાનોને જરૂરી સ્વાયત્તા આપવી પડશે.

કોરોના કાળમાં સરકારની સાથે રહી મદદ કરે તે તેના માટે સૌથી ઉપયોગી બાબત છે

ગુજરાતમાં જે તે સરકારી તંત્રની કે સરકારની કમીઓ કોણ દૂર કરશે?

કોરોના વાયરસે વિશ્વના દેશોને બેહાલ કરી નાખ્યા છે તેમાં ભારત પણ બાકાત નથી. કોરોના કેસ નોધાવા સાથે શરૂઆત સમયે કેન્દ્રના આરોગ્ય મંત્રાલયે કહ્યું હતું કે કોરોના વાયરસથી કોઈએ ગભરાવાની જરૂર નથી.... આજે જુઓ ભારતની હાલત બધા ક્ષેત્રે ચારેબાજુથી મુશ્કેલરૂપ બનાવી દીધી છે. દેશભરમાં ગઈ કાલે સાંજ સુધીમાં ૫૯,૧૦૦ કોરોના દર્દીઓ નોંધાયા છે જ્યારે મૃતાંક ૧૯૦૭ થયા છે. અને રોજેરોજ કોરોના અને મૃતાકની સંખ્યા વધતી જ જઈ રહી છે ત્યારે કેન્દ્રના આરોગ્ય મંત્રાલયના પ્રવક્તા કહે છે " કોરોનો સાથે જીવન જીવતા શીખવું પડશે દેશમાં કોરોના કૈસો બમણો થવાનો દર ૧૨ પરથી ઘટીને ૧૦ દિવસ થયો છે." તે સાથે કહે છે કે સરકારે જાહેર કરેલ માર્ગદર્શિકા નું પાલન કરવામાં આવે તો ભારતમાં કોરોના ફેલાવવાના સમયને ટાળી શકાશે. પરંતુ કેન્દ્ર સરકાર કે દેશના જે તે રાજ્યોની સરકારો જરૂરી નિર્ણયો લેવામાં મોડી પડી છે તેનુ શુ.....? ગુજરાતની વાત કરું તો અમદાવાદ રેડ ઝોનમા માત્ર મેડિકલ સ્ટોર અને દૂધના ધંધાને છૂટ આપવામાં આવી પરંતુ કેમિસ્ટો માટે સ્કિનીંગ ફરજીયાત કરાવવાની શરત રાખી છે...જે સારામાં સારી વાત છે... પરંતુ કેમિસ્ટોને ધંધા માટે સમય મળે ૩ થી ૪ કલાક અને સ્કીનીગ કરાવવા જાય તો શરૂ થાય બાય બાય ચાયણી.... જેમાં દોઢથી બે કલાક બગડે જે સ્થળે બોલાવ્યા હોય ત્યાથી તેઓને બીજા સેન્ટર મોકલે જ્યા સ્કીનિગ કરવાની વાત જ નહીં માત્ર થર્મલ ગનથી ટેમ્પરેચર જ માપવામાં આવે છે અને પ્રમાણપત્ર આપી દેવામાં આવે છે. આને કેન્દ્રનું આરોગ્ય મંત્રાલય શું કહેશે....? ખરેખર તો કેન્દ્રએ જાહેર કરેલા કોરોના રોકવા બાબતે તેના નિયમોનું પાલન આરોગ્ય તંત્રએ કડકાઈથી કરવાની જરૂર છે..... અને સલાહ આપે છે આમ પ્રજાને.... આને આરોગ્ય તંત્રની લાલિયાવાડી ન કહેવાય તો શું કહેવાય.....? વડાપ્રધાન શ્રીમોદીજીએ આમ પ્રજાને સલાહ આપુ હતી તેનું મોટાભાગે પાલન થયું.... પરંતુ કેટલાક ભણેલા-ગણેલા નાસમજદારોને રેડ ઝોનમાં અને ઓરેન્જ ઝોનમાં રખડનારાઓને કે ટહેલવા નિકળનાઓને રોકવા કર્ફ્યુ નાખવા સાથે દેખો ત્યાં ઠાર કરવાનો અમલ કરવાની જરૂર હતી...લોકોની પણ ઈચ્છતા હતા..... વિશ્વમાં આજે ગાંધીજી કે મંડેલા જેવા કદાવર નેતાઓની કમી છે... આવા નેતાઓ લોકોને અપીલ કરીને સુલભ એકતાના સૂત્રથી બધાને બાંધી શકે..... પરંતુ ટ્રમ્પ, જીન પીગ,મર્કેલના વિશ્વમાં આમ થવા સંભવ નથી.....! અને આવી સ્થિતિ લોકોને ભયના ઓથાર માં મૂકી દે છે.....!

કેન્દ્ર સરકારની lockdown ના ૪૦ દિવસે જે તે રાજ્ય માં પર પ્રાંતીઓને વતન જવાની જાહેરાત કરી તે સાથે ટિકિટભાડું લેવામાં નહીં આવે તેમ પણ કહ્યું હતું..... પરંતુ બન્યું બધુ ઉલટુ.... મોદીજીની વાત રેલવે મંત્રાલયે કાને ન ધરી.... પછી ૮૫% કેન્દ્ર અને ૧૫% રાજયો આપશે તે વાતનો અમલ ન થયો..... આને શું કહેવાય.....? અયોગ્ય નિર્ણય કે બીજું કાંઈ.....? અત્યારે દેશભરમાં પર પ્રાંતિઓ પોતાના વતન તરફ ભાગવા લાગ્યા છે.... કારણ સરકારની વિનંતી છતાં તેઓ જ્યા કામ કરતા ત્યાં પગાર કે નાણાં મળ્યા નથી. તો ખાવા માટે અનાજ કે કોઈ મદદ માલીકોએ કરી નહીં....! જેથી ભૂખના માર્યા વતનની વાત પકડવા લાગ્યા છે.... જે હવે પછી આવનાર સમયમા દરેક રાજ્યોને ભારે મોટું નુકસાન કરશે.....! દેશના વિકાસને અને મેક ઈન ઈન્ડિયાને ભારે બ્રેક લાગી જશે તેમાં બેમત ન હોઈ શકે.....! કારણ પર પ્રાંતીય મજૂરોને કારણે દેશભરમાં દરેક ક્ષેત્રના ઉદ્યોગો ધમધમતા હતા તે વાતનો અનુભવ ર્ઙ્કષ્ઠાર્ઙ્કહ સમયમાં નિયમોને આધિન કેટલાક વિસ્તારો માટે ધંધા-ઉદ્યોગ ખોલવાની છૂટ આપી અને તેમાં મજૂરી કરતા તે કામ કરનારા પરપ્રાંતીઓ દેખાયા નહી ત્યારે થયો....!કારણ આ પર પ્રાતિય કામદારોજ તેમના હાથ પગ હતા....અને વ્યાપાર ઉદ્યોગ વાળા મજૂરોને અટકાવવા માટે કેન્દ્ર પાસે માગ કરી પણ હવે ઘણું મોડું થઈ ગયું છે.... ઉપરાત તેઓએ એવી માંગ પણ કરી કે ત્રણ વર્ષ માટે શ્રમ કાયદાઓનો અમલજ નહિ કરવાનો તથા કામના કલાક ૧૨ કરવા સાથે ૫૦ ટકા કર્મચારીઓ સાથે કામ કરવાની મંજૂરી આપવાની..... પરંતુ જ્યારે કોરોનાએ ગતિ પકડી ન હતી ત્યારે જે-તે ઉદ્યોગ ધંધાર્થીઓએ પોતાના કામદારો માટે ખાવા-પીવાની વ્યવસ્થા ન કરી તો કેટલાકે પગાર કે મજૂરીનાં નાણા ન આપ્યા તે બાબત પર પ્રાતીઓ ભુલશે ખરા.....? મતલબ હાથે કરીને પોતાના જ પગમાં કુહાડો માર્યો છે....! એટલે હવે ભોગવ્યે છૂટકો.....!

ગુજરાતમાં રેડ ઝોનમાં લોકો કર્ફ્યુ ઈચ્છતા હતા કારણ કે લોકડાઉનનુ પાલન જરૂરી પ્રમાણમાં થતું ન હતું..... તેને કારણે ગુજરાતમાં કોરોના કેસોની સંખ્યા ૭૪૦૮ પર પહોંચી ગઈ છે મૃતાક ૫૦૦ થવા પર દોડી રહ્યો છે. તેમાં પણ અમદાવાદમા માઝા મૂકી છે... કોરોના દર્દીની સંખ્યા ૫,૨૬૮ અને મૃતાક ૩૪૭ પહોંચી ગયો છે. રૂપાણી સરકારે રેડ ઝોન અને ઓરેન્જ ઝોન નક્કી કરવા સાથે કર્ફ્યુ મૂક્યો હોત તો આટલા કેસ ન થયા હોત....! લોક ઈચ્છા પણ કર્ફ્યુ મૂકવાની હતી.... પરંતુ રૂપાણી સરકાર જમીન સ્તરે નજર માંડતી નથી કે લોકોનુ સાંભળતી નથી.... તેવું લોકો કરી રહ્યા છે....! જોકે કેન્દ્રમાં રજૂઆત બાદ હોસ્પિટલો, દવાખાના, અધિકારીઓ વગેરેમા બદલાવ કરવામાં આવ્યો..... અને અન્ય ખાનગી દવાખાના-હોસ્પિટલો ખોલવા તાકીદ કરી.... છતાં કરોડોનાની ઝડપ નથી અટકતી.....! અત્યારે પર પ્રાતીઓ વતન જવા દોડી રહ્યા છે.... પરંતુ સાબરમતી સ્ટેશન તેમને છાયો મળે તે માટે મંડપ, ટોયલેટ વાન, પીવાના પાણીની, ખાવા-પીવાની કોઈ સુવિધા નથી તેમજ તેમને સાચું માર્ગદર્શન પણ કોઈ આપતું નથી..... જે ગુજરાત આતિથ્ય માટે નામના ધરાવે છે તે આ ઘટનાને લઈને ગુજરાત તેની નામના ગુમાવશે... ! કારણ પર પ્રાંતીઓ હવે ગુજરાત આવવા માટે તૈયાર નથી... તેઓ પોતે જ આ વાત કરે છે. આવા સમયમા ગુજરાત સરકારના મંત્રીઓ, ધારાસભ્યો, કોર્પોરેટરો પ્રજાથી "ઓઝલ થઈ ગયા છે" (જો કે કેટલાક અપવાદ રૂપ પણ છે) તેમને પ્રજાની વચ્ચે ફરજિયાત પણે ઉતારો... તેઓ લોકોની તકલીફોની વાત રૈ સરકારને જણાવે તો.... રૂપાણી સરકારને ધારી સફળતા મળશે.....! પરંતુ રૂપાણીજી આ બાબતે આકરા પાણીએ થશે ખરા.....? વંદે માતરમ્

ગુજરાત ઉદ્યોગકારો ગેસના બીલ ૧૫ દિવસના ૪ હપ્તામાં ભરી શકશે

કોરોના સંકટમાં રૂપાણી સરકારે ગેસ વપરાશકાર ઉદ્યોગોને આપી રાહત

૧૫મી માર્ચ પછીનાં ગેસનાં બીલની ડ્યૂ ડેટને ૧૦મી મે કરાઈ

ગાંધીનગર

કોરોના કહેર વચ્ચે મુખ્યમંત્રીના અગ્ર સચિવ અશ્વિની કુમારે પોતાના બુલેટિનમાં રાજ્યની સ્થિતિ વિશે ચિતાર આપ્યો હતો. તેમણે જણાવ્યું છે કે ગુજરાતમાં ઘણા ઉદ્યોગો એવા છે જે ગુજરાત ગેસનો ઉપયોગ ઉદ્યોગો માટે કરે છે. ઉદ્યોગો માટે ગુજરાત ગેસની બીલમાં રાહત આપવામાં આવી હોવાની જાહેરાત કરી હતી. ગુજરાત ગેસના ગેસ વાપરતા હોય માર્ચના બીજા પખવાડિયામાં જે કોઈપણ બીલ ડ્યૂ થતા હતા એ તમામ બીલોની ડ્યૂ ડેટ ૧૦મી મે કરવામાં આવી છે. ૧૦ મેના દિવસે ગેસના ચાર્જ ડ્યૂ થાય તેને ભરવા માટે ૨૩ જૂન સુધી ૧૫ દિવસના ચાર હપ્તા કરી આપવામા આવ્યા છે. કોરોનાની સ્થિતિને ધ્યાનમાં રાખીને એપ્રિલ મે અને જૂન ત્રણ મહિના માટે એમજીઓમાંથી ઉદ્યોગોને મુક્તિ આપવામાં આવી છે.

સરકાર દ્વારા આપવામાં આવેલી રાહત

૧૫ માર્ચ પછીના ગેસના બિલની ડ્યુ ડેટ ૧૦ મે કરવામાં આવી

૧૫-૧૫ દિવસના ગેસના બિલના ૪ હપ્તા કરી આપવામાં આવ્યા

૧૦ મેના ગેસના ચાર્જ ડ્યુ થાય તેને ૨૩ જુલાઈ સુધઈનો સમય

મિનિમમ ફિક્સ ચાર્જમાંથી મુક્તિ

૧૦ મે સુધી બિલ ન ભરી શકનાર કંપની ૨૩ મે સુધી બિલ ભરી શકશે

ગાંધીનગર અને કલોલ શહેર રવિવાર સુધી સંપૂર્ણપણે લોક કરાયુ.

માત્ર દવા અને દુધની દુકાનો જ ખુલ્લી રહેશે. કરિયાણા અને શાકભાજી બંધ

તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાતમાં રોકાણ કરવા ઈચ્છતી કંપનીને લેબર લોમાંથી મુક્તી આપવાની જાહેરાત કરી હતી. કંપનીના નવા પ્રોજેક્ટમાં ૧૨૦૦ દિવસ લેબર લોમાંથી મુક્તિ આપવામાં આવશે. પરંતુ કંપનીએ ન્યૂનતમ વેતન, સેફ્ટી આપવી જરૂરી છે. દુર્ભાગ્યવશ એકમમાં દુર્ઘટનામાં શ્રમિકને નુકસાન થાય તો વળતર ચુકવવું પડશે. નવી રોજગારીનું સર્જન કરતા એકમને સમાન લાભ આપવાની જાહેરાત કરાઈ છે. પરંતુ કોઈપણ રાજ્યની કંપની ઉદ્યોગ લઈને આવે તો તેને લાભ મળશે.

મોરબીમાં સિરામિક ઉદ્યોગ અને સાઉથ ગુજરાતના નાન ઉદ્યોગો, સૌ ઔધ્યોગિક ગ્રાહકો માટે ચાર મહત્વના નિર્ણય લીધા છે. ગુજરાત સરકારે નક્કી કર્યું છે કે રાજ્યમાં જે પણ મેડિકલ અને પેરામેડિકલ સ્ટાફ હાલ કામ કરી રહ્યો છે અને કોરોનાના દર્દીઓની સેવામાં રોકાયો છે તેમને વધારાનું વળતર ચૂકવવામાં આવશે. તબીબોને ૨૫,૦૦૦, નર્સિંગ અને અન્ય પેરામેડિક સ્ટાફને ૧૫,૦૦૦ જ્યારે અન્ય ટેકનિશિયન કે વોર્ડના કર્મચારીઓને ૧૦,૦૦૦ પ્રતિમાસ વળતર અપાશે. ૧૫મી માર્ચ પછીનાં ગેસનાં બીલની ડ્યૂ ડેટને ૧૦મી મે કરાઈ છે. ૧૦ મે સુધી ડ્યૂ થતાં ગેસ બીલ માટે ૧૫-૧૫ દિવસનાં ચાર હપ્તા કરાયા છે. રાજ્ય સરકારનો વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય, લેટ પેમેન્ટ પર વ્યાજનાં દર ૧૮ ટકાથી ઘટાડીને ૧૦ ટકા કરાયો.

રાજયમાં વધુને વધુ બિઝનેસમેન આવીને પોતાના ઉદ્યોગો સ્થાપે તેવી મુખ્યમંત્રી રૂપીણી દ્વારા મહત્વના નિર્ણય કરવામાં આવ્યા છે. તેમાં તે પણ નિર્ણય કરવામાં આવ્યો છે કે, જો કોઈ કંપની નવો પ્રોજેક્ટ લઈને આવે તો ૧૨૦૦ દિવસ સુધી તેને લેબર કાયદામાંથી છુટછાટ આપવામાં આવી છે. નવા ઉદ્યોગોમાં સેફ્ટીના તમામ નિયમોનુ પાલન કરવામાં આવશે. આ બધાથી સરકાર રાજ્યમાં બેરોજગારી દૂર કરવાના પ્રયાસ કરી રહી છે.

સુરત શહેરમાં ૭૯.૫ ટકા રિકવરી રેટ કુલ ૪૦૦ લોકો હોસ્પિટલથી ડિસ્ચાર્જ

સુરતમાં કોરોના વેચાણ માટે અલગ વ્યવસ્થા કરાશે

સુરત

સુરત મહાનગર પાલિકાના મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ ગઇ કાલે તા.૦૮ મેના રોજ કોરોના બાબતે અદ્યતન વિગતો આપતાં જણાવ્યું હતું કે, શહેરમાં ગઈ કાલે પોઝિટીવ કેસોના ૨૯ વધુ દર્દીઓ સ્વસ્થ થયા હોવાથી ડિસ્ચાર્જ કરાયા છે. કુલ ૪૦૦ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યાં છે, જયારે કુલ ૩૭ દર્દીના મૃત્યુ નોંધાયા છે. ૭૯.૫ ટકા રિકવરી રેટ થયો છે. પોઝિટીવ કેસો પૈકી આજે સૌથી વધુ સુરતના લિંબાયત ઝોનમાંથી ૧૮ કેસો મળી આવ્યા છે. કુલ ૧૪૮૦૯ ટેસ્ટીગ કરાયા છે.

મ્યુ. કમિશનરશ્રીએ વધુમાં જણાવ્યું કે આજની સ્થિતિએ ૧૫૮૧ લોકો હોમ ક્વોરેન્ટાઈન અને વિકેન્દ્રિત ક્વોરેન્ટાઈન સેન્ટરમાં ૪૩૯ લોકો છે. સમરસ ખાતે કોવિડ કેર સેન્ટરમાં ૩૩૪ લોકો છે. લિંબાયતમાં ત્રણ દિવસ સુધી હોમિયોપેથીક દવાનું વિતરણ કરવામાં આવશે. સંવેદના પ્રોજેક્ટ હેઠળ સ્વૈચ્છિક સંસ્થાઓ અને પાલિકા દ્વારા ૪,૧૪,૨૦૦ ફુડ પેકેટનું આજે વિતરણ કરવામાં આવ્યું છે. જેમાં ૧૪,૦૦૦ જેટલી હોમિયોપેથી દવાઓનુ વિતરણ કરવામાં આવ્યુ છે.

હાલની પરિસ્થિતિમાં સ્લમ એરિયામાં સઘન સર્વેલન્સ કરવા સાથે ૩૬ ફિવર ક્લિનિક અને ૧૮૪ વોશ બેસિનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. ૬૦ પ્રચાર ગાડીઓ દ્વારા કોરોના જાગૃત્તિનું કાર્ય કરવામાં આવી રહ્યું છે. હાલ કેરીની સિઝન હોવાથી ખેડુતો કેરીનો પાક વેચી શકે તે માટે એક આગવી વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે. હાલ એપીએમસી માર્કેટ બંધ હોવાથી ખેડુતો પોતાનો પાક પોતાના વાહનમાં આવીને વેચી શકે તે પ્રમાણે વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે. ખેડુતો કેરી વેચે ત્યારે કેરી વિણવાની જગ્યાએ આખુ કેરેટ વેચવામાં આવશે. જો લોકડાઉનનુ ૨૧ દિવસ સુધી વ્યવસ્થિત પાલન કરવામાં આવે તો કોવિડનું ઈન્ફેક્શન ફેલાતું નથી. દરેક નાગરિક પોતાની જવાબદારી નિભાવે અને લોકડાઉનનું સંપુર્ણ પાલન કરે તથા જે ટીમો સર્વેલન્સ માટે આવે તો તેમનો સાથ સહકાર લોકો આપો તેવી વિનંતી મ્યુ. કમિશનર દ્વારા કરવામાં આવી હતી.

શ્રી પાનીએ શહેરીજનોને લોકડાઉનનું પાલન કરવાં તેમજ જરૂરી કામ વિના ઘરથી બહાર ન નીકળવા, માસ્ક અચૂક પહેરવા અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા તેમજ લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગની અપેક્ષા વ્યક્ત કરી હતી.

નોંધનીય છે કે, સુરત જિલ્લામાં ૪૭ પોઝિટીવ કેસો નોંધાયા છે. સુરત શહેરના ૮૦૮ અને જિલ્લાના ૪૭ મળીને કુલ ૮૫૫ કેસો નોંધાયા છે.

લોકડાઉનમાં પણ ચોક્કસ શરતો સાથે સુરતમાં લગ્નોને અપાઈ મંજૂરી

સુરત

કોરોના વાયરસને કારણે એક તરફ શહેરના ઉદ્યોગ ધંધાઓ પર દોઢ મહિનાથી ખંભાતી તાળા જાવા મળી રહ્યા છે તો બીજી તરફ લગ્ન સિઝન પણ સંપૂર્ણપણે નિષ્ફળ ગઈ છે. આમ છતાં કેટલાક પરિવારો દ્વારા કોરોના વાયરસની મહામારીમાં પણ લગ્ન કરવાની તૈયારી દાખવતાં કલેકટર કચેરી દ્વારા આકરી શરતોને આધીન પરમીશન આપવામાં આવી છે. શહેરમાં અત્યાર સુધી ૧૦ અરજીઓ લગ્ન માટે આવી હતી. જેને મંજુરી આપવામાં આવી છે.

શહેરમાં છેલ્લા દોઢ મહિનાથી લોકડાઉન અને કોરોના વાયરસના હાહાકાર વચ્ચે શહેરના વિવિધ વિસ્તારોમાં રહેતા પરિવારો દ્વારા કલેકટર કચેરી સમક્ષ સાદગીથી લગ્ન સમારોહ યોજવા સંદર્ભે અરજીઓ કરવામાં આવી હતી. જે પૈકી કલેકટર કચેરી દ્વારા ૧૦ અરજીઓને મંજુરી આપવામાં આવી છે. કલેકટર કચેરી દ્વારા લગ્ન માટે ચોક્કસ શરતો સાથે મંજૂરી આપવામાં આવી રહી છે. જેમાં વર-વધુ અને તેઓના પરિવારો સહિત ગોર મહારાજ મળીને માત્ર ૧૦ નાગરિકો જ લગ્ન સમારોહમાં ઉપસ્થિત રહેવાની શરત મુખ્ય છે. આ સિવાય લગ્ન સમારોહ દરમ્યાન સોશ્યલ ડિસ્ટન્સિંગ અને માસ્ક - સેનિટાઈઝેશન જેવા અન્ય આવશ્યક નિયમો પણ બન્ને પરિવારોએ પાળવાના રહે છે.

લોકડાઉનમાં આ શરતો ને આધીન લગ્ન કરી શકાશે

- ૧૦ વ્યક્તિઓ લગ્નમાં રહી શકશે હાજર- લગ્ન માટે પ્રાંત અધિકારીની લેવી પડશે મંજૂરી
- લગ્નમાં સંગીત સંધ્યા કે જમણવાર પર પ્રતિબંધ
- કમ્યુનિટી હોલ, પાર્ટી પ્લોટનો ઉપયોગ કરી શકાશે નહી
- મંદિર કે ધાર્મિક સ્થળનો ઉપયોગ કરી શકાશે નહીં
- માસ્ક, સોશ્યિલ ડિસ્ટન્સના નિયમો પણ પાડવા પડશે.

સૌરાષ્ટ્રમાં બીએસએનએલની સેવાઓ ૧૨ થી ૪ વાગ્યા સુધી હેલ્ડઅપ થતા લોકોને હાલાકી

દેશભરમાં બીએસએનએલમાં સ્વૈચ્છીક નિવૃત્તિ યોજના લાગુ થયા બાદ ૧ લાખ ૧૦ હજારથી વધુ કાયમી કર્મચારીઓએ નોકરીને બાય-બાય કર્યા પછી મેઈન્ટેનન્સની મોટાભાગની કામગીરીનું ખાનગીકરણ કરવામાં આવ્યું છે. આ સ્થિતિમાં આજે ચોટીલા, સુરેન્દ્રનગર, વિરમગામ, મહેસાણા સહિતના પાંચ સ્થળે મેજર કેબલ ફોલ્ટ સર્જાતા સૌરાષ્ટ્ર ગુજરાતમાં બીએસએનએલની સેવાઓ બપોરના ૧૨ વાગ્યાથી સાંજે ૪ વાગ્યા સુધી હેલ્ડઅપ થઈ જતાં હજારો લોકોએ હાલાકી ભોગવવી પડી હતી. રાજકોટ-અમદાવાદ વચ્ચે નેશનલ હાઈ-વેનું જે કામ ચાલી રહ્યું છે. સિક્સ લેન રોડ બનાવવાના કારણે રસ્તાની આજુબાજુ જેસીબી દ્વારા મોટી પ્રમાણમાં ખોદકામ ચાલી રહ્યું છે. જેના કારણે ચોટીલા, સુરેન્દ્રનગર, વીરમગામ સહિતના વિસ્તારમાં પથરાયેલા અમદાવાદ સાથેની બીએસએનએલની મેઈન લાઈનમાં ફોલ્ટ સર્જાતા ચાર કલાક સુધી બીએસએનએલની લેન્ડલાઈન, મોબાઈલ, ઈન્ટરનેટ સહિતની સેવા અટકી ગઈ હતી.

રાજય સરકારની જીસ્વાનની કનેક્ટીવીટીનો મુખ્ય આધાર પણ બીએસએનએલની ઈન્ટરનેટ સેવા સાથે જોડાયેલો હોવાથી જીસ્વાન કનેક્ટીવીટી ફોલ્ટમાં જતા ઓનલાઈન પાસની મંજૂરી આપવાનું સરકારી કામ પણ અટકી પડયું હતું. સાંજના ૪ વાગ્યા બાદ ફોલ્ટ રીપેર થઈ જતાં કોમ્યુનિકેશનની સેવાઓ પૂર્વવત થઈ હતી.

અમદાવાદમાં કોરોનાને નાથવા હવે ક્રેન મારફતે સેનેટાઈઝીંગની કામગીરી હાથધરાઈ

અમદાવાદ

અમદાવાદમાં વધી રહેલા કોરોનાના કેસને લઈને કોર્પોરેશન હવે ફુલ એકશન મોડમાં આવી ગયું છે અને કોટ વિસ્તારોમાં હવે ક્રેન મારફતે સેનેટાઈઝીંગનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે. ફાયરવિભાગ દ્વારા ક્રેન મારફતે છંટકાવ કરવામાં આવી રહ્યો છે અને મોટા ભાગે ગીચ વિસ્તારોમાં આ કામીગીરી કરવામાં આવી રહી છે. ક્રેન મારફતે સેનેટાઈઝીંગની કામગીરી કરવામાં આવી રહી છે. કોર્પોરેશનની ઓફિસ અને ઢાળની પોળ વચ્ચેનો આ વિસ્તાર છે જયા આ રીતે હવામાં સેનેટાઈઝીંગનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે અને હવામાં સેનેટાઈઝીંગ કરીને હવાને શુદ્ધ કરવાની કામગીરી પણ કરવામાં આવી રહી છે. સાથેજ જુદી જુદી પોળમાં ડ્રોન મારફતે હવે સેનેટાઈઝીંગ કરવામાં આવી રહ્યું છે.

સવારમાં ૩ કલાક અને સાંજે ૩ કલાક એમ દરરોજ ૬ કલાક હવે તંત્ર દ્વારા આ રીતે સેનેટાઈઝીંગ કરવામાં આવશે અને અંદાજે ૪૦થી વધુ ક્રેન મારફતે અમદાવાદના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારમાં આ રીતે સેનેટાઈઝીંગની કામગીરી દરરોજ કરવામાં આવશે. અમદાવાદ શહેરમાં સતત વધી રહેલા કોરોનાના કેસને ધ્યાનમાં રાખીને કોર્પોરેશને આજથી મેગા સેનિટેશનની કામગીરી શરૂ કરી છે. જમાલપુર વિસ્તારમાં સવારથી આ કામગીરી શરૂ કરાઈ છે. સેનિટેશનની કામગીરીમાં રેડઝોનના વોર્ડને અગ્રીમતા આપવાનુ નક્કી કરાયુ છે. મ્યુનિસિપલ કમિશનર તરીકે ચાર્જ સંભાળતાની સાથે મુકેશકુમાર દ્વારા કમિશનર વિજય નહેરાની પધ્ધતિથી અલગ બાબતો ઉપર ભાર મુકયો છે. કમિશનરે અમદાવાદ શહેરમાં કોરોના કેસનુ સંક્રમણ ઘટાડવા,દર્દીઓને આપવામાં આવતી સારવારને વધુ ઝડપી અને સારી બનાવવાની સાથે મોતના વધતા આંકડાને ઘટાડવા ઉપર ભાર મુકયો છે. ચૂંટાયેલા કોર્પોરેટરો પોત પોતાના વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિથી વાકેફ હોતા હોવાથી તેમને પણ કામગીરીમાં સાથે રાખવા કહ્યુ છે. શહેરના અલગ અલગ વોર્ડમાં ફાયર વિભાગ દ્વારા મેગા સેનિટેશનની કામગીરી હાથ ધરાશે. વિશેષ કરીને જે વોર્ડ વિસ્તારો રેડઝોનમાં છે એવા વિસ્તારોને અગ્રીમતા અપાશે.

ઈન્ડિયા પોસ્ટ આખા દેશમાં કોરોના ટેસ્ટિંગ માટે કોવિડ-૧૯ ટેસ્ટિંગ કિટને લેબમાં ડિલીવરી કરશે

અમદાવાદ

આખુ વિશ્વ આ સમયે કોરોના વાયરસની સામે ઝઝૂમી રહ્યું છે, અમેરિકાથી લઈને ઈટાલી, સ્પેન અને બ્રિટન જેવા વિકસિત દેશો બાદ ભારત પર પણ આનો પ્રભાવ ધીમે ધીમે વધી રહ્યો છે.ભારત સરકાર આને નિયંત્રણમાં રાખવાનો પ્રયાસ કરી રહી છે, અને આ અંતર્ગત સરકાર દ્વારા એક મોટુ પગલુ ભરવામાં આવી રહ્યુ છે.

સરકારના મતે ભારતના દરેક વિસ્તારમાં કોરોના ટેસ્ટિંગ કિટ પહોંચાડવી પ્રાથમિકતા અને અનિવાર્યતા છે, જેથી આ બિમારીની દરેકને ખબર પડી શકે. આના પર વિચાર કરતાં ભારતીય ચિકિત્સા અનુસંધાન પરિષદ (આઈસીએમઆર) અને ઈન્ડિયા પોસ્ટે ગઠબંધન કર્યુ છે. ઈન્ડિયા પોસ્ટ આખા દેશમાં કોરોના વાયરસ ટેસ્ટિંગ માટે કોવિડ-૧૯ ટેસ્ટિંગ કિટને પોતાના ૧૬ ક્ષેત્રિય ડેપોથી ૨૦૦ અતિરિક્ત લેબમાં ડિલીવરી કરશે. એક સત્તાવાર નિવેદનમાં કહેવાયુ છે કે આઈસીએમઆરે એક દિવસમાં આખા દેશમાં એક લાખ ટેસ્ટ કરવાનુ લક્ષ્ય રાખ્યુ છે. આ મહત્વના કામ માટે ૧૫૬૦૦૦ પોસ્ટ ઓફિસના મોટા નેટવર્કની સાથે ઈન્ડિયા પોસ્ટ કોવિડ-૧૯ વૉરિયર્સમાં ફેરવાઈ જશે. સત્તાવાર નિવેદનમાં કહેવાયુ છે કે ટેસ્ટિંગ કિટ્સની ડિલીવરીની સૂચના લેબના પ્રતિદિનના આધાર પર વૉટ્સએપ દ્વાર આપવામાં આવશે.ઈન્ડિયા પોસ્ટ કોલકત્તા, રાંચી, પટના, જોધપુર, અજમેર, જયપુર, ઈન્ફાલ અને આઈજોલ સહિતની અન્ય જગ્યાઓ પર ડિલીવરી કરી ચૂક્યુ છે. આ કિટ્સ એક ડ્રાઈ આઈસમાં પેક કરવામાં આવી હતી.

અમદાવાદમાં કોરોના કોમ્યુનિટી ટ્રાન્સમિશનનો ભય, ICMRની ખાસ તૈયારી

દરેક જિલ્લામાં શ્વાસની બીમારી, ઈન્ફ્લૂએન્જાના ૨૫૦ સેમ્પલોની તપાસ

અમદાવાદ

દેશમાં કોરોના વાયરસ સંક્રમણના કુલ કેસ અંદાજે ૬૦ હજારની આસપાસ પહોંચી ચૂક્યા છે. હજુ પણ ૨૦૦થી વધુ એવા જિલ્લા છે જે કોરોનાથી અછૂત છે. બીજીબાજુ કેટલાંય એવા જિલ્લા છે જે કોરોના સંક્રમણના ગઢ બની ચૂકયા છે. દેશમાં અંદાજે ૭૭૫ જિલ્લામાં કોવિડ-૧૯ના મોટાભાગે કેસ છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ હવે આ ૭૫ જિલ્લામાં સ્ટડી શરૂ કરવાની યોજના બનાવી રહ્યું છે જેથી કરીને જાણી શકાય કે કયાંક આ જિલ્લાઓમાં કોમ્યુનિટી ટ્રાન્સમિશન તો શરૂ નથી થયું ને? સ્વાભાવિક છે કે કોમ્યુનિટી ટ્રાન્સમિશનની આશંકાવાળા તમામ ૭૪૫ જિલ્લા રેડ ઝોનનો હિસ્સો છે. તેમાં દિલ્હીના તમામ જિલ્લા, મુંબઈ, પૂણે, થાણે, આગ્રા, અમદાવાદ જેવા ક્ષેત્ર સામેલ છે. દાખલા તરીકે મુંબઈમાં ૧૨૦૦૦થી વધુ કેસ છે. દિલ્હીમાં ૬૦૦૦થી વધુ તો અમદાવાદમાં ૫૦૦૦ પ્લસ કેસ છે. પૂણે અને થાણેમાં ૨૦૦૦થી વધુ કેસ છે. ઈન્દોરમાં ૧૭૦૦થી વધુ, જયપુરમાં ૧૦૦૦થી વધુ, જોધપુર અને સુરતમાં ૮૦૦-૮૦૦ કેસ અને આગ્રામાં ૭૦૦થી વધુ કોરોના કેસ છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે પણ તમામ રાજ્યોને કહ્યું કે તેઓ દરેક જિલ્લામાં સિવિયર એક્યૂટ રેસ્પિરેટરી ઈલેનસ એટલે કે શ્વાસ લેવામાં સમસ્યા અને ઈન્ફ્લૂએન્જા જેવી બીમારીઓવાળા લોકોને કમ સે કમ ૨૫૦ સેમ્પલોના ટેસ્ટ કરો. કેન્દ્ર આવો નિર્દેશ એટલા માટે આપ્યો કે જેથી કરીને વાયરસના ફેલાવા પર નજર રાખી શકાય અને તેના પર યોગ્ય રીતે નજર રાખી શકાય. અધિકારીઓએ કહ્યું કે શરૂઆતમાં આઈસીએમઆરનો પ્લાન હતો કે કલસ્ટરવાળા કે ખૂબ વધુ કેસોવાળા જિલ્લામાં આ પ્રકારના સ્ટડીને રેપિડ એન્ટી-બોડી ટેસ્ટ કિટ્સ દ્વારા તપાસ કરવામાં આવે. જો કે જ્યારે આ કિટસના પરિણામોમાં વિસંગતતાઓ જોવા મળવા લાગી ત્યારે આ પ્લાનને સ્થગિત કરી દેવાયો. હવે કાઉન્સિલની યોજના છે કે આ ૭૫ જિલ્લામાં એન્જાઈમલિંક્ડ ઈમ્યૂનોસોર્બેંટ અસે ટેસ્ટ કિટસ દ્વારા સ્ટડી કરવામાં આવે.

પાટનગરમાં પણ કોરોનાનો ચેપ વધતા વહીવટી તંત્ર દ્વારા લેવાયું કડક પગલું

અમદાવાદની જેમ હવે ગાંધીનગરમાં પણ માત્ર દૂધ અને દવાની દુકાનો જ ખુલ્લી રહેશે

ગાંધીનગર

ગણતરીના દિવસો પહેલા ગ્રીન ઝોનમાં જોવા મળેલ ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં કૂદકે ને ભૂસકે કેસ વધી રહ્યાં છે. ગાંધીનગરમાં કુલ કેસ ૧૦૦ નજીક પહોંચતા હવે તંત્ર હરકતમાં આવ્યું છે. સમગ્ર શહેરને શટડાઉન કરવાનો નિર્ણય કર્યો છે અને રવિવારથી સમગ્ર શહેર બંધ જોવા મળશે. જોકે દૂધ અને દવાની દુકાનો ખુલ્લી રહેશે પરંતુ કરીયાણા અને શાકભાજીની લારીઓ, દુકાનો નહી ખુલે. આમ અમદાવાદ શહેરને અડીને આવેલા ગાંધીનગરના ગામડાઓ બાદ હવે ગાંધીનગર શહેરને પણ સંપૂર્ણ રીતે શટડાઉન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. કલોલમાં કોરોનાનો કહેર યથાવત જોવા મળી રહ્યો છે. આજે અહીયા વધું ૬ પોઝિટીવ કેસ નોંધાયા છે. જેથી કલોલને આગામી ૧૭મે સુધી સંપૂર્ણ લોકડાઉન કરવાની જાહેરાત કરવામાં આવી છે. જિલ્લા કલેક્ટરના આદેશ બાદ જીનવજરૂરી ચીઝ વસ્તુની દુકાન ખુલ્લી રહેશે.

કલોલમાં આજે તમામ કેસ હિંમતલાલ પાર્કમાંથી સામે આવ્યા છે. આ સાથે જ અહીયા કુલ પોઝિટીવ કેસની સંખ્યા છેલ્લા ૫ દિવસમાં ૨૦ ઉપર પહોચી છે. જેના કારણે આરોગ્ય વિભાગની ચિંતામાં વધારો જોવા મળી રહ્યો છે. કારણકે કલોલમાં લોકડાઉનનો પણ લોકો ભંગ કરી રહ્યા છે. સાથે જ અહીયા સોશિયલ ડિસટન્સીંગનો પણ ભંગ થઈ રહ્યો છે. ગાંધીનગર જિલ્લાના અમદાવાદની સરહદ પર આવેલા ગામોને સંપૂર્ણપણે લોકડાઉન કરવામાં આવ્યા છે.

અડાલજ, વાવોલ, ઝુંડાલ, કુડાસણ, ભાટ, કોટેશ્વર અને નાના ચિલોડા ગામોને ૧૭ મે સુધી સંપૂર્ણપણે લોકડાઉન કરવામાં આવ્યા છે. લોકડાઉન દરમ્યાન દૂધ અને મેડિકલ સિવાયની તમામ દુકાનો બંધ રહેશે. કોઈ પણ ગ્રામજનોને કામ વગર બહાર ન નીકળવા જિલ્લા વિકાસ અધિકારીએ તાકીદ કરી છે. લોકડાઉનનો ભંગ કરનાર વ્યક્તિ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

અમદાવાદની થિયરી પર જ ગાંધીનગરમાં લોકડાઉન લાગુ થઈ શકે છે. સાંજે જાહેર થનાર જાહેરનામામાં માત્ર દવા અને દૂધની જ દુકાનો ખુલ્લી રાખવાની પરવાનગી મળી શકે છે. કરિયાણા અને શાકભાજીની દુકાનો સંપૂર્ણપણે બંધ રાખી લોકડાઉનનું ચુસ્ત અમલીકરણ કરાવવા તંત્ર સજ્જ બન્યું છે.

મેં મહિનાના અંતમાં ટીમોના સત્ર પૂર્વ ટ્રેનિંગ શરુ કરવાની તૈયારી ક્રિકેટ ઓસ્ટ્રેલિયા

મેલબોર્ન

કોરોના વાયરસ ના કારણે છેલ્લા કેટલાક સમયથી ક્રિકેટની રમત બંધ છે. ક્રિકેટર ઘરમાં કેદ થવા મજબૂર બન્યા છે. કોઈને ખબર નથી કે મેદાનમાં ક્યારે ઉતરી શકશે. જોકે કોરોનાના કહેર વચ્ચે ક્રિકેટર્સને રાહત આપનાર અને આશા જગાવનારા એક સમાચાર સામે આવ્યા છે. એક રિપોર્ટ પ્રમાણે ક્રિકેટ ઓસ્ટ્રેલિયા (સીએ) આ મહિનાના અંતમાં ટીમોના સત્ર પૂર્વ ટ્રેનિંગ શરુ કરવાની તૈયારી કરી રહ્યું છે અને કોવિડ-૧૯ મહામારીથી ખેલાડીઓની સુરક્ષા માટે નવા ટ્રેનિંગ નિયમો બનાવી રહ્યું છે.

રિપોર્ટ પ્રમાણે સીએ પોતાના મુખ્ય મેડિકલ અધિકારી ડો. જોન આર્ચર્ડ, ખેલ વિજ્ઞાન અને ખેલ મેડિસિન પ્રમુખ એલેક્સ કોંટૂરિસના અંડરમાં ટ્રેનિંગ શરુ કરવાની રણનિતી બનાવી રહ્યું છે. આ બંને ક્રિકેટ રમનાર અન્ય દેશોના પોતાના સમકક્ષો સાથે મળીને કામ કરી રહ્યા છે. આ સિવાય ઓસ્ટ્રેલિયા સરકાર અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદની સમિતિઓના સભ્ય પણ છે. જે રમતને ફરીથી શરુ કરવા માટે રીત શોધવાનો પ્રયત્ન કરી રહ્યા છે.

રિપોર્ટ પ્રમાણે હાલ સીએની પ્રાથમિકતા ખેલાડીઓના ટ્રેનિંગના નિયમો તૈયાર કરવાની છે. જેમાં ટ્રેનિંગ દરમિયાન બોલને ચમકાવવા માટે લારના ઉપયોગને પ્રતિબંધ કરવો પણ સામેલ છે. કોંટૂરિસે કહ્યું છે કે કોરોના વાયરસના કારણે ઉભી થયેલી સ્થિતિ ક્રિકેટ જેવી રમતની ટ્રેનિંગ પર વધારે અસર પડશે નહીં. નેટ્સ પર ખેલાડીઓ વચ્ચે ડિસ્ટન્સ હોય છે. દરેક નેટ પર બે કે ત્રણ બોલર હોય છે. એક સમયે એક બોલર બોલ ફેંકે છે અને બેટ્સમેન ૨૨ ગજ દૂર હોય છે. જેથી આ મોટી સમસ્યા રહી નથી. કોવિડ-૧૯ના કારણે સામાજિક ડિસ્ટન્સ જરુરી છે. આવા સમયે ખેલાડી ઉજવણી કરવાની નવી રીત શોધી લેશે.

મધર્સ ડે' પર સ્પેશિયલ ગિફ્ટ લઈને આવી રહ્યા છે આયુષ્માન ખુરાનાથી લઈને શંકર મહાદેવન અને શાન

મુંબઈ

૧૦ મે એટલે કે રવિવારે મધર્સ ડે છે. આ સ્પેશિયલ દિવસે આયુષ્માન ખુરાના 'મા' ટાઈટલ પર બનેલું એક સોન્ગ શેર કરવાનો છે. આ ઉપરાંત સિંગર શંકર મહાદેવન અને શાન પણ આ દિવસને વધારે સ્પેશિયલ બનાવવા માટે એકદમ તૈયાર છે. આયુષ્માનાને મધર્સ ડે સ્પેશિયલ સોન્ગ વિશે જણાવ્યું કે, એક માતા પોતાના બાળકો પર કોઈ પણ શરત વગર પ્રેમ વરસાવે છે અને જે પણ આપણા માટે બલિદાન આપે છે,

તેમના માટે દરેક દિવસ મધર્સ ડે કહેવાવો જોઈએ, જો કે એક સ્પેશિયલ દિવસ પોતાની માતાને સમર્પિત કરવો એ ઘણું સારું છે. આ વર્ષે મધર્સ ડે પર હું દરેક માતાને ડેડીકેટ કરીને 'મા' ટાઈટલ પર એક સોન્ગ પોસ્ટ કરવાનો છું. હું હંમેશાં આપણા સૌનું ધ્યાન રાખનારી, ઉછેર કરનારી શક્તિનાં વખાણમાં સન્માનપૂર્વક ગાતો રહીશ. આયુષ્માન પોતાના મિત્ર અને સંગીતકાર રોચક કોહલીની સાથે મળીને આ ગીત પર કામ કરી રહ્યો છે. રોચક આ સોન્ગમાં પોતાનો અવાજ પણ આપશે. આ સોન્ગની કડીઓ ગુરપ્રીત સૈનીએ લખી છે. તો બીજી તરફ સિંગર શંકર મહાદેવન અને શાને 'ગો નટ્સ' એપ્પનો ઉપયોગ કરીને મધર્સ ડે માટે એક પર્સનલાઈઝ્ડ વીડિયો તૈયાર કર્યો છે જેમાં બંનેએ પોતાના અવાજમાં સોન્ગ ગાયું છે. પોતાના અપકમિંગ પ્લાન વિશે શંકરે કહ્યું કે, અમારા માટે ક્યાંય રોકાયા વગર કામ કરનારી મા આપણા પરિવારનો પાયો છે. તેમના આ કામને પ્રોત્સાહન આપવું અને સેલિબ્રેટ કરવું જરૂરી છે.

જેકલીન ફર્નાન્ડિસ સાથે સલમાન ખાન વધુ એક સોન્ગ 'તેરે બિના' કરશે રિલીઝ

મુંબઈ

પ્યાર કરો ના બાદ સલમાન ખાન હવે પોતાનું નવું એક સોન્ગ તેરે બિના રિલીઝ કરવા જઈ રહ્યો છે. જેમાં સલમાન ખાન અને જેકલીન ફર્નાન્ડિસ જોવા મળશે. અત્યારે સલમાન ખાન લોકડાઉન દરમિયાન પોતાના પનવેલવાળા ફાર્મહાઉસ પર રહી રહ્યો છે અને તેની સાથે જેકલીન, યૂલિયા વંતૂર, આયુષ શર્મા અને તેની ફેમિલી ઉપરાંત પણ કેટલાક લોકો રહી રહ્યા છે. વલૂશાએ આ સોન્ગ માટે સલમાન અને જેકલીનનો ઈન્ટરવ્યૂ લીધો હતો. જેમાં તેમણે આ સોન્ગ વિશે જણાવ્યું છે. સલમાને પોતાના આ સોન્ગ વિશે જણાવતા કહ્યું કે, આ સોન્ગ ઘણા સમયથી મારા મગજમાં હતું અને પછી મને વિચાર આવ્યો કે તેને અત્યારે જ રિલીઝ કરી દઈએ.

સલમાને ઈન્ટરવ્યૂમાં કહ્યું કે આ એવું સોન્ગ છે કે જે કોઈ પણ ફિલ્મમાં ફિટ નથી થઈ શકે તેમ. તેથી તેમણે તેને અલગથી રિલીઝ કરવાનો નિર્ણય લીધો છે. જેકલીને કહ્યું કે આવા કોઈ સોન્ગને શૂટ કરવા માટે પહેલા ઘણા બધા લોકોની જરૂર પડતી હતી પરંતુ આ સોન્ગ માટે ફક્ત ત્રણ લોકોએ જ બધુ જ કામ કર્યું છે. હું ખુદ સોન્ગને ગાવાની સાથે સાથે લાઈટ વગેરે ચેક કરવાનું કામ પણ કરતી હતી. સલમાને કહ્યું કેઆ સોન્ગને શૂટ કરવા માટે ફક્ત ચાર જ દિવસનો સમય લાગ્યો છે અને આ સોન્ગમાં તેણે પોતાના તમામ ફાર્મહાઉસને નથી બતાવ્યું કારણકે સલમાન પોતાની આ પ્રોપર્ટીને જાહેર કરવા નહતા માગતા. સલમાને આ સોન્ગને પોતે જ ગાયું છે.

બનાસ ડેરીએ પશુપાલકોનું દૂધ લેવાનું બંધ કર્યાનો કોઈ નિર્ણય લેવાયો નથીઃ ઈન્ચાર્જ એમ.ડી

અમદાવાદ

કોરોના વાયરસથી સંક્રમિત ગામોમાં આવેલી દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓમાં બનાસ ડેરીના સંચાલક મંડળે નિર્ણય લઈ દૂધ સ્વીકારવાનું બંધ કર્યાનું કેટલાક સમાચાર માધ્યમોમાં પ્રસિદ્ધ થયેલા સમાચાર અંગે ખુલાસો કરતાં બનાસ ડેરીના ઈન્ચાર્જ એમ.ડી. કામરાજભાઈ ચૌધરીએ જણાવ્યું છે કે કોરોના પોઝિટિવ દર્દી જે વિસ્તારમાં આવે તે વિસ્તારને જિલ્લા કલેકટર દ્વારા ગુજરાત સરકારે જાહેર કરેલી એપેડેમીક એક્ટ મુજબ તે વિસ્તારને કન્ટેઈન્ટમેન્ટ ઝોન જાહેર કરવામાં આવે છે. બનાસ ડેરીના ઈન્ચાર્જ એમ.ડી.શ્રી કામરાજભાઈ ચૌધરીએ વધુમાં જણાવ્યું હતું કે, બનાસ ડેરીના નિયામક મંડળ દ્વારા આવો કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. બનાસ ડેરી ગમે તેવા કપરા સંજોગોમાં પણ પશુપાલકોની પડખે રહી છે અને આજની તારીખે પણ દૈનિક સરેરાશ ૫૯ લાખ લીટર દૂધ પશુપાલકો પાસેથી લઈ રહી છે અને હંમેશાં પશુપાલકોના હિતમાં નિર્ણય કરે છે. કોરોના મહામારી સમયે પશુપાલકોએ ખોટી અફવાઓ પર ધ્યાન ન આપવા જણાવાયું છે.

કન્ટેઈનમેન્ટ ઝોનની આજુબાજુના એરીયામાં આવતાં બફર ઝોનમાં ૨૭ જેટલી દૂધ મંડળીઓ જે બંધ હતી ત્યાં સરકારના જાહેરનામા મુજબ બફર ઝોન હટી જતાં તેને પુનઃ કાર્યરત કરીને દૂધ સ્વીકારવાનું શરૂ કરવામાં આવેલ છે તેમજ હાલના કન્ટેઈનમેન્ટ એરીયામાં પણ પરિસ્થિતિ સામાન્ય થતાં પુનઃ દૂધ મંડળીઓ પશુપાલકો પાસેથી દૂધ સ્વીકારવાનું શરૂ કરી શકશે.

બનાસકાંઠા જિલ્લાની આસપાસ ૨૭ ગામોમાં કોરોના પોઝિટીવ કેસ આવતાં કન્ટેઈન્ટમેન્ટ એરીયા તરીકે જાહેર કરેલ છે જેને લઈને નાગરિકોની અવરજવર પર રહેણાંક અને મહેસૂલી વિસ્તારમાં સંપૂર્ણ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. કોરોના મહામારી સમયે સરકારના નિયમોનું ચુસ્તપણે પાલન કરવું આપણા સૌની નૈતિક ફરજ છે. જેથી જે વિસ્તારમાં કોરોના પોઝિટિવ દર્દીઓ આવ્યા છે તે વિસ્તારની દૂધ મંડળીઓ દ્વારા પ્રજાહિતમાં દૂધ લેવાનું બંધ રાખ્યું છે. કન્ટેઈનમેન્ટ ઝોન હોય ત્યાં પશુપાલકોમાં પણ કોરોના સંક્રમણનો ભય રહેલો છે જેથી પશુપાલકોના હિતને ધ્યાનમાં રાખીને સ્થાનિક દૂધ મંડળીઓએ દૂધ લેવાનું બંધ કરેલ છે.

કોરોના સંકટ વચ્ચે સચિન ફરી એક વખત ૪૦૦૦ જરૂરિયાતમંદોને કરી નાણાંકીય સહાય

મુંબઈ

ક્રિકેટના ભગવાન ગણાતા ભારતના પૂર્વ ક્રિકેટર સચિન તેંડુલકરે તાજેતરમાં કોરોનાવાયરસના લોકડાઉન દરમિયાન ૪૦૦૦ જરૂરિયાતમંદ લોકોને આર્થિક મદદ માટે દાન કર્યું છે. તેંડુલકરે મુંબઈ સ્થિત એનજીઓ હાય પ યૂથ ફાઉન્ડેશનને દાન કર્યું, જેનો હેતુ પાયાના સ્તરેથી ભારતમાં બાસ્કેટબોલની સ્થિતિમાં સુધારો લાવવાનો છે.

સચિને જે સંગઠનને ડોનેશન આપ્યું તેણે ટ્વિટર પર માસ્ટર બ્લાસ્ટરનો આભાર માન્યો. હાઈ ફાઈવ યૂથ ફાઉન્ડેશન ટ્વિટર પર લખ્યું, ધન્યવાદ સચિન, ફરી એક વખત સાબિત થઈ રહ્યું છે કે રમત કરૂણાને પ્રોત્સાહિત કરે છે. અમારા કોવિડ-૧૯ ફંડમાં તમે જે દાન કર્યું તેનાથી અમને ૪૦૦૦ નબળા લોકોને નાણાકીય સહાય કરવામાં મદદ મળશે. જેમાં માયબીએમસી સ્કૂલના બાળકો પણ સામેલ છે. અમારા ઉભરતા ખેલાડીઓ તમારો આભાર માને છે, લિટલ માસ્ટર. સચિને પણ ટીમને કામગીરી માટે શુભેચ્છા પાઠવી હતી. સચિને ફાઉન્ડેશનનો જવાબ આપતાં ટ્વિટ કર્યું, દૈનિક મજૂરી કરતા પરિવારોના સમર્થનમાં તમારા પ્રયાસો માટે ટીમને શુભકામના. આ પહેલા પણ સચિન કોવિડ-૧૦ સામેની લડાઈમાં પ્રધાનમંત્રી રાહત ફંડ અને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી રાહત ફંડમાં દાન આપી ચુક્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે, દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૫૯,૬૬૨ પર પહોંચી છે.

જહાનવી વિક્કી કૌશલ સાથે કરણ જોહરની ફિલ્મ તખ્તમાં મળી શકે છે જોવા

મુંબઈ

ધડક ફિલ્મથી બોલિવૂડમાં ડેબ્યૂ કરનારી જહાનવી કપૂર હાલમાં જ તેની બહેન ખુશી કપૂર સાથે એક ટોક શો પર પહોંચી હતી. જ્યાં તેણે તેના જીવનને લગતા અનેક રહસ્યો ખોલ્યા હતા. તે જ સમયે તેણે એક વાત એવી પણ કરી કે, જે સાંભળીને તેના ઘણા ફેન્સના દિલ તૂટી શકે છે.

શોમાં જહાનવીને જે જે પ્રશ્નો કરવામાં આવ્યા તેના તેણે બિન્દાસથી જવાબો આપ્યા હતા. તેમાંથી એક સવાલ પૂછવામાં આવ્યો હતો કે, જો તેને મોકો મળે તો બોલિવૂડના શાઈનીંગ સ્ટાર વિકી કૌશલ અને કાર્તિક આર્યનમાંથી તે કોને કિસ કરશે. જાન્હવીએ તરત જ વિકી કૌશલનું નામ લીધું. તે જ સમયે આવા જ એક ચેટ શો દરમિયાન સારા અલી ખાને કાર્તિક સાથે ડેટ પર જવાની વાત કરી હતી અને ત્યારછી બંને ઈમ્તિયાઝ અલીની ફિલ્મમાં સાથે કામ કરી રહ્યા છે.

આ સાથે જ એવા સમાચાર છે કે જહાનવી વિક્કી કૌશલ સાથે કરણ જોહરની ફિલ્મ તખ્તમાં પણ જોવા મળશે. આ સિવાય શોમાં આવેલી જહાનવીની બહેન ખુશીએ જણાવ્યું કે તેના શરીર પર ટેટૂ હોવાને કારણે તે શરમજનક બની ગઈ છે. ખરેખર ખુશીએ તેના ટેટૂ લવ વિશે વાત કરતાં કહ્યું કે, તેના શરીર પર ત્રણ ટેટૂ લગાવેલા છે. જેમાં એક ટેટુમાં સૌથી સારા મિત્રનું નામ છે અને બીજામાં રોમનમાં ફેમેલિ જન્મદિવસ છે.

કોરોના સંકટમાં ગુજરાતની સાથે મહારાષ્ટ્ર-દિલ્હીએ પણ મોદી સરકારની ચિંતા વધારી

આ રાજયોમાં કોન્ટેકટ ટ્રેસિંક, કવોરન્ટાઈન અને કન્ટેઈન્મેન્ટની કામગીરીમાં ઉણપ હોવાથી કોરોના વકરી રહ્યો છે, જેની અસર દેશના ગ્રાફ પર પણ દેખાઈ રહી છે

નવી દિલ્હી

મહારાષ્ટ્ર, ગુજરાત અને દિલ્હીમાં સતત વધી રહેલા કોરોનાના કેસો કેન્દ્ર સરકાર માટે ચિંતાનો વિષય બની રહ્યા છે. આ રાજયોમાં કોન્ટેકટ ટ્રેસિંક, કવોરન્ટાઈન અને કન્ટેઈન્મેન્ટની કામગીરીમાં ઉણપ રહી ગઈ હોવાથી કોરોના કાબૂમાં આવવાને બદલે વકરી રહ્યો છે. જેની અસર દેશના ગ્રાફ પર પણ દેખાઈ રહી છે. આ સપ્તાહમાં દેશમાં કોરોનાના કેસ ડબલ થવાનો રેટ ૧૨ દિવસથી ઓછો થઈ ૧૦ દિવસ થઈ ગયો છે. લોકડાઉન પિરિયડમાં દેશમાં એકંદરે સ્થિતિ સુધરી રહી હતી, પરંતુ લોકડાઉનનો ચૂસ્ત અમલ ના થતાં કોરોનાના કેસ ફરી વધી રહ્યાં છે તેવું કેન્દ્રના એક અધિકારીએ જણાવ્યું હતું.

ટોચના ત્રણ રાજયો ઉપરાંત, તમિલનાડુ, રાજસ્થાન અને આંધ્રાના આંકડા પણ ચિંતાજનક છે, પરંતુ ગુજરાત, મહારાષ્ટ્ર અને દિલ્હી જેટલા નહીં. પીએમની ઈકોનોમિક એડવાઈઝરી કાઉન્સિલના પૂર્વ સભ્ય શમિકા રવિએ જણાવ્યું હતું કે, મહારાષ્ટ્ર અને ગુજરાતમાં મૃત્યુદર ઉંચો છે, અને વધી રહ્યો છે. જયારે દિલ્હીમાં તે ઉંચો છે પરંતુ સ્થિર છે. દિલ્હીમાં વસ્તી ઘણી ગીચ છે, અને તેનો વિસ્તાર ગુજરાત તેમજ મહારાષ્ટ્રની સરખામણીએ ઘણો નાનો છે. મહારાષ્ટ્રમાં ચિંતાજનક વાત એ છે કે, અહીં લોકડાઉનનો જોઈએ તેવી સખ્તાઈથી અમલ નથી થઈ રહ્યો. મહારાષ્ટ્રના સીએમ ઉદ્ધવ ઠાકરે સાથે કેન્દ્ર સરકારે વાત પણ કરી છે, અને રાજય સરકારે વિવિધ એજન્સીઓ સાથે યોગ્ય કોર્ડિનેશન કરવાની ખાતરી પણ આપી છે. જોકે, સ્થિતિ હજુય જોઈએ તેવી સુધરી નથી. રાજયમાં કોન્ટેકટ ટ્રેસિંગ અને સ્લમ એરિયામાં સર્વેલન્સની કામગીરીમાં હજુય ઉણપ હોવાનું કેન્દ્રના અધિકારીઓ માની રહ્યાં છે.

મહારાષ્ટ્રના સીએમ ઉદ્ધવ ઠાકરે સાથે કેન્દ્ર સરકારે વાત પણ કરી છે, અને રાજય સરકારે વિવિધ એજન્સીઓ સાથે યોગ્ય કોર્ડિનેશન કરવાની ખાતરી પણ આપી છે. જોકે, સ્થિતિ હજુય જોઈએ તેવી સુધરી નથી. રાજયમાં કોન્ટેકટ ટ્રેસિંગ અને સ્લમ એરિયામાં સર્વેલન્સની કામગીરીમાં હજુય ઉણપ હોવાનું કેન્દ્રના અધિકારીઓ જણાવ્યું હતું.. અમદાવાદમાં પણ કોરોનાના કેસો ખૂબ જ ઝડપથી વધી જતાં હાલ શહેરમાં લોકડાઉનનો સખ્તાઈથી અમલ કરાવાઈ રહ્યો છે. શહેરમાં માત્ર દૂધ અને દવાની દુકાનો જ ખૂલ્લી છે. શાકભાજી તેમજ કરિયાણાનું વેચાણ પણ અટકાવાઈ દેવાયું છે.

મહારાષ્ટ્રમાં આવી કડકાઈથી લોકડાઉનનો અમલ નથી થઈ રહ્યો. ઉલ્લેખનીય છે કે, દેશમાં શુક્રવારે સતત ત્રીજા દિવસે કોરોનાના ત્રણ હજારથી વધુ નવા કેસ નોંધાયા હતા. જેમાં મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૧,૦૦૦ કેસ હતા. તમિલનાડુમાં ગઈકાલે ૬૦૦, ગુજરાતમાં ૩૯૦ અને દિલ્હીમાં ૩૩૮ નવા કેસ નોંધાયા છે. દેશમાં કુલ કેસોનો આંકડો ૬૦,૦૦૦ને પાર કરવામાં માત્ર ૩૦૦થી દૂર છે. ગઈકાલના એક દિવસમાં દેશભરમાં ૯૩ લોકોએ કોરોનાથી દમ તોડ્યો હતો.. જેમાં ગુજરાતમાં સૌથી વધુ ૨૪, બંગાળમાં ૯, એમપીમાં ૮, રાજસ્થાનમાં ૪ લોકોના મોત થયા છે. મહારાષ્ટ્રમાં કોરોનાથી અત્યાર સુધી ૭૩૧ના મોત થયા છે. ત્યારબાદ ૪૪૯ મોત સાથે ગુજરાત બીજા નંબરે આવે છે. ગુજરાતમાં કુલ કેસોની સંખ્યા ૭,૪૦૩ પર પહોંચી ચૂકી છે. કોરોનાને કારણે ફેફસા, મગજ, હૃદય અને બીજા મહત્વના અંગોમાં બ્લડ કલોટિંગ થતું હોવાના કારણે ગુજરાતમાં વધુ લોકોના મોત થઈ રહ્યા છે.

ગોધરામાં કોરોનાને હરાવનાર દર્દીના સ્વાગત માટે સમારોહ જેવું થતા પોલીસે નોંધ્યો ગુનો

દર્દીને આવકારવા માટે ૫૦થી ૬૦ લોકોનું ટોળુ થયું, પોલીસે ૧૧ લોકોની કરી ઓળખ

ગોધરા

વડોદરા શહેરની ગોત્રી હોસ્પિટલમાં ગોધરાનો એક દર્દી ઈકબાલ બડંગા કોરોના મુક્ત થયા બાદ ગોધરામાં દર્દીને આવકારવા માટે ટોળા એકત્ર થઈ જતાં ગોધરા બી-ડિવિઝન પોલીસે કોરોના મુક્ત થયેલા દર્દી સહિત ૧૧ લોકોની ઓળખ કરીને ૫૦થી ૬૦ લોકોના ટોળા સામે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ગોધરાના કોરોનાગ્રસ્ત દર્દી ઈકબાલ યુસુફ બડંગાની વડોદરાની ગોત્રી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હતી. આ દરમિયાન શુક્રવારે ઈકબાલ કોરોના મુક્ત થતાં તેને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. જેથી દર્દીના પરિવારજનો તેને લઈને મોડી રાત્રે ગોધરા પહોંચ્યા હતા. આ સમયે અબરાર મસ્જિદ પાસે દર્દીને લેવા માટે ટોળા એકત્ર થઈ ગયા હતા. અને દર્દીને લઈને ટોળુ તેના ઘર તરફ ગયું હતું. આ બનાવની જાણ થતાં ગોધરા બી-ડિવિઝન પોલીસે કોરોના મુક્ત થયેલા ઈકબાલ યુસુફ બડંગા, અનસ પિત્તાલ, આરીફ ઉમરજી, રજાક કલંદર, ઈલ્યાસ દાવલા, કાસીમ અસલા, સઈદ બદામ, સાહિદ ઉમરજી, ચટપટીવાળો બુમલો, મોહસીન હનીફ કઠ્ઠી, સીદીક અબ્દુલ સલામ ભોયુ સહિત ૫૦થી ૬૦ લોકોના ટોળા સામે જાહેરનામા ભંગનો ગુનો દાખલ કર્યો છે અને આરોપીઓની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

બે મહિના અમદાવાદ રોકાઈને ગોંડલ પહોંચેલા દંપતીનો રિપોર્ટ પોઝિટિવ

કોરોના કેસો વધતા ગોંડલ તાલુકામાં મંજૂરી વગર પ્રવેશ પર પ્રતિબંધ

ગોંડલ

ગોંડલમાં વધુ બે કોરોના પોઝિટિવ દર્દી નોંધાયા છે. ગોંડલનાં અક્ષરધામ સોસાયટીમાં રહેતા વૃધ્ધ દંપતીનાં કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતાં તંત્રમાં દોડધામ મચી જવાં પામી હતી. રાત્રીનાં આ દંપતિને રાજકોટ ખસેડાયાં છે. દંપતી બે મહિના અમદાવાદ રોકાઈને ગોંડલ આવ્યા હતા. ગોંડલની અક્ષરધામ સોસાયટીમા રહેતા ૬૫ વર્ષીય પતિ અને ૬૩ વર્ષી પત્નીનું ચેકઅપ કરાવવામા આવ્યું હતું. જેમાં તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. નોંધનીય છેકે, આ પહેલા ત્રણ એસઆરપી જવાનનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. આ સાથે જ તાલુકામાં કુલ પોઝિટિવ દર્દીઓની સંખ્યા ૫ પર પહોંચી છે. પોઝિટિવ આવનાર દંપતી અમદાવાદ બાપુનગર સાળા રહેતા હોય ગોંડલથી સાળાને ત્યાં અમદાવાદ ગયાં હતાં. લોકડાઉન દરમ્યાન એકાદ માસથી ત્યાંજ હતાં. ગુરુવાર સવારે અમદાવાદથી ગોંડલ આવતાં તેમને કોરોન્ટાઈન કરાયાં હતાં. દરમ્યાન તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. બે દિવસ દરમિયાન આ દંપતિ કોના કોના સંપર્કમાં આવ્યું તે અંગે પ્રશાસન દ્વારા તપાસ હાથ ધરાઈ છે. ગોંડલમાં કોરોનાનાં પગપેસારાને લઈને નગરપાલિકા પ્રમુખ અશોક પીપળીયા, ઉપપ્રમુખ અપર્ણાબેન આચાર્ય દ્વારા લોકોને ઘરમાં રહી સ્વયં શિસ્ત જાળવી લોકડાઉનનો કડક અમલ કરવા અપીલ કરી છે. અમદાવાદથી ગોંડલ આવેલું કોરોના પોઝિટિવ વૃદ્ધ દંપતી સાથે બે દિવસ રીક્ષા મોટર સાયકલમાં સાથે ફરનાર ભગવતપરાના રફીકભાઈ પિંજોરાને ક્વોરન્ટીન કરાયા છે, આરોગ્ય વિભાગની ટીમ પ્રાંત કચેરી, મામલતદાર કચેરીના અધિકારીઓ તેમજ નગરપાલિકાના કર્મચારીઓએ રાતભર કામગીરી કરી હતી. તેવામાં ગોંડલમાં આગામી દિવસોમાં પોઝિટિવ કેસોની સંખ્યામાં વધારો થવાની શક્યતા નકારી શકાય નહીં, તેથી લોકડાઉનનો ચૂસ્ત અમલ કરાવવા માટે ગોંડલ તાલુકા સેવા સદન ખાતે પ્રાંત અધિકારી અને

હોંગકોંગમાં તમામ જીમ, બ્યુટી પાર્લર્સ, ઝૂ અને બાર ખુલ્યા

વિશ્વભરમાં ૪૦.૧૩ લાખ કેસ, ૨.૭૬ લાખ લોકોના મોત

ફ્રાન્સમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૪૩ લોકોના મોત; ચીનમાં માત્ર ૧૫ એક્ટિવ કેસ

પેરિસ

યુરોપિયન દેશ ફ્રાન્સમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૪૩ લોકોના મોત થયા છે. આ સાથે અહીં કુલ મૃત્યુઆંક ૨૬ હજાર ૨૦૦ થયો છે. અહીં ૧૭ માર્ચના રોજ લોકડાઉનની જાહેરાત કરાઈ હતી. ધીમે ધીમે હવે તેમા છૂટ અપાઈ રહી છે.

વિશ્વભરમાં અત્યાર સુધીમાં કોરોના વાઈરસના ૪૦ લાખ ૧૨ હજાર ૮૩૭ કેસ નોંધાયા છે. ૨ લાખ ૭૬ હજાર ૨૧૬ લોકોએ કોરોનામાં જીવ ગુમાવ્યા છે. તો બીજી તરફ ૧૩ લાખ ૮૫ હજાર ૧૪૧ લોકોને સારવાર પછી રજા અપાઈ છે.

હોંગકોંગમાં તમામ જીમ, બ્યુટી પાર્લર્સ, ઝૂ અને બાર ખુલ્યા છે. જોકે અહીં આવનાર લોકોએ ગાઈડલાઈનનું કડક રીતે પાલન કરવાનું રહેશે. ચીનમાં હાલ માત્ર ૧૫ જ એક્ટિવ કેસ છે. અમેરિકામાં અત્યાર સુધીમાં ૧૩ લાખ ૨૧ હજાર ૭૮૫ કેસ નોંધાયા છે. જેમા ૭૮ હજાર ૬૧૫ લોકોના મોત થયા છે. વ્હાઈટ હાઉસના કહ્યા મુજબ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કોરોના વાઈરસ અને ગ્લોબલ ઈકોનોમી અંગે જર્મની અને સાઉદી અરેબિયા સહિતના વિશ્વના નેતાઓ સાથે વાતચીત કરી છે.

સુરેન્દ્રનગરમાં શ્રમિકોના ટ્રેન ભાડાનો ચેક કલેક્ટરને આપવા ગયેલા કોંગ્રેસના MLAની ધરપકડ

સોલંકીએ જણાવ્યું કે 'જો શ્રમિકોને ભાડું પરત આપવામાં નહીં આવે તો આજે મારી લાશ પરથી ટ્રેન પસાર થશે

સુરેન્દ્રનગર

રાજ્યમાં શ્રમિકોની વતન વાપસી મુદ્દા રાજકારણ ચરમસીમાએ છે. સુરેન્દ્રનગરના દશાડાના ધારાસભ્ય નૌશાદ સોલંકી આજે આ મુદ્દે આકરાપાણીએ જોવા મળ્યા હતા. સુરેન્દ્રનગરથી આજે ૧૨૦૦ શ્રમિકોને લઈને રવાના થનારી ટ્રેનનું ભાડું ચુકવવા આવેલા નૌશાદ સોલંકીનો ચેક કલેક્ટરે ન સ્વીકારતા મામલો બીચક્યો હતો. સોલંકીનો આક્ષેપ છે કે જે ગરીબ શ્રમિકો પાસે ટંકનો રોટલો નથી બચ્યો તેમની પાસેથી તંત્ર ૬૫૦ રૂપિયા ભાડું વસૂલી રહ્યું છે. સોલંકીએ આ શ્રમિકોને પૈસા પરત આપી અને સમગ્ર ટ્રેનનું ભાડું આપવાની જાહેરાત કરી હતી. સુરેન્દ્રનગરના કલેક્ટરે તેમની રજૂઆત ન સાંભળી હોવાના આક્ષેપ સાથે નૌશાદ સોલંકીએ ચીમકી ઉચ્ચારી હતી. સોલંકીએ જણાવ્યું કે 'જો શ્રમિકોને ભાડું પરત આપવામાં નહીં આવે તો આજે મારી લાશ પરથી ટ્રેન પસાર થશે. દરમિયાન આજે સુરેન્દ્રનગરથી બપોરે ૨.૩૦ વાગ્યાના સુમારે ઉત્તર પ્રદેશના ૧૨૦૦ શ્રમિકોને લઈને વિશેષ રેલ રવાના થવાની છે. ધારાસભ્યના જણાવ્યા મુજબ આ ટ્રેન માટે પ્રત્યેક શ્રમિકો પાસેથી ૬૫૦ રૂપિયા ટિકિટ લેખે વસૂલવામાં આવ્યા છે. સરકાર મફતમાં મુસાફરી કરાવવાની વાતો કરે છે પરંતુ અહીંયા પૈસા લેવામાં આવ્યા છે. આ મુદ્દે કલેક્ટર કચેરીએ હંગામો થયા બાદ દસાડાના ધારાસભ્ય નૌશાદ સોલંકી સહીત આઠ જણાની અટકાયત કરવામાં આવી છે. કલેક્ટરના આદેશથી પોલીસે તેમની સાથે ૮ કાર્યકર્તાઓની પણ અટકાયત કરી છે. સોલંકીએ ટ્રેનના પાટા નીચે સુઈ જવાની ચીમકી ઉચ્ચારી હતી.

સંયુક્ત રાષ્ટ્ર અને તેની સાથે જોડાયેલા સંગઠનોએ અભિયાન શરૂ કર્યુ

વૈશ્વિક કોરોના મહામારી સામે લડવા માટે ૬.૭ અબજ ડોલર ફંડ ભેગુ કરવા માટે વિશ્વવ્યાપી અભિયાન

ન્યૂયોર્ક

વૈશ્વિક કોરોના મહામારી સામે લડવા માટે સંયુક્ત રાષ્ટ્ર અને તેની સાથે જોડાયેલા સંગઠનોએ ૬.૭ અબજ ડોલર ફંડ ભેગુ કરવા માટે વિશ્વવ્યાપી અભિયાન શરુ કરી દીધુ છે. આ ફંડ એકત્રિત કરવાનો મુખ્ય હેતુ વિશ્વના આર્થિક રીતે નબળા અને અસુરક્ષિત દેશોને સહાય તથા વિશ્વસ્તરે ભૂખમરો તથા લૈંગિક આધારે થતી હિંસા સામે લડાઈ લડવાનો છે.

સંયુક્ત રાષ્ટ્રના ડિઝાસ્ટર રિલીફ કોઓર્ડિનેટર માર્ક લોકોકે આ અભિયાનની શરુઆત કરતા જણાવ્યુ કે, કોરોના મહામારીએ મોટાભાગના દેશોમાં માનવજીવન પ્રભાવિત કર્યુ છે, પરંતુ સૌથી ખરાબ અને ભયાનક દ્રશ્યો વિશ્વના ગરીબ અને નબળા દેશોમાં જોવા મળશે. તેમના જણાવ્યા મુજબ આ માટે સહાયક રુપે ૬.૭ અબજ ડોલર ફંડની જરુર પડશે.

આ યોજનામાં ભૂખમરા સામે ઝઝૂમી રહેલા ૫૪ દેશો સિવાય અન્ય નવ નબળા અને અસુરક્ષિત દેશોને આવરી લેવાયા છે. આ નવ દેશોમાં બેનિન, જિબૂતી, લાઈબેરિયા, મોઝામ્બિક, પાકિસ્તાન, ફિલીપીન, સિએરા લિયોન, ટોગો અને ઝિમ્બાબ્વે સામેલ છે. સંયુક્ત રાષ્ટ્રના પ્રવક્તા સ્ટીફન દુજારિકે જણાવ્યુ કે, વિશ્વસ્તરે ખોરાક સંબંધી અસુરક્ષા પર વધારે ધ્યાન આપવાની સાથે-સાથે અતિસંવેદનશીલ દેશોની મદદ કેવી રીતે કરવામાં આવે અને લિંગ આધાર થતી હિંસા, યૌન ઉત્પીડન અને દુર્વ્યવહાર સહિતની અન્ય સમસ્યાઓ પર પણ ધ્યાન આપવાની જરુર છે. તેમણે જણાવ્યુ કે, જો આપણે સૌથી ગરીબ લોકો, ખાસ કરીને મહિલાઓ અને યુવતીઓ, બાળકીઓને સમર્થન નહી આપીએ તો આપણે સૌએ આ વૈશ્વિક મહામારી અને આર્થિક મંદીની સામે આવનારા સમયમાં ગંભીર પરિણામો ભોગવવા પડી શકે છે. આ પરિણામો વધારે દર્દનાક અને ગંભીર સાબિત થશે.

મોદીએ સંકટકાળમાં ઈટાલીના નાગરિકો દ્વારા દાખવવામાં આવેલા ધૈર્યની પ્રશંસા કરી

પીએમ મોદીએ ઈટાલીના પ્રધાનમંત્રી સાથે કોવિડ-૧૯ને લઈ કરી ચર્ચા, મદદનો આપ્યો ભરોસો

નવી દિલ્હી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઈટાલીની પ્રધાનમંત્રી ગ્યૂસેપ કોંટે સાથે વાતચીત કરી હતી અને કોવિડ-૧૯ના કારણે મોટી સખ્યામાં લોકોના મોત પર સંવેદના વ્યક્ત કરી હતી. તેમણે કોંટેને વૈશ્વિક મહામારી કોરોના વાયરસની લડાઈમાં ભારત તરફથી જરૂરી દવાની ઉપલબ્ધતાના રૂપમાં ભરપૂર મદદ આપવાનું આશ્વાસન આપ્યું હતું.

મોદીએ તેમના ટ્વિટમાં કહ્યું કે, ભારત અને ઈટાલી કોવિડ-૧૯ પછીના પડકાર સામે મળીને કામ કરશે. જેમાં જી-૨૦માં અમારો સહયોગ સામેલ છે. ખબરો મુજબ, આ બીમારીના કારણે ઈટાલીમાં આશરે ૩૦ હજાર લોકોના મોત થયા છે. પીએમ મોદીએ સંકટકાળમાં ઈટાલીના નાગરિકો દ્વારા દાખવવામાં આવેલા ધૈર્યની પ્રશંસા કરી હતી. તેમણે કોંટેને આશ્વાસન આપ્યું કે ઈટાલીની જરૂરી દવાઓ તથા અન્ય વસ્તુની આપૂર્તિમાં ભારત ઉદારતાપૂર્વક મદદ કરશે.

બંને નેતાઓએ તેમના દેશો અને વૈશ્વિક સ્તર પર આ મહામારીના સ્વાસ્થ્ય તથા આર્થિક પ્રભાવને જોતા ઉઠાવવામાં આવનારા પગલાની ચર્ચા કરી હતી. કોંટેએ મોદીને યોગ્ય સમયે ઈટાલી આવવાનું આમંત્રણ આપ્યું હતું.

વિશ્વમાં કોરોનાના કેસો ૪૦ લાખને પાર, એકલા એમેરિકામાં ૧૩ લાખ કેસો નોંધાયા

અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ માઈક પેન્સની પ્રેસ સેક્રેટરી કેટી મિલરનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યો

ન્યૂયોર્ક

વિશ્વભરમાં અત્યાર સુધીમાં કોરોના વાઈરસના ૪૦ લાખ ૧૨ હજાર ૮૩૭ કેસ નોંધાયા છે. ૨ લાખ ૭૬ હજાર ૨૧૬ લોકોએ જીવ ગુમાવ્યા છે. ૧૩ લાખ ૮૫ હજાર ૧૪૧ લોકોને સારવાર પછી રજા અપાઈ છે.

દરમ્યાનમાં, અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ માઈક પેન્સની પ્રેસ સેક્રેટરી કેટી મિલરનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યો છે. મિલર વ્હાઈટ હાઉસની બીજી મોટી અધિકારી છે. જો કે તે ઉપરાષ્ટ્રપતિ કે રાષ્ટ્રપતિ ડોલાન્ડ ટ્રમ્પના સંપર્કમાં આવી ન હતી. કોરોનાને લઈને વ્હાઈટ હાઉસમાં વધારે સાવધાની રખાઈ રહી છે.

અમેરિકામાં અત્યાર સુધીમાં ૧૩ લાખ ૨૧ હજાર ૭૮૫ કેસ નોંધાયા છે. જેમા ૭૮ હજાર ૬૧૫ લોકોના મોત થયા છે. વ્હાઈટ હાઉસના કહ્યા મુજબ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કોરોના વાઈરસ અને ગ્લોબલ ઈકોનોમી અંગે જર્મની અને સાઉદી અરેબિયા સહિતના વિશ્વના નેતાઓ સાથે વાતચીત કરી છે.દરમ્યાનમાં, અમેરિકાએ ચીનના પત્રકારોના વીઝાની સમયમર્યાદા ઘટાડી છે. હવે તેઓ માત્ર ત્રણ મહિના માટે અમેરિકાના વીઝા લઈ શકશે. હાલ વિદેશી મીડિયાના પ્રતિનિધિઓ માટે સમયમર્યાદા નથી. પણ ચીનના પત્રકારોને આ લાગું પડશે નહીં

અમિત શાહે પહેલા પાનાથી ચાલુ

ટ્રેનોને રાજય સરકાર દ્વારા મંજૂરી આપવામાં નથી આવી રહી. આમ કરવાથી પશ્ચિમ બંગાળના શ્રમિકોની સાથે અન્યાય થશે. જે પશ્ચિમ બંગાળના પ્રવાસી શ્રમિકોને મુશ્કેલ પરિસ્થિતિમાં ધકેલી શકેછે.

કેટલાક પ્રતિબંધો પહેલા પાનાથી ચાલુ

૧૭મી પછીનો એક સરળ એકઝીટ પ્લાન બનાવી રહી છે. પીએમઓ ૧૫મી તારીખની આસપાસ નેગેટીવ લીસ્ટની યાદી બહાર પાડે તેવી શકયતા છે. જેમા આરોગ્ય, ગૃહ અને ઈકોનોમીક મંત્રાલયોના ઈનપુટનો સમાવેશ હશે.

સરકાર એવી મંજુરી આપવા માગે છે કે જેથી આર્થિક પ્રવૃતિ ચાલી શકે જે દરમિયાન સેનીટેશન અને સોશ્યલ ડીસ્ટન્સના નિયમોનું પાલન કરવાનુ રહેશે. જો કે સરકાર પાસે એવી આશંકા છે કે આનાથી ઈન્સ્પેકટર રાજ આવી શકે છે, વિદેશ ઈન્વેસ્ટરો દૂર થઈ શકે છે. ઉપરાંત સરકાર મલ્ટીપલ ગાઈડલાઈન્સ બહાર પાડે તેનાથી ગુંચવાડો પણ થઈ શકે છે. જ્યાં સુધી સપ્લાય ચેઈન અધુરી છે ત્યાં સુધી ઉદ્યોગ પૂર્ણ ક્ષમતાથી ચાલુ થઈ શકે તેમ નથી. અત્રે નોંધનીય છે કે સરકારે બે તબક્કામાં અનેક પ્રવૃતિઓ ચાલુ કરવા મંજુરી આપી હતી. ૨૦મી એપ્રિલે અને ૪થી મેએ કેટલીક મંજુરી આપવામાં આવી હતી,

સરકારનો નિતીનિર્ધારકોને એવી ચિંતા છે કે ૧૭મી પછી જો વધુ કડકાઈ રાખવામાં આવશે તો સ્થાનિક ઓથોરીટીના હાથમાં વધુ પડતી સત્તા આપવી પડશે તેનાથી ઈન્સ્પેકટર રાજ પણ પરત ફરી શકે છે. આ ઉપરાંત વિદેશી ઈન્વેસ્ટરોને આકર્ષવાના પ્લાન પર પણ પાણી ફરી વળે તેમ છે. સરકાર જે નેગેટીવ લીસ્ટની યાદી તૈયાર કરવા જઈ રહી છે તેમા કઈ પ્રવૃતિ શરૂ કરવી અને કઈ પ્રવૃતિ શરૂ કરવાને મંજુરી ન આપવી. સરકારી અધિકારીના જણાવ્યા પ્રમાણે, અત્યારે નેગેટીવ લીસ્ટમાં પાંચથી છ બાબતોની જરૂરીયાત લાગે છે અને બાકીની સંપૂર્ણ રીતે ખુલ્લી મુકી દેવાની તૈયારી છે. સપ્લાય ચેઈન સંપૂર્ણ રીતે કામ કરવી જોઈએ. સરકારનો એવો ઈરાદો છે કે આર્થિક પ્રવૃતિ ફરી ધમધમે અને તેની સાથોસાથ સેનીટેશનના કડક નિયમોનું પાલન થાય અને સોશ્યલ ડીસ્ટન્સીંગ રહે. અધિકારીના જણાવ્યા પ્રમાણે, નેગેટીવ લીસ્ટની યાદીમાં એવી પ્રવૃતિઓ હશે જેમાં લોકો એકઠા થઈ ન શકે, ગુજરીબજાર જેવી બજાર ભરાઈ ન શકે અને થોડા સમય માટે શૈક્ષણિક સંસ્થાઓ પણ બંધ રાખવી પડશે.. સરકારે વિચાર્યું છે કે પબ્લિક ટ્રાન્સપોર્ટ વૈકલ્પીક બેઠક વ્યવસ્થા સાથે ડિસ્ટન્સીંગ રાખવા અને રેગ્યુલર ડીસ ઈન્ફેકટ(બસ, રીક્ષા, ટેકસ વગેરેને સેનેટાઈઝ કરવા)ની વ્યવસ્થા કરી શરૂ કરવા દેવું. એટલુ જ નહિ હવાઈ સેવા પણ શરૂ કરવી જેમા વચલી સીટ ખાલી રાખવી. એટલુ જ નહિ કામકાજના સ્થળે ૧૦થી વધુ લોકો એકઠા થઈ ન શકે. નવી ગાઈડલાઈન્સમાં ફેકટરીમાં બે પાળી વચ્ચે ૪૦ મીનીટનો સમય રાખવો, સેનીટેશનની વ્યવસ્થા રાખવી, હેન્ડ સેનેટાઈઝર જાહેર સ્થળો, પબ્લિક ટ્રાન્સપોર્ટ, સરકારી અને ખાનગી કામકાજના સ્થળોએ મુકવા. લોકડાઉનનો ગાળો પુરો થાય તેના બે દિવસ પહેલા એટલે કે ૧૫મીએ આ અંગેની જાહેરાત થાય તેવી શકયતા છે.

ભારતમાં સ્થિતિ પહેલા પાનાથી ચાલુ

રિકવરી રેટ વધીને ૨૯.૯ દિવસ થઈ ગયો છે. આ ઘણા સારા સંકેત છે. સંક્રમણના કેસ બમણા થવાની સ્થિતિ ૧૧ દિવસ થયા છે.

છત્તીસગઢમાં પહેલા પાનાથી ચાલુ

હતો, પરંતુ આ ઘટના બાદ એસપી જિતેન્દ્ર શુક્લ સ્થળ ઉપર અને જયારે વધારાના એસપી ગોરખનાથ બઘેલ પહોંચ્યા ત્યારે પોલીસની સર્ચ પાર્ટીએ ચાર નક્સલીઓને મારી નાખ્યા હતા.આ કેસની પુષ્ટિ કરતાં તેઓ કહે છે કે નક્સલવાદીઓ સાથેની એક્રાઉન્ટર દરમિયાન પોલીસને પણ હાલાકીનો સામનો કરવો પડ્યો છે અને મદનવારા પોલીસ સ્ટેશનના પ્રભારી શ્યામ કિશોર શર્માનું મોત નીપજયું છે.

અમદાવાદ જિલ્લામાં શાકભાજીના ફેરિયાઓને સ્ક્રિનિંગ કરીને હેલ્થ કાર્ડ અપાશે

અમદાવાદ

વર્તમાન સમયમાં વૈશ્વિક સ્તરે સ્તરે ફેલાયેલા કોવિડ-૧૯ વાઇરસને વિશ્વ આરોગ્ય સંગઠન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરાઈ છે. તે અંતર્ગત ભારત સરકારે રાજય સરકારોને એપેડેમીક ડિસિઝ એક્ટ-૧૯૮૭ હેઠળ મહામારીને રોકવા જરૂરી પગલાં લેવા જણાવ્યું છે. ગુજરાત સરકારે જાહેર કરેલા અધિસૂચના અન્વયે અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આરોગ્યને લગતી તમામ જવાબદારીઓ જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગને સુપરત કરાઇ છે. અમદાવાદ જિલ્લામાં કોવિડ ૧૯ મહામારીને ફેલાતી અટકાવવા માટે અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારી અરુણ મહેશે અધિસુચના બહાર પાડીને વિવિધ નિયંત્રક પગલાં લેવા તાકીદ કરી છે.આ અનુસાર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં તમામ લોકોએ બહાર નીકળતી વખતે ફરજિયાત રીતે મોઢા ઉપર માસ્ક પહેરવાના રહેશે અથવા મોઢું અને નાક પૂરી રીતે ઢંકાય તે રીતે રૂમાલ બાંધવાનો રહેશે અથવા એવું કોઈ અન્ય કાપડ બાંધવાનુ રહેશે,

જેથી મોઢું અને નાક બંને એક સાથે પૂરી રીતે ઢંકાય.આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાં શાકભાજીના ફેરિયા વેન્ડરોને આરોગ્ય કર્મીઓ દ્વારા સ્ક્રિનિંગ કર્યા બાદ સંબંધિત ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી દ્વારા હેલ્થ કાર્ડ આપવાનું રહેશે. આ હેલ્થ કાર્ડ સાત દિવસ સુધી જ માન્ય રહેશે. ત્યારબાદ આરોગ્ય કર્મીઓ દ્વારા ફરીથી સ્ક્રિનિંગ કરી યોગ્ય જણાએ કાર્ડ રિન્યુ કરવાનું રહેશે. હેલ્થ કાર્ડ ધરાવતા ફેરિયા વેન્ડરો, કરિયાણાના દુકાનદારો, શાકભાજી વેચનારાઓને વેચાણની ગ્રામ્યકક્ષાએ મંજૂરી આપવામાં આવશે. મર્યાદિત સંખ્યામાં મર્યાદિત સમય માટે જ આ કાર્ડ માન્ય રહેશે. દરેક તલાટી કમ મંત્રીએ ઈસ્યૂ કરેલા કાર્ડની વ્યક્તિના નામ સહિતની તમામ વિગતોવાળુ રજિસ્ટર નિભાવવાનું રહેશે અને તે અંગેનો અહેવાલ સંબંધિત તાલુકા વિકાસ અધિકારી મારફતે સમયાંતરે જિલ્લા પંચાયતને મોકલવા તેમણે તાકીદ કરી છે.આ કાર્ડધારકોને ગામમાંથી શહેરમાં કે, શહેરથી ગામ તરફ પ્રવાસની મંજૂરી આપવામાં આવશે નહીં એટલે કે, આ કાર્ડ સ્થાનિક કક્ષાએ જ ઉપયોગમાં લઇ શકાશે. આ સૂચનાનો ભંગ થયે સંબંધિત કાર્ડધારકો સામે ફોજદારી કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ગામમાં ઉત્પાદિત થતાં સ્થાનિક માલસામાનનું જ વેચાણ કરવાની મંજૂરી આપવામાં આવશે.

વડોદરામાં વેપારી કોરોનાગ્રસ્ત થતા આખું બજાર ૬ દિવસ માટે કરાયું બંધ

રિપોર્ટ પોઝિટિવ આવતા ૧૨થી ૧૭ મે દરમિયાન હાથીખાના માર્કેટ બંધ રાખવાનો નિર્ણય

વડોદરા

વડોદરા શહેર અને જિલ્લામાં અત્યાર સુધી કોરોના વાઈરસના ૫૦૦ પોઝિટિવ કેસો નોંધાયા છે. વડોદરા શહેરના અનાજ-કરીયાણાના સૌથી મોટા હાથીખાનામાં વેપારી રાજેશભાઇ ચંદવાણી કોરોના વાઈરસનો રિપોર્ટ પોઝિટિવ આવતા ૧૨થી ૧૭ મે દરમિયાન હાથીખાના માર્કેટ બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. આ દરમિયાન હાથીખાના માર્કેટને સેનેટાઈઝન કરવામાં આવશે. કોરોના વાઈરસના લોકડાઉનને પગલે વડોદરા શહેરની એમ. એસ. યુનિવર્સિટીમાં વેકેશન લંબાવવામાં આવ્યું છે. યુનિવર્સિટી દ્વારા આગામી ૨૦ જૂન સુધી વેકેશન લંબાવવાનો નિર્ણય લેવાયો છે.

સિહોરની મહિલા પોલીસકર્મીએ બિનવારસી મહિલાના અંતિમ સંસ્કાર કરી માનવતાની ફરજ નિભાવી

ભાવનગર

લોકડાઉન વચ્ચે પણ મહિલા પોલીસ કોન્સ્ટેબલે માનવતાની ફરજ નિભાવીનો એક કિસ્સો સામે આવ્યો છે. જેમાં ભાવનગર જિલ્લાના સિહોરમાં પોલીસકર્મી તરીકે ફરજ બજાવતા જાગૃતિબેન ગઢવીએ એક બિનવારસી લાશની અંતિમ વિધિ કરીને અગ્નિ સંસ્કાર આપ્યા હતા.

અજાણી મહિલાના મૃતદેહના પરિવારજન ન મળતા મહિલા પોલીસકર્મીએ અગ્નિ સંસ્કાર કર્યા

સિહોરના ગુંદાળા વિસ્તારમાંથી આશરે ૫૫ વર્ષીય અજાણી મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. અજાણી મહિલાના મૃતદેહને સિહોર હોસ્પિટલમાં ખસેડીને પીએમ સહિતની જરૂરી કાર્યવાહી પૂર્ણ કરીને તેના વાલી વારસની શોધખોળ કરાઈ હતી. પરંતુ ઘણા સમય સુધી અજાણી મૃતક મહિલાના કોઈ વાલી વારસ ન મળતા સિહોર પોલીસ સ્ટેશનમાં મહિલા કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા જાગૃતિબેન ગઢવીએ માનવતા દાખવી અજાણી મહિલાના મૃતદેહને પોતે અગ્નિ સંસ્કાર આપશે તેવું જણાવ્યુ હતું, બાદમાં સિહોર હોસ્પિટલથી અંતિમયાત્રા કાઢીને સ્મશાનને લઈ જવાયા હતા. જ્યાં જાગૃતિબેન ગઢવીએ પોલીસ સ્ટાફ અને સ્થાનિક લોકોની હાજરીમાં અંતિમ વિધી પૂર્ણ કરી હતી.

બારડોલીમાં કોરોનાનો પ્રથમ કેસ, ગોંડલમાં ૨, અરવલ્લીમાં ૪ અને બનાસકાંઠામાં ૧ કેસ નોંધાયો

અમદાવાદ

કેટલાક દિવસથી ભારતમાં દૈનિક મૃત્યુઆંકમાં ચોથાભાગના મૃત્યુ ધરાવતા ગુજરાતમાં શુક્રવારે સ્થિતિમાં આંશિક સુધારો આવ્યો હોય તેવુ ચિત્ર ઉપસ્યુ હતુ. શુક્રવારે ભારતમાં ૧૦૩ અને ગુજરાતમાં ૨૪ મૃત્યુ થયા છે પરંતુ, રાજ્યમાં વધુ એકવાર કો-મોંબિડ કરતા કોરોનાનો ચેપ લાગ્યા પહેલા જેમને નખમાય બિમારી નહોતી તેવા દર્દીઓના મૃત્યુઆંક વધ્યો છે. ત્યારે આજે આપણે જાણીએ કે રાજ્યમાં કંઈ કંઈ જગ્યાએ કોરોના પોઝિટીવના કેસ નોધાયા છે.

સુરતના બારડોલીમાં કોરોનાનો પ્રથમ કેસ નોંધાયો છે. બારડોલીના ટાઈવડ ગામે કોરોનાનો પ્રથમ કેસ નોંધાતા હાહાકાર મચેલો છે. આ કેસમાં જાણવા મળી રહ્યું છે કે, અમદાવાદથી બારડોલી આવેલી મહિલાને કોરોના પોઝિટીવ કેસ નોંધાયો છે. હાલ મહિલાને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાઈ છે. જિલ્લામાં અત્યાર સુધી કુલ ૪૮ કેસ સામે આવી ચૂક્યા છે. મહિલાને બારડોલી નજીક આવેલ માલિબા કોવિંદ ૧૯ કેર હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાઈ છે. આ કેસમાં સંપર્કમાં આવેલ વ્યક્તિઓને કોરોન્ટાઈન કરવા પ્રક્રિયા હાથ ધરાશે.

રાજકોટ જિલ્લામાં વધુ ૨ કોરોના પોઝિટિવ કેસ સામે આવ્યા છે. રાજકોટના ગોંડલમાં કોરોનાના ૨ કેસ નોંધાતા હડકંપ મચી ગયો છે. ગોંડલની અક્ષરધામ સોસાયટીમાં રહેતા વૃદ્ધ દંપતીનો રીપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ૫ મેના રોજ અમદાવાદથી ગોંડલ દંપતી પહોંચ્યા હતા. આ સાથે રાજકોટ શહેરમાં ૬૩, ગ્રામ્યમાં ૪ કેસ નોંધાયા છે. રાજકોટ જિલ્લામાં કુલ ૬૭ કેસ નોંધાયા છે.

અરવલ્લી જિલ્લામાં પણ કોરોના વિસ્ફોટ યથાવત રહ્યો હતો. અરવલ્લી જિલ્લામાં વધુ ૪ કોરોના પોઝિટિવ કેસ સામે આવ્યા છે. અરવલ્લી જિલ્લાના મોડાસામાં ૨, તેનપુર અને ધનસુરામાં ૧-૧ કેસ નોંધાયો છે. આ સાથે અરવલ્લી જિલ્લામાં કુલ પોઝિટિવ કેસ ૭૨ થયા છે. બનાસકાંઠામાં પણ આજે કોરોનાથી વધુ એક દર્દીનું મોત થયું છે. થરાદના નારોલી ગામે વૃદ્ધનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. વૃદ્ધના મોત બાદ કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. મૃતક અમદાવાદથી નારોલી આવ્યા હતા. ૫ તારીખે ચાંદખેડા અમદાવાદથી નારોલી આવ્યા હતા. ત્યારબાદ ડીસાની કોવિડ ભણસાલી હોસ્પિટલમાં તેમનું મોત થયું છે. શ્વાસની તકલીફ થતા વૃદ્ધને ડીસા ભણસાલીમાં ખસેડાયા હતા.

જેલમાં ૧૨ કેદી અને ૪ કર્મચારી કોરોનાગ્રસ્ત થયા બાદ તંત્રે હાથધરી કામગીરી

સાબરમતી જેલમાં કેદીની તબીબી તપાસ માટે આઈસોલેશન વોર્ડ કાર્યરત

અમદાવાદ

સાબરમતી જેલમાં કોરોનાનો રોગચાળો અટકાવવા માટે નવા કેદીની તબીબી તપાસણી માટે આઈસોલેશન વોર્ડ કાર્યરત કરવામાં આવ્યો છે. જેલમાં ૧૨ કેદી અને ૪ કર્મચારીને કોરોના આવ્યાં પછી તમામ કેદી-કર્મચારીને લીંબુ સરબત, દવા અને ઉકાળા આપવામાં આવે છે. દરિયાપુર પોલીસ સ્ટેશનના આરોપીને તા. ૭ના રોજ સાબરમતી જેલમાં લવાયા હતા. આ આરોપીને દરિયાપુર પોલીસ તા. ૮થી ૧૩ સુધી તપાસ માટે લઈ ગઈ હતી અને તા. ૧૪ના રોજ પરત મુકી ગઈ હતી. આરોપીઅને તા. ૨૩ સુધી ૧૫ દિવસ માટે સેપરેટ બેરેકમાં રાખવામાં આવ્યાં હતાં. તા. ૩ મેના રોજ રાતે બે વાગ્યે એક કેદીએ છાતીમાં દુઃખાવો થતો હોવાની ફરિયાદ કરતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. આ કેદીને પુનઃ પાછો જેલમાં લાવતાં પહેલાં સિવિલમાં કોરોના ટેસ્ટ કરાવાયો હતો. આ કેદીનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો છે.

સાબરમતી જેલમાં કુલ ૧૨ કાચા અને પાકા કામના કેદી ઉપરાંત તેમના સંપર્કમાં આવેલા ૪ જેલ કર્મચારી મળી કુલ ૧૬ લોકો કોરોનાગ્રસ્ત બનતાં સારવાર હેઠળ છે. સાબરમતી જેલ તંત્રએ જણાવ્યું કે, જેલમાં હાલમાં કુલ ૨૪૦૦ કાચા અને પાકા કામના કેદી છે. તમામ કેદીને કોરોના સંક્રમણથી બચાવવા માટે બહારથી આવેલા આરોપીની આરોગ્ય ચકાસણી કરવામાં આવે છે. આમાં કોરોના પોઝિટિવ આવ્યાં તેવા આરોપીને સારવાર માટે ખસેડાયાં છે. કોરોના અટકાવા માટે જેલમાં આઈસોલેશન વોર્ડ અને ક્વોરન્ટાઈન વોર્ડ ચાલુ કરવામાં આવ્યાં છે. આ વોર્ડમાં નવા આરોપી આવે તેને ૧૪-૧૪ દિવસ અલગ રાખવામાં આવે છે.

નવા કેદી-આરોપીને બેરેક સુધી લઈ જવા તથા આઈસોલેશન યાર્ડમાં ફરજ બજાવતાં તમામ ફરજ પરના જેલ કર્મચારીને પીપીઈ કીટ રોજેરોજ આપવામાં આવે છે. આ રીતે જેલ સ્ટાફ પર કોરોના સંક્રમણનો ભય રહેતો નથી. કેદી અને આરોપીઅને સંક્રમણથી બચાવવા માસ્ક, સેનેટાઈઝર, સાબુ, નેપકીય વગેરે ફાળવવામાં આવ્યાં છે. જેલ મેડીકલ અફીસર હેલ્થ ચેકઅપ કરે છે. કેદી-જેલ કર્મચારીઅની ઈમ્યુનિટી વધારવા આયુર્વેદિક ઉકાળા અને હોમિયોપેથી દવા, લીંબુ સરબત આપવામાં આવે છે. તમ જેલના પીઆરઅ ડી.વી. રાણાએ જણાવ્યું હતું.

અમદાવાદમાં ચાંપતો બંદોબસ્ત છતાં ૨૦૦ લોકો ખુલ્લેઆમ દારૂ પીવા આવતા નજરે પડ્યા

અમદાવાદ

કોરોના વાઇરસના કેસો કાબુમાં લેવા માટે રાજય સરકાર હવે ખૂબ જ ગંભીર બની છે અને લોકડાઉનનો કડક અમલ કરાવવા પોલીસને સૂચના આપી છે, પરંતુ પોલીસના લોકડાઉનના અમલની વચ્ચે બુટલેગરો બેફામ બની ગયા છે. લોકડાઉનની વચ્ચે અમદાવાદમાં અનેક જગ્યાએ દારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા છે, જેમાં ચાંદખેડા, ગોમતીપુર, અમદુપુરા વિજયમિલ બાદ હવે સોલા વિસ્તારમાં શીલજ ફાટક બ્રિજ નીચે દેશી દારૂનો અડ્ડો ચાલતો હોવાનું બહાર આવ્યું છે. દારૂના અડ્ડાની સામે જ આવેલા સાંદિપની બંગલોઝના રહીશોએ આ મામલે વીડિયો જાહેર કરી અને આ પ્રવૃત્તિઓ તાત્કાલિક બંધ કરાવવા સરકાર અને પોલીસને અપીલ કરી છે.

રાજય પોલીસવડાએ લોકડાઉનનો કડક અમલ કરાવાય છે તેવી વાત કરી હતી. કોરોના હવે સ્લમ વિસ્તારમાં કોરોના વાઇરસ વધુ ફેલાય છે. હવે સોલા પોલીસની હદમાં આવતા શીલજ ફાટક નજીક સાંદિપની બંગલોઝની સામે સાંજના સમયે ખુલ્લેઆમ લોકો દારૂ પીવા આવતા હોવાનો વીડિયો સામે આવ્યો છે. વીડિયોમાં લોકો દારૂ પીવા એકઠા થયા હોવાનું જણાય છે અને લોકડાઉનનો ખુલ્લેઆમ ભંગ થતો દેખાય છે. જેને લઈ સામે જ આવેલા સાંદિપની બંગલોઝના રહીશોએ એક વીડિયો જાહેર કર્યો છે.

ગીર પંથકના યુવાને ત્રણ ફૂટ દૂરથી સિંહ સાથે સેલ્ફી, બે લોકોની કરાઈ ધરપકડ

જુનાગઢ

એક શખ્સે બબ્બે સિંહ સાથે સેલ્ફી લેતો હોય એવો વીડિયો બનાવડાવ્યો હતો. અને તેને ટીકટોક એકાઉન્ટ પર અપલોડ પણ કર્યો હતો. આ વીડિયો વાયરલ થતાં વનવિભાગે તેને વેરાવળથી ઝડપી લીધો હતો. એક શખ્સ બે સિંહ સાથે સેલ્ફી લેતો હોય એવો એક વીડિયો સાવન યાદવ નામના ટીક ટોક એકાઉન્ટ પર અપલોડ થયો હતો. આ વીડિયો વાયરલ થયા બાદ વનવિભાગ પાસે પહોંચતાં વનવિભાગે તપાસ કરી એક શખ્સને ઝડપી લીધો છે. આ અંગે જૂનાગઢ નોર્મલ ડિવીઝનના ડીએફઓ સુનિલ બેરવાલે જણાવ્યું હતું કે, વેરાવળથી એક શખ્સને ઝડપી લેવાયો છે. અને તેની વીડિયો બનાવવા, વાયરલ કરવા કે અપલોડ કરવામાં શું ભૂમિકા છે તેની અમે તપાસ કરી રહ્યા છીએ. અટક કર્યા બાદ તેનો કોરોના રિપોર્ટ કરવા માટે સ્વોબનો નમુનો મોકલ્યો છે. અને રિપોર્ટ આવ્યા બાદ તેની વધુ પુછપરછ કરી શકાશે.

વલસાડ તંત્રએ શ્રમિકો પાસેથી રાત્રે જ ટિકિટના પૈસા માંગતા કોંગ્રેસે ચૂકવ્યા પૈસા

અમદાવાદ

ગુજરાતમાં એક તરફ કોરોના વાયરસનો કહેર જોવા મળી રહ્યો છે, ત્યારે બીજી તરફ રાજયમાં પરપ્રાંતિય શ્રમિકોને લઈના રાજકારણમાં ગરમાવો જોવા મળી રહ્યો છે. પરપ્રાંતિય શ્રમિકોને વતનમાં મોકલવાને લઈને તેમની પાસેથી ભાડું લેવાને લઈ દેશભરનું રાજકારણ ગરમાયું છે. પરપ્રાંતિય શ્રમિકો પાસેથી રેલવે વિભાગ ભાડું વસૂલે છે કે રાજ્ય સરકાર તે અંગે હજુ અસમંજસ જોવા મળી રહ્યો છે. જો કે પરપ્રાંતિય શ્રમિકોના ભાડાને લઈને કેન્દ્ર સરકાર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી હતી. જો કે ગુજરાતના વલસાડથી પરપ્રાંતિય શ્રમિકોને લઈને ઉપડનારી ટ્રેનમાં પરપ્રાંતિયો પાસેથી ભાડુ વસુલવાને લઈને રાજકારણ ગરમાયું છે. પ્રાપ્ત મળતી વિગત અનુસાર વલસાડથી ઉત્તર પ્રદેશ જવા માટે ટ્રન રવાના કરવામાં આવશે. જો કે રજીસ્ટ્રેશન કરેલા પરપ્રાંતિયોને વલસાડ પાલિકાએ એકાએક જાણ કરી ભાડાના પૈસા ચુકવવા માટે રાત્રે બોલાવ્યાં હોવાની વિગત સામે આવી છે. જો મજબૂરીમાં વતન જતા પરપ્રાંતિયો પાસેથી ટીકિટના પૈસા વસૂલવામાં આવતાં હોવાનો આક્ષેપ સાથે કોંગ્રેસે રોષ વ્યક્ત કર્યો છે. તકનો ફાયદો ઉઠાવવાને લઈને હમદર્દી મેળવવા માટે વલસાડ જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે અડધી રાત્રે પરપ્રાંતિયોને પૈસા આપવાની શરૂઆત કરી. આ અંગેની જાણ થતાં પરપ્રાંતિયોઓ કોંગ્રેસ કાર્યાલય બહાર ભાડુ લેવા ઉમટયાં હતા. સોશિયલ ડિસ્ટન્સ જાળવવા સાથે વલસાડ જિલ્લા કોંગ્રેસ દ્વારા ટિકિટ દીઠ રૂપિયા ૭૦૦ ચૂકવવામાં આવ્યાં. આમ કોંગ્રેસના આ દાવથી વલસાડ જિલ્લાના રાજકારણમાં ગરમાવો જોવા મળ્યો હતો.

અમદાવાદના શાહપુરમાં પથ્થમારા મામલે પોલીસે ૧૬ આરોપીની કરી ધરપકડ

અમદાવાદ

અમદાવાદમાં લોકાડાઉનનું લોકો પાલન કરી રહ્યા નથી જેને કારણે કોરોના બેકાબૂ બની રહ્યો છે. તો લોકડાઉનનું પાલન કરાવવા માટે પોલીસ દ્વારા સખત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. કોટ વિસ્તારમાં પેરા મિલિટરીની ટૂકડીઓ પણ મૂકવામાં આવી છે. કોરોના વાયરસનાં સૌથી વધારે કેસો કોટ વિસ્તારમાં જ છે. તેમ છતાં અહીંનાં લોકો દ્વારા લોકડાઉનનું પાલન કરવામાં આવતું નથી. અમદાવાદના શાહપુરમાં લોકડાઉનનું પાલન કરાવવા જતાં લોકોએ પોલીસ પર પથ્થરમારો કર્યો હતો. આ હુમલામાં શાહપુર પોલીસ સ્ટેશનનાં પીઆઈને ઈજા પહોંચી છે. હવે આ ઘટના મામલે મોટી કાર્યવાહી કરવામાં આવી છે. અમદાવાદના શાહપુરમાં પથ્થમારા મામલે મોટી કાર્યવાહી કરાતા પોલીસે ૧૬ આરોપીની ધરપકડ કરી છે.

આ ઘટના બાદ પોલીસે તપાસ કર્યા બાદ કોમ્બિંગ કરીને આરોપીને ઝડપ્યા હતા. પથ્થરમારાની ઘટના બાદ પેટ્રોલિંગમાં વધારો કરી દેવામાં આવ્યો છે. પોલીસ અને પેરામિલિટ્રીનું પેટ્રોલિંગ હાલ ચાલું છે. અમદાવાદના દરિયાપુર, ખાડિયા વિસ્તારમાં પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. અમદાવાદના શાહપુરમાં પથ્થરમારાની ઘટના બાદ તંત્ર કડક હરકતમાં આવી ગયું છે. અમદાવાદના અન્ય વિસ્તારોમાં પોલીસ અને પેરા મિલિટરીનું પેટ્રોલિંગ વધારી દેવામાં આવ્યું છે. શહેરના સંવેદનશીલ કહેવાતા દરિયાપુર, ખાડિયા, ગાયકવાડ હવેલી સહિતના વિસ્તારોમાં પેટ્રોલિંગ કડક કરી દેવામાં આવ્યું છે.

અમદાવાદમાં બેકાબૂ બનતાં કોરોનાને લઈ તંત્ર દ્વારા હાલમાં જ વધારેની પેરામિલિટરી ફોર્સની ટીમ તહેનાત કરવામાં આવી છે. તેમ છતાં હજુ પણ કોટ વિસ્તારનાં લોકો લોકડાઉનનો ભંગ કરી રહ્યા છે. શાહપુરના રંગીલા પોલીસ ચોકી પાસે સરકીવાડમાં લોકડાઉનનું પાલન કરાવવા જતાં પોલીસ અને લોકો વચ્ચે ઘર્ષણ થયું હતું. જે બાદ લોકોએ પોલીસ પર પથ્થરમારો કર્યો હતો.

પથ્થરમારાની ઘટના બનતાં જ પોલીસ પણ એક્શનમાં આવી ગઈ હતી. અને સ્થિતિને કાબૂમાં લેવા માટે પોલીસે ટિયરગેસના શેલ છોડ્યા હતા. શાહપુરમાં પથ્થરમારાની ઘટના બનતાં જ મોટી સંખ્યામાં પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. અને પોલીસનાં ઉચ્ચ અધિકારીઓ પણ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

જાહેરાતથી ઘરનાને ઘંટી ચાટવાનો વારો આવશે અને પારકાને આટો

અમદાવાદ

કોરોના સંકટ વચ્ચે ચીનમાંથી માઈગ્રેટ થઈ રહેલી વૈશ્વિક બજાર ધરાવતી કંપનીઓને ગુજરાત લાવવા માટે સીએમ રૂપાણી કંપનીઓને અમુક છુટાછાટ સાથે મંજુરી આપી છે. આ સંદર્ભે કોંગ્રેસના વરિષ્ઠ નેતા શક્તિસિંહ ગોહિલે ગુજરાતના નાના ઉદ્યોગકારોની ચિંતા કરતાં મુખ્યમંત્રી વિજય રૂપાણીને ટોણો માર્યો છે કે, ઘરના ઘંટી ચાટે અને પારકાને આટો.

સીએમ રૂપાણીએ વૈશ્વિક બજાર ધરાવતી મોટી કંપનીઓને માત્ર ૨૧ દિવસમાં પરિમશન આપી, જમીન ફાળવવાની બાંહેદરી પણ આપી છે. આ ઉપરાંત શ્રમિકોના કાયદામાં પણ ઘણી બધી છુટછાટ અપાઈ છે. સીએમ રૂપાણીએ વૈશ્વિક કંપનીઓને આમંત્રિત કરી ગુજરાતના નાના ઉદ્યોગકારોને ફાયદો ન થવાનો હોવાના મતે શક્તિસિંહ ગોહિલે સીએમ રૂપાણી સામે નિશાન તાક્યું છે. શક્તિસિંહ ગોહિલે કહ્યું કે, વિદેશના નવા ઉદ્યોગો માટેની જાહેરાતથી આઘાત અને આશ્ચર્ય થયું. આ જાહેરાતથી ઘરનાને ઘંટી ચાટવાનો વારો આવશે અને પારકાને આટો. વિદેશથી આવતી કંપનીઓ શ્રમિકોનું પણ શોષણ કરશે. શ્રમિકોના ત્રણ કાયદાઓમાં છોડી તમામ કાયદાઓણાં છૂટ શ્રમિકો માટે ઘાતક બનશે. આ ઉપરાંત વિદેશી ઉદ્યોગો માટેનો પ્રેમ છોડી સ્થાનિક ઉદ્યોગો માટે વિચારણા થાય તો સારૂ. આ સાથે કોંગ્રેસે ઉદ્યોગોને તાત્કાલિક સ્ટિમ્યુલસ પેકેજની જાહેરત કરવાની સરકાર પાસે માંગ કરી છે.

મનપા કમિશનર એમ.એ.ગાંધીની ભાવનગરવાસીઓને અપીલ

ભાવનગરની વસ્તી ૭ લાખની છે, સ્ટાફ માત્ર ૨ હજાર છે,લોકો જાગૃત બને

ભાવનગર

ભાવનગર શહેર અને જિલ્લામાં અત્યાર સુધી કોરોના વાઈરસના ૯૨ પોઝિટિવ કેસ નોંધાયા છે, જેને લઈને ભાવનગર મહાનગર પાલિકાના કમિશનર એમ.એ.ગાંધીએ સાફ શબ્દોમાં તેમની મર્યાદા બાબતે જણાવ્યું હતું કે, ભાવનગરની વસ્તી ૭ લાખની છે અને સ્ટાફ બે હજારનો છે દરેક જગ્યાએ ઝડપી ચેકઅપ કરવું શક્ય નથી. લોકોએ જાતે જાગૃત બનવાની જરૂર છે અને કોઈ લક્ષણ કે બીમારી જણાય તો નજીકના હેલ્થ સેન્ટર પર ચેકઅપ માટે જવું જોઈએ. અત્યાર સુધીમાં ભાવનગર શહેરમાંથી ૧૬૦૦ ઉપરાંત અને કુલ ૨૩૫૦ જેટલા ટેસ્ટ કરવામાં આવ્યા છે, જે ગુજરાતના અન્ય શહેરો કરતાં આંકડો આગળ છે. ઝીણામાં ઝીણી બાબતોનો પુરતો અભ્યાસ કરી કોરોનાને અટકાવવા માટે માઈક્રો પ્લાનિંગ સાથે આગળ વધી રહ્યાં છીએ. મ્યુનિસિપલ કમિશનરે જણાવ્યું હતું કે, ડોર ટુ ડોર સર્વેની કામગીરી ચાલી રહી છે. વોર્ડમાં આવેલ હેલ્થ સેન્ટર ખાતે સેમ્પલ લેવાની કામગીરી દરરોજ ચાલી રહી છે. આ ઉપરાંત જ્યાં વધુ લોકો સંપર્કમાં આવતા હોય છે, તે રાશન શોપ, ફ્રુટ શાકભાજી વેચવાવાળાઓ, કરિયાણાના વેપારીઓનું હેલ્થ ચેકઅપ કરવામાં આવી રહ્યું છે.

વહેલી સારવારથી મૃત્યુદર ઘટી શકે છે, તબીબો સાથે બેઠક યોજી માર્ગદર્શન કર્યું

કોરોના સંકટઃ મોડા દાખલ થતાં હોવાથી મૃત્યુદર વધ્યોઃ ગુલેરિયાનું તારણ

એઇમ્સના ડિરેકટરનો સોનેરી મંત્રઃ કોરોનાના લક્ષણો જણાતા તુરત ટેસ્ટ કરાવો.પોતાની અને બીજાની જીંદગી બચાવો...

અમદાવાદ

રાજયમાં અને ખાસ કરીને અમદાવાદ વધતા જતા કોરોનાનાન કેસોને લઇ મોડી રાતે દિલ્લી એઇમ્સના ડો. રણજીત ગુલેરિયા તેમની ટીમ સાથે અમદાવાદ આવી પહોંચ્યા હતા. સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધા બાદ એઇમ્સના ડાયરેક્ટરે જણાવ્યું છેકે, હોસ્પિટલમાં સારવાર સારી થઇ રહી છે. લક્ષણો જણાતા હોય તો ટેસ્ટ કરાવો.પોતાની અને બીજાની જીંદગી બચાવો. અહિંયા મોડા દાખલ થાય છે તેથી મૃત્યુદર વધ્યો છે. વહેલી સારવારથી મૃત્યુદર ઘટી શકે છે. લક્ષણ દેખાય તો લોકો તુરંત ટેસ્ટ કરાવે અને અહીંયા લક્ષણો લઈને દર્દી કોવિડ હોસ્પિટલમાં જાય છે. તો સ્ટાફ આટલા લક્ષણો પૂરતા નથી હજી અઠવાડીયું રહીને આવો એમ કહીને પાછા ધકેલે છે. ઉંમરલાયક લોકો અને ખાસ જેઓને બીમારી છે તેવા લોકોનું ધ્યાન રાખવું જોઇએ. લક્ષણ દેખાય તો તરત સારવાર માટે જવું જોઇએ.

આજે સવારે ૯ વાગ્યે ડો. રણજીત ગુલેરિયા તેમની ટીમ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં પહોંચી હતી. આરોગ્ય વિભાગના સચિવ ડો. જયંતી રવિ, સિવિલમાં તાત્કાલિક એમ.એમ. પ્રભાકર સહિતના સિનિયર ડોકટરો સાથે કોરોનાની સારવાર અને તેની માહિતી અને પ્રેઝન્ટેશન અંગેની બેઠક યોજાઇ હતી.. ડો.રણદીપ ગુલેરીયા અને મનીષ સૂનેજાએ અમદાવાદ મેડી સિટી કેમ્પસમાં અસ્મિતા ભવન ખાતે સ્થાનિક તબીબો સાથે બેઠક યોજી તેમનું માર્ગદર્શન કર્યું હતું.

ગુજરાતમાં કોરોના વાયરસનો વિસ્ફોટ યથાવત છે. ગુજરાતમાં અમદાવાદ કોરોનાનું કેન્દ્ર બન્યું છે ત્યારે ૩૦૦થી વધુ લોકોના અત્યાર સુધીમાં મોત થયા છે. અમદાવાદમાં ૫૨૦૦થી વધુ કેસ સામે આવી ચૂકયા છે. આ બધાની વચ્ચે ગૃહમંત્રી અમિત શાહના આદેશથી એઇમ્સ (દિલ્હી)ના ડાયરેકટર ડૉ.રણદીપ ગુલેરિયા અને ડૉ.મનીષ સુરજા અમદાવાદ પહોંચ્યા હતા.. બંને સિવિલ હોસ્પિટલ અને એસવીપી હોસ્પિટલની મુલાકાત લીધી હતી. સિવિલ હોસ્પિટલ અને એસવીપી હોસ્પિટલના ડૉકટર્સને કોરોનાની સ્થિતિ પર કાબૂ મેળવવા માટે માર્ગદર્શન આપ્યું હતું.

આજે સવારથી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં આરોગ્ય વિભાગના સચિવ ડો. જયંતી રવિ, સિવિલમાં તાત્કાલિક એમ.એમ. પ્રભાકર સહિતના સિનિયર ડોકટરો સાથે કોરોનાની સારવાર અને તેની માહિતી અને પ્રેઝન્ટેશન અંગેની બેઠકો થઈ હતી. ત્યારે ડો.રણદીપ ગુલેરીયા અને મનીષ સૂનેજાએ અમદાવાદ મેડી સિટી કેમ્પસમાં અસ્મિતા ભવન ખાતે સ્થાનિક તબીબો સાથે બેઠક યોજી તેમનું માર્ગદર્શન કર્યું હતું. ત્યારબાદ દિલ્હી એઈમ્સના ડાયરેક્ટર ડૉ.રણદીપ ગુલેરીયાએ એક પ્રેસ કોન્ફરન્સ સંબોધી હતી.

ડૉ.રણદીપ ગુલેરીયાને હોસ્પિટલમાં આઈસીયુ એક ફ્લોર પર જ રાખવા સલાહ આપી હતી. ત્યારબાદ પીપીઈ કિટના ઉપયોગ અંગે પણ મહત્વપૂર્ણ માર્ગદર્શન આપ્યું છે. તેમણે જણાવ્યું કે, હોસ્પિટલમાં તબીબો અને દર્દી વચ્ચે સારુ સંકલન જોવા મળ્યું છે. છેલ્લા ૨ મહિનાથી એઈમ્સ પણ સ્ટાફના સંપર્કમાં છે. કેટલાક દર્દીઓમાં કોરોનાના સામાન્ય લક્ષણો દેખાઈ રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે, પોઝિટિવ લોકો આઈસોલેટ થશે તો ઈન્ફેક્શન બીજા લોકોમાં નહીં ફેલાય. કોરોનાથી ડરવાની જરૂર નથી, પણ બિમાર લોકોએ સતર્ક રહેવાની જરૂર છે. દિલ્હી એઈમ્સના ડાયરેક્ટર ડૉ.રણદીપ ગુલેરીયા, ડૉ.મનીષ સુનેજાએ અમદાવાદમાં આરોગ્ય વિભાગના અધિકારીઓ સાથે બેઠક પૂર્ણ કરી હતી. ત્યારબાદ બે અનુભવી ડોક્ટરોએ જુનિયર તબીબ, પેરામેડિકલ સ્ટાફ સાથે બેઠક યોજી હતી. બન્ને ડોક્ટર્સે અમદાવાદમાં કોરોનાની સ્થિતિને લઈ સમીક્ષા કરી હતી અને હોસ્પિટલના તબીબો અને દર્દીઓ સાથે વાતચીત કરી હતી.

રાજકોટ લોકડાઉન છતાં જંગલેશ્વરમાં ૨૦૦ લોકોનું ટોળુ એકત્ર થતાં પોલીસે લાઠીચાર્જ કર્યો

રાજકોટ

રાજકોટના જંગલેશ્વર વિસ્તારની એકતા સોસાયટીમાં ૨૦૦ જેટલા પરપ્રાંતીયોનું ટોળું એકઠું થતાં પોલીસે હળવો લાઠીચાર્જ કર્યો હતો. જને પગલે લોકોમાં દોડધામ મચી ગઇ હતી અને જોતજોતામાં જ ટોળુ વિખેરાઇ ગયું હતું. આ સમગ્ર ઘટના સીસીસીવીમાં કેદ થઇ ગઇ હતી. ઘટનાની જાણ થતાં જ પોલીસના ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને પરિસ્થિતિ કાબુમાં લીધી હતી. એક જ સમયે જંગલેશ્વર વિસ્તારમાં રસ્તામાં ૨ હજાર લોકો એકત્ર થઇ ગયા હતા.

ભક્તિનગર પોલીસ સ્ટેશનના પીઆઇ વિરલ ગઢવીએ જણાવ્યું હતું કે, અમે સમજાવી અને તેમના ઘરોમાં પરત મોકલ્યા હતા. તેઓ ભૂખ્યા હોવાની રજૂઆત કરતાં તેઓને બોલબાલા ટ્રસ્ટ તરફથી જમવાનું પણ મંગાવી જમાડી પણ દીધા છે, કોઇપણ જાતનો ઘર્ષણ કે સંઘર્ષ થયો નથી.

સાબરકાંઠાથી મહેસાણા આવેલા ૧૨૦૦ પરપ્રાંતિયો ટ્રેન મારફતે યુપી રવાના કરાયા

ગાંધીનગર

લોકડાઉન ઘણો સમય વીતી ગયો છે, ત્યારે શ્રમજીવી લોકો માટે ગુજરાન ચલાવવું મુશ્કેલ બન્યું છે. જો કે આ પરિસ્થિતિમાં પરપ્રાંતીય શ્રમિકો અને તેમનો પરિવાર ભારે મુશ્કેલી અનુભવી રહ્યો છે. ગુજરાતમાં કામ પેટિયું રડવા આવેલા પરપ્રાંતિઓને વતન જવા માટેની વ્યવસ્થાઓ કરાઈ છે.પરપ્રાંતિઓને ગુજરાત સરકારની સરકારી એસટી બસમાં સોશિયલ ડિસ્ટન્સ સાથે મહેસાણા રેલવે સ્ટેશન પર લાવી તેમનું મેડિકલ ચેકપ સાથે ફૂડ પેકેટ અને પીવાના પાણીની વ્યવસ્થા કરી આપી છે. મહેસાણા વહીવટી તંત્ર દ્વારા તેમને રેલવેથી ઉત્તર પ્રદેશના ઉનાવ ખાતે મોકલવામાં આવ્યા છે. મહત્વનું છે કે. આર્થિક મારથી પીડાતા આ શ્રમિકો અને તેમનો પરિવાર રોજગાર માટે ગુજરાતના સાબરકાંઠામાં વસ્યો હતો. પરંતુ હાલની પરિસ્થિતિ એ વિવશ બનાવી દેતા તેઓ પોતાના વતન પરત ફર્યા છે. જેની ખુશી સાથે સરકારની વ્યવસ્થા પર પરપ્રાંતિઓએ સ્નેહની લાગણી અનુભવી છે.

લોકડાઉનમાં સત્યનારાયણની કથા કરવા બદલ પોલીસે ગુનો નોંધી કરી ૨૨ લોકોની ધરપકડ

કાલાવડ

કોરોના સંક્રમણ ન ફેલાય તે માટે સરકાર, મિડીયા સતત લોકોને કહેતા આવ્યા છે કે ઘરથી બહાર ન નિકળો, જાહરેમાં ટોળામાં ન ઉભા રહો શોસ્યલ ડીસ્ટન્સ જાળવો પણ છતા કેટલાક લોક પર આ સુચનની લેશ માત્ર અસર થતી નથી અને એટલે જ લોકડાઉનની સ્થિતિમા પણ બહાર નિકળી ભીડનો હિસ્સો બને છે. કાલાવડના બામણ ગામની જો વાત કરીએ તો આ ગામમાં જાહેર કાર્યક્રમોની ના હોવા છતા ન જાણે તેમ સત્યનારાયણની કથાનું આયોજન કરવામાં આવ્યું. જો કે આ વાતની જાણ પોલીસને થતા પોલીસ આ કથામાં પહોચી અને ૨૨ લોકો વિરુધ્ધ જાહેરનામાના ભંગ બદલ તમામ ૨૨ લોકોની ધરપકડ કરી હતી.

કોરોના મામલે ભ્રમ ફેલાવવા બદલ બાબા રામદેવ સામે અમદાવાદમાં ફરિયાદ

અમદાવાદ

કોરોના સંકટમાં બાબા રામદેવ દ્વારા એક ખાનગી ચેનલમાં કોરોનાના ઈલાજની ભ્રામિક વાતો હોવાના આક્ષેપ સાથે અમદાવાદમાં બાબા રામદેવ સામે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. બાબા રામદેવ સામે લોકોને ગેરમાર્ગે દોરવાનો અને ભ્રમ ફેલાવવાનો આરોપ છે.અમદાવાદમાં બાબા રામદેવ સામે પોલીસ ફરિયાદ થઈ છે. કોંગ્રેસના રાષ્ટ્રીય કોર્ડિનેટર હિતેન્દ્ર પીઠડીયાએ ફરિયાદ નોંધાવી છે. કોરોના મહામારીમાં ભ્રમિત કરવાનો બાબા રામદેવ પર આરોપ લગાવવામાં આવ્યો છે. ખાનગી ચેનલમાં ડિબેટમા ભ્રમિત કરવા મામલે ફરિયાદ દાખલ થઈ છે. ખાનગી ચેનલમાં બાબા રામદેવે રામબાણ ઈલાજનો દાવો કર્યો.

રાજકોટમાં જંગવડ પાસે ટ્રક અને કાર વચ્ચે અકસ્માત થતા ૨ લોકોના મોત

રાજકોટ

જિલ્લાના ભાવનગર હાઈવે પર આટકોટ નજીક જંગવડ પાસે આવે ગોળાઈમાં કાર અને ટ્રક વચ્ચે અકસ્માત થતા ઘટના સ્થળે બે વ્યક્તિનાં મોત નિપજયા હતા. સેવાભાવી લોકો ઘટનાસ્થળે પહોંચીને ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતા પંકજભાઈ તથા ડૉક્ટર ઈન્દ્રજીત ડાંગર અને આટકોટ પોલીસ ઘટના સ્થળે પહોંચ્યા હતા. મૃતકોને પીએમ માટે જસદણ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. મૃતક ભાવનગરના હીતેશભાઈ ડાભી અને તેમના મિત્ર વિશાલભાઈ મહેતા બન્નેનું ઘટના સ્થળે મોત થયું હતું. કાર ડિવાઈડર ક્રોસ કરીને સામેથી આવતા ટ્રક સાથે અથડાઈ હતી. મળતી વિગતો અનુસાર, હિતેશભાઈના પત્ની વાંગ્રા ગામે તેમના પિયરે હોય તેમને તેડવા જતા હતા. આ દરમિયાન જંગવડ પાસે અકસ્માત સર્જાયો હતો. આ જગ્યા પર અવાર નવાર અકસ્માતના બનાવો બનતા રહે છે.

માનવતાઃ રાજકોટમાં પરપ્રાંતિયોને વતન મોકલવા ૬ કર્મીની પોલીસ ટીમ કરે છે ૧૬ કલાક કામ

રાજકોટ

લોકડાઉનને કારણે રાજકોટ જિલ્લામાં પરપ્રાંતીઓ મજૂરો પોતાના વતન જવા ઉતાવળ કરી રહ્યા છે. ત્યારે સરકારે છેલ્લા બે દિવસથી ખાસ ટ્રેનો દોડાવવાનું શરૂ કર્યું છે. પરંતુ આ મજૂરો તંત્રની પરમિશન લઈને જ જઈ શકશે. તો આવા મજૂરો માટે તેમની માહિતી જેમકે, તેમના નામ સરનામું અને તેમની એપ્લિકેશન અરજીઓથી લઈ કઈ રીતે તેને મંજૂરી આપવી તેના માટે રાજકોટમાં એક એસીપીની સાથે છ લોકોની ટીમ રોજનાં ૧૬ કલાકની મહેનત કરી રહ્યાં છે. રાજકોટ એસીપી એચ.એલ રાઠોડના જણાવ્યા મુજબ ગોંડલ રોડ પર સિવિક સેન્ટરમાં છ લોકોની પોલીસની ટીમ રાત-દિવસ જોયા વગર પરપ્રાંતિય મજૂરોનાં ડેટા પર કામ કરી રહી છે.

જેમાં એક એપ્લિકેશન બનાવવામાં આવી છે. જેમાં મજૂરોનું નામ નાખતા જ તેમની તમામ વિગત આવી જાય છે. અલગ અલગ વિસ્તારના મજૂરોએ અલગ અલગ પોલીસ સ્ટેશનમાં અરજીઓ કરી હોય છે તે તમામ અરજીઓ સેન્ટર પર આવે છે. અહીં આવ્યા પછી તેમને અલગ પાડવામાં આવે છે. એપ્લિકેશનમાં તેમના ડેટા મૂકવામાં આવે છે અને ગૂગલ મેપની મદદથી ક્યા પરપ્રાંતિયોને ક્યુ મુખ્ય સ્ટેશન નજીક પડે તેની વિગતને આધારે તેમને ત્યાં મોકલવામાં આવે છે.

આંકડાકીય વિગતો આપતા પોલીસે વધુ જણાવ્યું હતું કે, રાજકોટ સિટીમાં ૫૦,૦૦૦ જેટલા પરપ્રાંતિય મજૂરો છે. જેમાં ૧૧ હજારથી વધુ મજુરોને પોતાના વતન જવું છે તેવી અરજીઓ આવી છે અને તમામ નું લિસ્ટ તૈયાર છે જે રીતે ટ્રેન રવાના થશે એ રીતે તબક્કાવાર તેમનો વારો આવશે હાલ પાંચવારમાં પાંચ હજાર જેટલા મજૂરો રવાના કરી દેવામાં આવ્યા છે.

કોરોનાને પગલે અમદાવાદમાં વાળંદોએ શલૂનોને લઈ જાહેર કરી ગાઈડલાઈન

અમદાવાદ

સતત વધી રહેલા કોરોનાના કેસને પગલે લોકડાઉનને હજુ પણ લંબાવાશે કે કેમ તે અંગે આવનારા સપ્તાહમાં નિર્ણય લેવાશે. ૨૫ માર્ચથી ચાલી રહેલા લોકડાઉનને લીધે લોકોને કેટલીક સેવાઓની હવે ખૂબ જ ખોટ સાલી રહી છે અને તેમાં વાળંદનો પણ સમાવેશ થાય છે. દોઢ મહિનાથી વાળંદની દુકાન તેમજ પાર્લર બંધ છે. લોક ડાઉનમાં છૂટછાટ આપવામાં આવે તો પણ વાળંદને તેની સેવા શરૂ કરવા મંજૂરી અપાશે કે કેમ તે અનિશ્ચિત છે. પરંતુ વાળંદની દુકાન હવે જ્યારે પણ ખૂલશે ત્યારે તેમાં વાળ કપાવવા-દાઢી કરાવવા જતી વખતે ગ્રાહકોને નવા નિયમનું ચોક્કસ પાલન કરવું પડશે.

લોકડાઉન બાદ વાળંદોએ કઈ સાવચેતી રાખવી પડશે તેના અમદાવાદ બાર્બર એસોસિયેશન દ્વારા કરાયેલા સૂચનો.

કસ્ટમર દુકાનમાં એન્ટર થાય, તરત જ દુકાન શટર પાસે જ સેનીટાઈજર, ફુવારા સ્પ્રે કરી કસટમરને સેનિટાઇઝેશન કરવા.

સલુન માટે સ્પેશ્યલ ૂ્ર ૯૫ માસ્ક પહેરવું

૪-૫ વાર કપુરનો ધૂપ દુકાનમાં અવશ્ય કરવો.

યુઝ ૬ થ્રો નેપકીન રૂમાલને રેઝર રાખવા.

વાળંદ કામના સાધનોને વખતો વખત ઉકાળેલા પાણીથી અથવા ડેટોલવાળા પાણીથી સાફ કરી સેનિટાઈઝેશન કરવુ.

હેન્ડ ગ્લોવ્સ (હાથ મોજા) પહેરવા.

વાળંદ કારીગર ભાઈઓ કપડા ઉપર આખુ શરીર ઢંકાઇ જાય તેવુ એપ્રોન પહેરવું.

શક્ય હોય તો ગ્રાહકને પ મિનિટ સ્ટીમ આપી પછી વાળ કાપવા જેથી ઈન્ફેકશન ન થાય.

ઝડપથી કપાય તેવી સ્ટાઈલના વાળ કટ ને દાઢી ટ્રિમ કરો, ક્લિન ના કરવી.

બને ત્યાં સુધી જાણીતા ગ્રાહકનું જ કામ કરવું.

અસર ગ્રસ્ત વિસ્તારને બદલે અન્ય વિસ્તારમાં કામ કરવાનું રાખો.

ગ્રાહકની બધી માહિતી એક બુકમાં લખો નામ, નંબર, એડ્રેસ તારીખ સમય વગેરે જેથી સરકાર દ્વારા કોઇ ઈક્વાયરી થાય તો તેમને સહકાર આપી શકાય.

ગ્રાહક પોતાના ઘરેથી નેપકીન વગેરે લાવે, અસ્ત્રા બ્લેડ લાવે તેવુ આપડે સુચન કરી શકાય.

શરદી ઉધરસ ખતા લોકો ને ના જ પાડવાનું રાખવું.

આલ્કોહોલિક ક્રીમનો ઉપયોગ કરવો.

સતત ૩ દિવસ સુધી ટ્રેન મારફતે મધ્યપ્રદેશના શ્રમિકોને વતન પહોંચાડાશે

પોરબંદર

કોરોના વાયરસને કારણે સમગ્ર દેશમાં હાલ લોકડાઉન હોવાથી ગુજરાતમાં મજુરી અર્થે આવેલ મધ્યપ્રદેશ સહિતના રાજયોના પરપ્રાંતીય શ્રમિકો પોતાના વતન જવા સરકાર પાસે માંગ કરી રહ્યા હતા. ત્યારે પોરબંદર જિલ્લામાં પણ ૩૬૦૦ જેટલા મધ્યપ્રદેશના શ્રમિકોને આજથી ટ્રેન મારફત પોતાના વતન પહોંચાડવાની શરૂઆત કરવામાં આવી છે. લોકડાઉનની પરિસ્થિતિ છે ત્યારે ગુજરાત સહિતના રાજયોમા મજુરી અર્થે આવેલ હજારો શ્રમિકો પોતાના વતન જવા પાસે સતત પ્રયાસો કરી રહ્યા હતા. સંપૂર્ણ લોકડાઉન હોય કોઈપણ પ્રકારની વાહનવ્યવહારની સુવિધા તેમજ વતન જવા માટેની મંજુરી નહી હોવાથી તેઓએ સરકાર પાસે પોતાને વતન પહોંચાડવા માંગ કરી હતી. શ્રમિકો આમતો અનેક વખત પોતાના પરિવાર સાથે ટ્રેન-બસ સહિતમા મુસાફરી કરી પોતાના વતન જતા હોય છે.

પરંતુ આજે તમામ શ્રમિકોના ચહેરા પર એક અલગ જ ખુશી જોવા મળી રહી હતી કારુણ કે તેઓ છેલ્લા ઘણા સમયથી વતન પરત ફરવાની રાહ જોઈ રહ્યા હતા. પોરબંદર જિલ્લામાં કુલ ૫૦૦૦ હજારથી વધુ પરપ્રાંતીય શ્રમિકો મજુરી અર્થે આવેલા છે જેઓ પોતાના વતન પરત ફરવા માંગે છે તેમાંથી અંદાજે ૩૬૦૦ જેટલા શ્રમિકો મધ્યપ્રદેશના છે આજથી ત્રણ દિવસ સુધી દરરોજ સવારે ટ્રેન મારફત ૧૨૦૦ જેટલા શ્રમિકોને મધ્યપ્રદેશ મોકલવામાં આવશે.આજે વહેલી સવારે મધ્યપ્રદેશ જવા રવાના થયેલી ટ્રેનને પોરબંદરના ધારાસભ્ય અને જિલ્લા કલેકટર સહિતના અધિકારીઓની ઉપસ્થિતિમાં ઝંડી બતાવી રવાના કરવામાં આવી હતી.

શ્રમિકોની ટિકિટને લઈ હાલમાં જે વિવાદ ચાલી રહ્યા છે ત્યારે આ તમામ શ્રમિકોની ટિકિટની રકમ મધ્યપ્રદેશ સરકારે જ રેલ્વેને એડવાન્સમા ચુકવી દીધી હોવાનુ ધારાસભ્ય અને જિલ્લા કલેકટર દ્વારા જણાવવામા આવ્યું હતુ. લોકડાઉનને કારણે છેલ્લા ઘણા દિવસથી પોતાના વતન પરત ફરવા માગતા મધ્યપ્રદેશના તમામ શ્રમિકો માટે પોરબંદર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જે રીતે તેઓની યાદી બનાવી વતન મોકલાવા જે વ્યવસ્થા કરાઈ છે તેને લઈ તેમજ શ્રમિકોની તમામ ટિકિટની રકમ ચુકવવા બદલ મધ્યપ્રદેશ સરકારનો પણ આ શ્રમિકોએ આભાર માન્યો હતો.

અમદાવાદમાં બેકાબૂ કોરોનાને નાથવા ડો.એમ.એમ.પ્રભાકર હવે મેદાનમાં

અમદાવાદ

અમદાવાદમાં કોરોના બેકાબૂ બન્યો છે. ત્યારે પહેલા મનપા કમિશનરને હટાવ્યા બાદ જુના અને જાણીતા અધિકારીઓની નીમણૂંક બાદ કેન્દ્રમાંથી તજજ્ઞો બોલાવવામાં આવ્યા છે અને હવે કોવીડ-૧૯ હોસ્પિટલનો ચાર્જ જુના અને જાણીતા રિટાર્ડ ડો. એમ એમ પ્રભાકરને સોંપવામાં આવ્યો છે. અમદાવાદમાં કોરોનાના કેસ વધતા આરોગ્ય તંત્રનો મહત્વનો નિર્ણય લીધો છે. સિવિલ હોસ્પિટલના અનુભવી રિટાયર્ડ સુપરિન્ટેન્ડન્ટને મેદાનમાં ઉતાર્યા છે.

ડો.એમ.એમ.પ્રભાકરને સિવિલ કોવિડ હોસ્પિટલનો ચાર્જ સોંપાયો છે. ડો.એમ.એમ.પ્રભાકરને કોરોનાને કાબૂમાં લેવા માટે મેદાનમાં ઉતાર્યા છે. બહોળા અનુભવને લઈ સિવિલ કોવિડ હોસ્પિટલનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. એઈમ્સના ડિરેક્ટર ડો.રણદીપ ગુલેરિયા, ડો. મનિષ સુલેજા આજે અમદાવાદમાં છે.

'કોરોના વોરિયર્સ' માટે પ્રોત્સાહન પગારની સરકારે કરી જાહેરાત

એએમસીની જાહેરાત બાદ રૂપાણી સરકારને યાદ આવ્યા કોરોના વોરિયર્સ

ગાંધીનગર

ગુજરાતમાં કોરોના વાયરસે હાહા કારમચાવ્યો છે ત્યારે ગઈ કાલે જ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એક અગત્યનો નિર્ણય લેવામાં આવ્યો હતો જેમાં 'કોરોના વોરિયર્સ' માટે પ્રોત્સાહન પગારની જાહેરાત થઈ ગઈ હતી ત્યારે આજે ગુજરાત સરકાર દ્વારા પણ આ જાહેરાત કરવામાં આવી છે. અગાઉ પણ સરકારે લોકડાઉનમાં છૂટછાટ આપી દીધા બાદ પણ અમદાવાદ મ્યુનસિપલ કોર્પોરેશનના મ્યુ. કમિશનર વિજય નેહરાએ અમદાવાદને સજ્જડ બંધ રહેવાની જાહેરાત કરી હતી આ બાદ ફરીથી સરકારે પોતાના નિર્ણયમાં ફેરબદલ કરવા પડ્યા હતા.

કોરોનાની સારવાર માટે ઊભી કરાયેલી સરકારી કોવીડ૧૯ હોસ્પિટલોમાં દર્દીઓની સારવાર કરતા સાચા 'કોરોના વોરિયર્સ' ડોક્ટરો, પેરામેડિકલ કર્મચારીઓ, સફાઈ કર્મચારીઓ અને અન્ય અધિકારી-કર્મચારીઓને રાજય સરકાર વિશેષ પ્રોત્સાહન આપશે. સમર્પણ અને સેવાભાવથી નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા મેડિકલ અને પેરામેડિકલ અધિકારીઓ અને કર્મચારીઓને પ્રોત્સાહિત કરવા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આ નિર્ણય લીધો છે. જો કે આ નિર્ણય લેવામાં પણ સરકાર મોડી પડી છે આ અંગે ગઈકાલે જ અમદાવાદ મનપા દ્વારા નિર્ણય લેવાઈ ગયો હતો.

આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડૉ. જયંતી રવિએ આજે આ નિર્ણયની જાહેરાત કરતાં કહ્યું હતું કે, કોરોનાના દર્દીઓ સાથે સીધા સંપર્કમાં રહીને નિદાન, તપાસ અને સારવાર આપતા ડોક્ટરો, પેરામેડિકલ કર્મચારીઓ, સફાઈ કર્મચારીઓ, લેબ ટેકનીશીયન તેમજ કોરોનાના શંકાસ્પદ દર્દીઓના નમૂના લેવાની કામગીરી સાથે સંકળાયેલા અધિકારી-કર્મચારીઓ કે જેમણે ૩૦ દિવસ કે તેનાથી વધારે દિવસો સુધી આ કામગીરી કરી હોય તેમના આ સમર્પિત ભાવને પ્રોત્સાહિત કરવા ખાસ પ્રોત્સાહક માનદવેતન આપવાનો મુખ્યમંત્રી રૂપાણી એ નિર્ણય કયો છે.

વર્ગ-૧ અને વર્ગ-૧ સંવર્ગના તબીબી અધિકારીઓને પ્રોત્સાહન રૂપે રૂ. ૨૫,૦૦૦ નું માનદ મહેનતાણું આપવામાં આવશે. નર્સિંગ સ્ટાફ, લેબ આસિસ્ટન્ટ સહિત વર્ગ-૩ના કર્મચારીઓને રૂ. ૧૫,૦૦૦ નું માનદ પ્રોત્સાહક મહેનતાણું અપાશે. વર્ગ-૪ સંવર્ગમાં ફરજ બજાવતા કર્મચારીઓને રૂ. ૧૦,૦૦૦ નું માનદ મહેનતાણું અપાશે. જયારે આઉટસોર્સિંગ અને ફિક્સ પગારમાં સેવા આપતા કર્મચારીઓને રૂ. ૫,૦૦૦ નું માનદ મહેનતાણું પ્રોત્સાહન તરીકે અપાશે. તેમની સેવાઓની કદર કરીને આ પ્રોત્સાહક મહેનતાણું એક વખત એટલે કે સિંગલ ટાઈમ અપાશે.

લોકડાઉનના કારણે સહાયથી વંચિત રહી ગયેલા ડાંગના ખેડૂતો ૩૧ મે સુધી આઈ ખેડૂત પોર્ટલ પર અરજી કરી શકશે

આહવા

ડાંગ જિલ્લાના ખેડૂતોને જણાવવાનું કે સરકાર વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાના સંકલ્પ સાથે આગળ વધી રહી છે. ત્યારે રાજ્યના ખેડૂત ખાતેદારો ખેતીવાડી ખાતાની વિવિધ સહાય યોજનાઓમાં જુદા જુદા ધટકો હેઠળ સહાય મેળવવા માટે ઓનલાઈન અરજીઓ કરી શકે એ હેતુ અર્થે રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૦-૨૧ માટે ૦૧ લી માર્ચથી ૩૦ મી એપ્રિલ એમ કુલ બે માસ માટે આઈ ખેડૂત પોર્ટલ (ikhedutprotal) ખુલ્લુ મુકવાનું નક્કી કરવામાં આવેલ હતું. પરંતુ હાલમાં પ્રવર્તમાન નોવેલ કોરોના વાઈરસના સંક્રમણના કારણે છેલ્લા એક માસથી લોકડાઉનના કારણે ખેડૂતો અરજી કરવાથી વંચિત રહી ગયેલ હોય તથા ખેડૂત વિવિધ સહાય યોજનાઓનો લાભ લઈ શકે તે માટે આઈ ખેડૂત પોર્ટલ (ikhedutprotal) પર નવી અરજી મેળવવા માટે તા.૦૫/૦૫/૨૦૨૦ થી તા.૩૧/૦૫/૨૦૨૦ સુધી ખુલ્લુ મુકવામાં આવેલ છે. આ પોર્ટલના માધ્યમ થકી ખેડૂતો ઓનલાઈન અરજી કરી પોતાને જરૂરિયાતના સાધનો જેવા કે દવા છાંટવાના પંપ, તાડપત્રી, સિંચાઈના સાધનો, ટ્રેકટર, પાવર ટ્રીલર તથા ટ્રેકટર સંચાલિત કૃષિ યાંત્રીકરણના સાધનો જેવા કે રોટાવેટર, કલ્ટીવેટર, પ્લાવ, થ્રેસર વિગેરે સાધનો ઉપર વિવિધ યોજના હેઠળ સહાય સીધી પોતાના બેંક ખાતામાં મેળવી શકે છે.

આ માટેની ઓનલાઈન અરજીઓ દરેક ગ્રામ પંચાયત કક્ષાની સાથે સાથે ઈન્ટરનેટની સુવિધા ધરાવતી અન્ય જગ્યાએથી પણ કરી શકાય છે. અને ખેડૂતે અરજી કરતી વખતે ૭-૧૨ અને ૮-અ, આધારકાર્ડ, મોબાઈલ નંબર, તેમજ બેંકની પાસબુકની વિગત વગેરે સાથે રાખવુ જરૂરી છે. ખેડૂતો આઈ ખેડૂત પોર્ટલ (ikhedutprotal) પર ઓનલાઈન અરજી કર્યા બાદ અરજીની પ્રિન્ટ આઉટ મેળવી સહી/અંગુઠો કરી જરૂરી સાધનિક કાગળો સાથે ગ્રામ્યકક્ષાએ ગ્રામસેવક અથવા તાલુકાકક્ષાએ તાલુકા પંચાયત ખાતે વિસ્તરણ અધિકારી (ખેતી) ને પહોંચાડવાની રહેશે. જેથી જિલ્લાના ખેડૂત મિત્રોએ વિવિધ સહાય યોજનાઓ હેઠળ બહોળો લાભ લેવા માટે સમયમર્યાદામાં અરજી કરી સબંધિત કચેરીને પહોંચતી કરવા માટે જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, આહવા-ડાંગની અખબારી યાદીમાં જણાવાયું છે.

સુરતની કંપનીએ ઓટો મેટીક કામ કરતુ કિઓસ્ક વિકસાવ્યું

૨૫ ઈકોફ્રેન્ડલી સેનિટાઈઝર કિઓસ્ક વિનામુલ્યે અપાયા

સુરત

કોરોના સામેની લડાઈમાં સમગ્ર વિશ્વ સંઘર્ષ કરી રહ્યું છે. સરકારે વિશેષ કાળજીઓ સાથે જરૂરી ઔદ્યોગિક એકમોને લિમિટેડ સ્ટાફ સાથે શરૂ કરવાની મંજૂરી આપી છે. રાજ્ય અને કેન્દ્ર સરકારની સાથે સાથે ઔદ્યોગિક સંસ્થાઓ પણ નવીનતમ ટેકનોલોજીનો આવિષ્કાર કરી કોરોનાને માત આપવાની કોશિશ કરી રહ્યા છે. અનેક સંશોધનની મથામણ દ્વારા અવનવા ઉપકરણો શોધી રહ્યા છે, આવા સમયે હેન્ડ સેનેટાઈઝર એ દરેક વ્યક્તિની સુરક્ષાનું હથિયાર છે. સેવાકીય સંસ્થાઓ તથા ઔદ્યોગિક એકમોમાં કામ કરતા કર્મચારીઓ સેનેટાઈઝરનો ઉપયોગ તો કરતા જ હોય છે, પરંતુ તેઓ મોટાભાગે એક જ સેનેટાઈઝર બોટલનો ઉપયોગ કરતા હોય છે. દરેકના સ્પર્શના કારણે બોટલ દ્વારા પણ કોરોના વાયરસનું સંક્રમણ થવાની શક્યતા રહેલી છે. જેથી સુરત શહેરની મજેન્ટા એડવર્ટાઈઝીંગ પ્રા.લિમિટેડ દ્વારા લોકોની સુરક્ષાને ધ્યાને લઈ ઓટોમેટિક સેનેટાઈઝર ડિસ્પેન્સ થાય એ પ્રકારનું ઈકોફ્રેન્ડલી સેનેટાઈઝર કિયોસ્ક બનાવવામાં આવ્યું છે. હાથના કોઈપણ જાતના સ્પર્શ વગર ઉપયોગ કરી શકાય અને પગથી ઓપરેટ થઈ શકે તેવા આ કિયોસ્કની પડતર કિંમત રૂ.૩૦૦૦ છે, પરંતુ કંપનીના માલિક વૈભવભાઈ સુતરિયાએ સેવાકીય અભિગમ દાખવતાં ઉત્પાદિત કરાયેલા પહેલા ૨૫ કિઓસ્ક સેવાકીય સંસ્થાઓને અને સોસાયટીઓને વિનામૂલ્યે આપ્યા છે.

આ અનોખા કિઓસ્ક અંગે શ્રી વૈભવભાઈએ જણાવ્યું કે, ઓટોમેટીક સેનેટાઈઝર ડિવાઈસ પગથી ઓપરેટ થતી હોવાથી કોરોના વાયરસનો ચેપ ફેલાવાની શક્યતા ઘણી ઓછી થઈ જાય છે. વધુમાં આ ડિવાઈસ વજનમાં એકદમ હળવી હોવાથી તેને એક ફેરવવામાં પણ સરળતા રહે છે. પ્રથમ ૨૫ ડિવાઈસ સેવાકીય સંસ્થાઓને અને સોસાયટીઓને અમે વિનામૂલ્યે અર્પણ કરી છે. હવે 'નહિ નફો, નહિ નુકસાન'ના ધોરણે પડતર કિંમતમાં જ તેનું વેચાણ કરવામાં આવશે.

ગાંધીનગર ગ્રામ્યમાં કોરોનાના ૧૪ કેસ નોંધાતા હાહાકાર, કુલ આંક ૧૧૧ પર પહોંચ્યો

ગાંધીનગર

ગાંધીનગરના કલોલમાં દિવસેને દિવસે કોરોનાના કેસ વધી રહ્યા છે. હિંમતલાલ પાર્કમાં એક જ સોસાયટીમાંથી ૬ લોકોના કોરોના કેસ પોઝિટિવ આવ્યા છે. અગાઉ પણ આ સોસાયટીમા રહેતા લોકો સંક્રમિત થયેલા છે. તેની સાથે જ વાવોલ, ઝુંડાલ, છાલા અને રાંધેજા સહિત સમગ્ર ગાંધીનગરમાં એક દિવસમાં ૧૪ કેસ વધી ગયા છે. ગાંધીનગર જિલ્લામાં કોરોના કેસોનો આંકડો ૧૧૧ પર પહોંચ્યો છે. ગાંધીનગર જિલ્લામા તાલુકા વાઈઝ આંકડા જોઈએ તો, ગાંધીનગર તાલુકામાં ૩૧, માણસામાં પાંચ અને કલોલમાં દસ તથા દહેગામમાં ૧૧ કેસો નોંધાયા છે.

આજે જે લોકોનો રિપોર્ટ આવ્યો છે તેમાં એક ૫૨ વર્ષીય મહિલા છે. જેમના પતિ અને પુત્ર સંક્રમિત થયેલા છે. તે ઉપરાંત ૫૦ વર્ષીય પુરૂષ, ૨૭ વર્ષીય મહિલા, ૬૦ વર્ષીય પુરૂષ, ૫૨ વર્ષીય મહિલા અને ૨૯ વર્ષીય યુવકનો સમાવેશ થાય છે.જ્યારે વાવોલમાં યુવક બાદ તેના પરિવારમાં રહેતા બે લોકો સંક્રમિત થયા છે. રોયલ બંગ્લોઝમાં રહેતા ૬૦ વર્ષીય પુરૂષનો અને માણસા તાલુકાના બદપુરામાં રહેતી ૨૪ વર્ષીય યુવતી પોઝિટિવ આવી છે. ઝુંડાલ ગામમાં એક સાથે ત્રણ કેસ સામે આવ્યા છે. જેમાં ૧૦ વર્ષની કિશોરી, જ્યારે ૬૪ વર્ષીય પિતા અને ૩૫ વર્ષીય પુત્ર સંક્રમિત થયા છે. જ્યારે રાંધેજા શિવશક્તિ નગરમાં રહેતો ૨૫ વર્ષીય યુવક સંક્રમિત થયો છે, જે આલમપુર એપીએમસીમાં કામ કરે છે. જ્યારે છાલા આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતી ૨૪ વર્ષીય નર્સ કોરોના પોઝિટિવ આવી છે.

ગાંધીનગર જિલ્લામાં આજે વધુ ૧૪ કેસ સામે આવતા જિલ્લાનો આંકડો ૧૧૧ પર પહોંચ્યો છે. જ્યારે અત્યાર સુધી સુધી ૬ લોકોના મોત થયા છે. તે ઉપરાંત ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં બે શંકાસ્પદ વ્યક્તિઓના મોત થયા છે જેમાં કુડાસણમા ૬૦ વર્ષીય મહિલા અને વિજાપુરનાં ૬૦ વર્ષિય પુરૂષનું ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં મોત થયું છે. હજુ સુધી આ બંને લોકો કોરોના પોઝિટિવ હતા કે નહીં તે રિપોર્ટ આવ્યા બાદ ખબર પડશે.કોરોનાનો વ્યાપ અટકાવવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગાંધીનગરમાં હવે સાંજે ૭થી સવારે ૭ વાગ્યા સુધી કર્ફ્યુ અમલી કરાયો છે. જ્યારે વાવોલ અને કુડાસણ ગ્રામપંચાયત દ્વારા દવા અને દુધની દુકાનો સિવાય તમામ દુકાનો બંધ કરવા આદેશ કર્યો છે. આ બંને પંચાયત વિસ્તારમાં આગામી ૧૭ મે સુધી તમામ ધંધા-વ્યાપાર બંધ કરવાના આદેશો જારી કરાયા છે. ઉપરાંત ગાંધીનગર શહેર અને જિલ્લામાં માસ્ક પહેરવું ફરજિયાત કરાયું છે.

શાંતિ ઉત્કર્ષ મહિલા મંડળ,નેહરૂ યુવા કેન્દ્ર સુરત અને ઈંડિયન રેડક્રોસ સોસાયટી ચોર્યાસી તાલુકા બ્રાન્ચ દ્વારા મોટા પાયે માસ્ક બનાવવાની પ્રક્રિયા હાથ ધરાઈ



સુરત

સુરત શહેરની જાણીતી સંસ્થા શાંતિ ઉત્કર્ષ મહિલા મંડળ,નેહરૂ યુવા કેન્દ્ર સુરત અને ઈંડિયન રેડક્રોસ સોસાયટી ચોર્યાસી તાલુકા બ્રાન્ચ દ્વારા કોરોના સામે લડવા માટે મોટા પાયે માસ્ક બનાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. સુરતના પૂર્વમેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયાના અને કમાન્ડન્ટ ડો.પ્રફુલ્લભાઈ શિરોયા વડપણ હેઠળ કાર્યરત આ કામગીરી દ્વારા ૫૦૦૦ જેટલા માસ્કનું ઉત્પાદન કરી બે હેતુ સિધ્ધ કરવામાં આવનાર છે. આ કામગીરી થી હાલ મહિલાઓને રોજગાર મળી રહે તેમજ સમાજમાં માસ્કની જરૂરિયાત પણ પૂર્ણ થઈ શકે તે બાબત ધ્યાનમાં રાખવામા આવે છે. આજ રોજ આ માસ્ક બનાવવાની સેવામાં જોડાયેલ બહેનો ગીતાબેન ભાખર. મનીષાબેન કનેરિયા, ઈલાબેન કાનાણી, જયોતિબેન મેતલીયા, ગીતાબેન પ્રજાપતિ, મનીષાબેન રાદડીયાને સુરતના પૂર્વમેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયા, નેહરૂ યુવા કેન્દ્ર સુરતના સશ્રોન્ક સચિન શર્મા રેડક્રોસ બ્રાન્ચ સુરતના પ્રમુખ ડો. પ્રફુલ્લભાઈ શિરોયા, માનદ મંત્રી ડો.જગદીશભાઈ ચાવડા, યૂથ રેડ ક્રોસના ડો. કોમલ શિરોયા (દિસાઈ) અને ડાયરેક્ટર નિલેષ વેજપરા દ્વારા માસ્ક બનાવનાર બહેનોનું સ્વાથ્ય સારું રહે તેમજ તેમની રોગ પ્રતિકારક શક્તિ જળવાઈ રહે તે હેતુ થી મલ્ટી વિટામિન યુક્ત એનર્જી ડ્રિકનું વિતરણ કરવામાં આવ્યું હતું.તેમજ માસ્ક બનાવનાર બહેનોને સેનિટાઈઝર આપી દરેક બહેનો માટે તાળીઓ પાડીને તેમણે બિરદાવવામાં આવ્યા હતા. આ સંસ્થાઓ દ્વારા બનાવવામાં આવેલા માસ્ક ડોક્ટર ભાઈઓને, હોમગાર્ડ્ઝ અને ટી.આર.બી મિત્રોને અને સફાઈ કર્મચારીઓને આપવામાં આવ્યા હતા કે જેઓ રાતને દિવસ કોવિડ-૧૯થી સમાજને બચાવવાનો અવિરત પ્રયાસ કરી રહ્યા છે.

હોમ ગાર્ડઝનું એક દિવસનું વેતન રાહત નિધિમાં દાન

સુરત

લોકડાઉનમાં શહેરની સુરક્ષામાં યોગદાન આપી રહેલા સુરતના હોમગાર્ડઝ કોરોના સામેની લડાઈમાં પણ આગળ આવ્યાં છે. સુરતના ૯૩૬ હોમગાર્ડઝે એપ્રિલ માસની ફરજનું એક-એક દિવસના મહેનતાણાના કુલ રૂ. ૨,૮૮,૯૦૦ મુખ્યમંત્રી રાહત નિધિમાં અર્પણ કરી પોતાનો ઉમદા સેવાકીય અભિગમ દર્શાવ્યો છે. સુરત શહેર હોમગાર્ડઝ કમાન્ડન્ટ સંજય કે. પટેલ, SOT મેહુલભાઈ મોદી તથા સચિન યુનિટ થોમસભાઈ પઠારેએ નિવાસી અધિક કલેકટરશ્રી એસ.ડી.વસાવાને રૂ. ૨,૮૮,૯૦૦/- નો સહાયનો ચેક અર્પણ કર્યો હતો.

ગાંધીજીના વિચારો જીવંત રાખવા ભીમરાડમાં ગાંધી વાંચનાલય બનાવવા કોળી સમાજની નેમ

સુરત

ભીમરાડ ગામ ઐતિહાસિક ગામ તરીકે ઓળખવામાં આવે છે અને એ ઐતિહાસિક ગામમાં ગાંધી પરિવારની પૌત્ર વધુ શિવલક્ષ્મી ગાંધીનું ગઈ કાલે ૯૪ વર્ષની ઉંમરે અવસાન થયું છે, જેઓ છેલ્લા બે વર્ષથી ભીમરાડ ગામમાં ભૂતપૂર્વ કોર્પોરેટર શ્રી બળવંતભાઈના ઘરે રહેતા હતા અને જ્યાં એમની માતાજીની સાર સંભાળ એક દીકરા તરીકે બળવંતભાઈએ સેવા કરતા હતા, જે સેવાકીય ભાવનાથી માતાજી પણ આનંદ પ્રમોદથી રહેતા હતાં. ઐતિહાસિક ઘટનાને જ્યારે જીવિત હતાં ત્યારે યાદ કરીને કહેતાં હતાં કે ભીમરાડ ગામમાં જ્યારે મારા સસરા રામદાસની ધરપકડ કરવામાં આવી ત્યારે મારા પતિ કનુભાઈ રામભાઈ ગાંધી (જે ફોટામાં વલસાડ દરિયા કિનારે ગાંધી બાપુનું ધોતિયું ખેંચીને દોરી જતાં દેખાય છે તે કનુભાઈ) જેઓ ગાંધી બાપુ જોડે પાંચ વર્ષ ની ઉંમર ના હતાં ત્યારે અહી ભીમરાડ ગામમાં ' મીઠાં સત્યાગ્રહ' ના કાયદો સરકારી કાનૂન ભંગ વખતે હાજર રહ્યા હતા,જેમને યાદ અપાવી ભારત સરકારે આ ભીમરાડ ગામની ૦૯.૦૪.૧૯૩૦ ને દિવસે મીઠા સત્યાગ્રહની લડત માટે આ ગામમાં ગાંધી બાપુના છોકરા રામદાસ બાપુની અંગ્રેજોએ ધરપકડ કરીને આખા ભારત દેશમાં આઝાદીની ચળવળ માટેના બીજ રોપાયા હતાં, માટે આ ગામને સરકારશ્રીના નેજા હેઠળ સરકાર જગ્યા ફાળવી આપે અને સાથે સાથે અહિંસક લડાઈ માટે જે વિચારોને જીવિત રાખવા માટે × ગાંધી વાંચનાંલાય × બનાવી ભારત દેશના પર્યટકોને માટે યાદગાર સ્થળ બનાવી શકાય ભલે આજે શિવલક્ષ્મી ગાંધી અવસાન પામ્યા,પરંતુ એમનાં હદયથી જે આશીર્વાદ શ્રી બળવંતભાઈ અને એમના પરિવાર તેમજ ગામના વડીલ ભાઈ બહેનોએ જે દિલથી સેવા કરી રહ્યા હતાં તે બદલ ભીમરાડ ગામમાં અવશ્ય ઐતિહાસિક સ્થળ બનશે એવી આપણે સૌ ચોર્યાસી તાલુકા કાંઠા વિભાગ કોળી સમાજ તરફથી પ્રાર્થના કરીએ છીએ.

નવસારીમાં એપીએલવન કાર્ડ ધારકોને ૧૨મીથી અન્ન વિતરણ

ચણાની દાળ અને ખાંડ પણ વિતરિત કરાશે

નવસારી

નોન એન.એફ.એસ.એ. એ.પી.એલ.-૧ રેશનકાર્ડ ધારકોને તા.૧૨/૦૫/૨૦૨૦ સુધી જિલ્લા કલેકટરશ્રીના માર્ગદર્શન હેઠળ વ્યાજબી ભાવની દુકાનેથી રેશનકાર્ડ દીઠ ઘઉં ૧૦-૦૦ કિ.ગ્રા., ચોખા ૩-૦૦ કિ.ગ્રા., ચણાદાળ ૧-૦૦ કિ.ગ્રા. અને ખાંડ ૧-૦૦ કિ.ગ્રા.નું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવનાર છે.

જિલ્લામાં આવેલી તમામ વ્યાજબી ભાવની દુકાનોમાંથી નોન એન. એફ. એસ. એ. એ. પી. એલ. -૧ રેશનકાર્ડ ધારકોને નકકી કરેલા દિવસો દરમિયાન કુટુંબના રેશનકાર્ડનો છેલ્લા આંક પ્રમાણે અનાજનું વિતરણ કરવા અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેમાં તા.૦૯/૦૫/૨૦૨૦, નંબર-૭ અને ૮ હોય તેઓએ તા.૧૦/૦૫/૨૦૨૦ અને નંબર-૯ અને ૦ હોય તો તેઓને તા.૧૧/૦૫/૨૦૨૦ ના રોજ અનાજ વિતરણ કરાશે. અનિવાર્ય સંજાગોના કારણે કોઈ લાભાર્થી ઉપરોકત સમયગાળામાં અનાજ લેવા આવી શકયા ન હોય તેવા નોન એન.એફ.એસ.એ. એ.પી.એલ.-૧ રેશનકાર્ડ ધારકોને જ તા.૧૨/૦૫/૨૦૨૦ ના રોજ અનાજનું વિતરણ કરવાનું રહેશે.જથ્થો મેળવતાં સમયે કોરોના વાયરસના સંક્રમણને ફેલાતો અટકાવવા સારું સોશ્યલ નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે તેમ જિલ્લા પુરવઠા અધિકારી, નવસારીની યાદીમાં જણાવાયું છે.

કોવિડ-૧૯ની મહામારીમાં ડીસ્પોઝેબલ હોસ્પિટલ બેડ તૈયાર કરતી વાપીની આર્યન પેપર મીલ્સ

આ અવસર માતૃભૂમિનું ઋણ અદા કરવાનો છે - આર્યન પેપરના ડાયરેકટર સુનિલ શાહ

વલસાડ

કોવિડ-૧૯ દુનિયાના અનેક દેશોમાં પ્રસરી ચૂકયો છે. દિન પ્રતિદિન સંક્રમણનું પ્રમાણ વધતું જાય છે. આપણે ત્યાં સિમિત માત્રામાં હોસ્પિટલો છે. કોવિડ-૧૯ના દર્દીઓની સંખ્યા વધે તો આઈસોલેશન બેડની વધુને વધુ જરૂર પડે આવા સમયે તાત્કાલિક બેડની વ્યવસ્થા કરવી અતિ મુશ્કેલ છે. આ ઉપરાંત સંક્રમિત દર્દીના સંપર્કમાં આવેલા બેડને સંપૂર્ણ સેનેટાઈઝ કરવો ખૂબ જરૂરી બની જાય છે. આવા મુશ્કેલ સમયે વાપી જી.આઈ.ડી.સી ખાતે આવેલી આર્યન પેપર મીલ્સ પ્રા.લી. દ્વારા પૂઠાના ઈઝી ઈન્ટોલ કરી શકાય તેવા ડીસ્પોઝેબલ બેડ તૈયાર કરવામાં આવ્યો છે.

કહેવાય છે કે ગમે તેવા કપરા સમયે ગુજરાતીઓની સૂજબૂઝ અને ગમે તે કરી બતાવવાની તૈયારી હંમેશા રંગ લાવે છે. આર્યન પેપર મીલના ડાયરેકર સુનિલભાઈ શાહની પુત્રી રીયાબેન અમેરિકાની હાવર્ડ યુનિવર્સિટીમાં આર્કિટેકનો અભ્યાસ કરે છે. કોવિડ-૧૯ની મહામારીમાં આર્યન પેપર મીલ કઈ રીતે પોતાનું યોગદાન આપી શકે તેના ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા જણાવ્યું . સૌથી વધુ જરૂરિયાત એવી આઈસોલેશન બેડ માટે ડીઝાઈન તૈયાર કરાઈ અને સૌથી સસ્તો, ટકાઉ અને ઈઝી મૂવેબલ પૂઠાનો બેડ તૈયાર કરાયો.

WHO ની ગાઈડલાઈન અનુસાર યુઝ એન્ડ થ્રો આ બેડ સંપૂર્ણ ખાખીના પૂંઠામાંથી બનાવવામાં આવે છે, એની ડીઝાઈન એ રીતે તૈયાર કરવામાં આવી છે કે માત્ર ચાર જ મિનીટમાં બેડ ઈન્સ્ટોલેશન થઈ જાય છે. વજનમાં એકદમ હલકું હોવાથી તેનું ટ્રાન્સપોર્ટેશન સરળ બની જાય છે. આ બેડને વોટરપ્રુફ પણ બનાવવામાં આવ્યો છે, જેથી વારંવાર સેનિટાઈઝેશનનો છંટકાવ કરવામાં આવે તો પણ નુકશાન થતું નથી. આ બેડ ૨૦૦ કિલો વજન ભાર ખીલવાની ક્ષમતા ધરાવે છે. બેડની એક જગ્યાએથી બીજી જગ્યાાએ લઈ જવું હોય તો પણ ખોલીને સરળતાથી લઈ જઈ શકાય છે. આનું આયુષ્ય છ માસ જેટલું છે.

આ કંપની દ્વારા ઈન્ડીયયન નેવીને ૨૦૦, મુંબઈ મહાનગરપાલિકાને ૫૦૦, દમણને ૧૦૦ અને સેલવાસને ૧૦૦ બેડ ફ્રીમાં આપ્યા છે. મુંબઈ હોટસ્પોટ વિસ્તારમાં ૪૦૦૦ નંગ ડોમેસ્ટીકમાં આપ્યા છે. ગુજરાત સરકાર ડીમાન્ડ કરશે તો પડતર કિંમતે બેડ આપવાની તૈયારી દર્શાવી છે. કંપની દ્વારા રોજના ૩૦૦ જેટલા બેડોનું ઉત્પાદન કરવામાં આવી રહ્યું છે.

આર્યન પેપર મીલ્સના ડાયરેકટર સુનિલ શાહ જણાવે છે કે, આ અવસર માતૃભૂમિનું ઋણ અદા કરવાનો છે. આ મહામારીમાં લોકોને મદદ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. જિલ્લા વહીવટીતંત્રના સહયોગથી કંપનીને કાર્યરત કરી ઉત્પાદન કરવામાં આવી રહયું છે. આમ જોઈએ તો વલસાડ જિલ્લાએ કોરોના જેવી મહામારીમાં અલગ-અલગ રીતે પોતાનું યોગદાન આપ્યું છે.

ડાંગ જિલ્લામાં આગાખાન સંસ્થા દ્વારા લોકડાઉનના ત્રીજા તબક્કામાં જરૂરિયાતમંદોને કીટ વિતરણ

ગ્રામ પંચાયતોના સહયોગથી સુબીર તાલુકામાં ૨૦૦ અને આહવા,વઘઈ તાલુકામાં ૩૭૫ કીટ વિતરણ

આહવા

ડાંગ જિલ્લામાં નોવેલ કોરોના વાઈરસના કારણે ત્રીજા તબક્કાના લોકડાઉન સમયમાં ગ્રામ્ય કક્ષાના જરૂરિયાતમંદ વ્યક્તિઓને જીવન જરૂરિયાતની ચીજ-વસ્તુઓ જુદી જુદી ગ્રામ પંચાયતો દ્વારા કુલ ૫૭૫ જેટલી કીટ વિતરણ આગાખાન ગ્રામ સમર્થન કાર્યક્રમ (ભારત) આહવાના સહયોગથી ડાંગ કલેકટરશ્રી એન.કે.ડામોરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

આ કીટ વિતરણમાં ગ્રામ્ય કક્ષાના જરૂરિયાતમંદ કુટુંબો અને તેમાં પણ ખાસ કરીને મનરેગા યોજનાના મજૂરો અને જોબકાર્ડ ધરાવતા હોય તેવા કુટુંબોને અગ્રતા આપવામાં આવી હતી. આ કામગીરીમાં મનરેગાના ગ્રામ્ય કક્ષાના ગ્રામ રોજગાર સેવક દ્વારા પણ વિતરણ કરવામાં ગ્રામ પંચાયતને મદદ કરવામાં આવેલ છે.

જરૂરિયાતમંદ લોકોને આપવામાં આવેલ કીટમાં તુવેરદાળ ૧ કિ.ગ્રા.,તેલ ૧ લી.પેકીગ,આખા મરચા ૧ કિ. ગ્રા., ખાંડ ૧ કિ. ગ્રા., હળદર ૨૦૦ ગ્રામ પેકેટ, લસણ ૨૫૦ ગ્રામ,ન્હાવાના સાબુ ૪ નંગ,ધોવાના સાબુ ૪ નંગ, સેનેટરી પેડ ૧ બોક્સ, વોશેબલ માસ્ક ૫ નંગ આપવામાં આવ્યા હતા. મહિલાઓ અને કિશોરીઓના આરોગ્યની બાબત ધ્યાનમાં રાખીને સેનેટરી પેડ પણ આપવામાં આવેલ છે. આ કીટ વિતરણમાં ગ્રામ પંચાયત સરપંચશ્રીઓ દ્વારા ખાસ જવાબદારી નિભાવવામાં આવી હતી. સરપંચશ્રીઓએ વઘઈ,આહવા અને સુબીર ક્લસ્ટર ઓફિસથી કીટ મેળવી જરૂરિયાતમંદ કુટુંબોની યાદી બનાવવા સુધીની સરાહનીય કામગીરી કરી હતી.

તાલુકા કક્ષવાર જોઈએ તો સુબીર તાલુકામાં ૨૦૦ અને આહવા,વઘઈ તાલુકામાં ૩૭૫ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. બારખાંધ્યા ગામના સરપંચશ્રી બિંદુબેન મગનભાઈ દ્વારા ઘરે ઘરે જઈ કીટ વિતરણ કરેલ હતું. રંભાસ સરપંચશ્રી સ્મીતાબેન તથા ખાતળ ગામના સરપંચશ્રી નીતિનભાઈએ ગ્રામ પંચાયતને કીટ વિતરણ માટે સહભાગી બનાવવા બદલ કલેકટરશ્રી ડાંગ અને જિલ્લા વહીવટી તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ તમામ કામગીરીમાં આગાખાન સંસ્થાના પ્રોગ્રામ સ્પે હરપ્રીતસિંગ, પરશોત્તમભાઈ અને તાલુકા ક્લસ્ટર મેનેજર કીર્તિભાઈ, નિતાબેન, મહેશ્વરીબેન દ્વારા ફેસિલેટેશન તેમજ શાંતનુ દુબે એરિયા મેનેજરશ્રીના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર સાથે સંકલનની તમામ કામગીરી રાજેન્દ્રકુમાર,ક્લસ્ટર મેનેજર વઘઈ દ્વારા કરવામાં આવી હતી.

વ્યારાથી ૧૧૫૦ શ્રમિકોને સ્પેશિયલ ટ્રેન મારફતે ઉત્તર પ્રદેશ રવાના કરાયા



મંત્રી વસાવા સહિતના મહાનુભાવોએ ટ્રેનને રવાના કરી

વ્યારા

'લોકડાઉન'ને કારણે તાપી જિલ્લામાં આશ્રય મેળવતા પરપ્રાંતિય શ્રમિકોને રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના પ્રયાસોથી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આજે સ્પેશિયલ ટ્રેન દ્વારા અમેઠી (ઉત્તરપ્રદેશ) મોકલવામાં આવ્યા છે.

રાજ્ય અને કેન્દ્ર સરકાર સહિત જિલ્લા વહીવટી તંત્ર દ્વારા છેલ્લા પંદરેક દિવસોની જહેમત બાદ સફળ લાયઝનીગ, અને જે તે રાજ્ય સરકારો સાથે સંપર્ક સ્થાપી, આજે તાપી જિલ્લામા આશ્રય મેળવી રહેલા ૧૧૫૦ જેટલા આશ્રિતોને જિલ્લા વહીવટી તંત્ર તેમના વતન મોકલી રહ્યું છે, તેમ જણાવતા રાજ્યના વનમંત્રી શ્રી ગણપતસિંહ વસાવાએ, આ શ્રમિકો પાસે એક પણ પૈસો લીધા વિના, તેમને ટ્રેન મારફત આજે વ્યારાથી રવાના કરવામા આવ્યા છે, તેમ ટ્રેનને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવતા જણાવ્યુ હતું.

જિલ્લા કલેકટર શ્રી આર. જે. હાલાણીના માર્ગદર્શન હેઠળ તાપી જિલ્લામાં આશ્રય મેળવી રહેલા ૧૧૫૦ જેટલા શ્રમિકોને આજે સોશિયલ ડિસ્ટનસિંગ સહિત ફેસ માસ્ક, સેનેટાઈઝર વિગેરેની સુવિધા સાથે વ્યારાથી વિદાય આપવામા આવી હતી.

આ શ્રમિકો જે સ્થળે રોકાણ કરતા હતા ત્યાંથી બસ મારફત રેલવે સ્ટેશન, અને રેલવે સ્ટેશનથી સ્પેશિયલ ટ્રેન મારફત તેમના વતન જવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ શ્રમિકોના જે તે રાજય સરકારોની પરવાનગી મેળવવા સાથે, અત્રેથી તેમનુ તબીબી સ્ક્રીનીગ પણ કરાય હતુ.દરેક શ્રમિકોને ફૂડ પેકેટ્સ તથા પાણીની બોટલ ઉપલબ્ધ કરાવવા સાથે જરૂરીયાતમંદ મુસાફરોને માસ્ક પણ અપાયા હતા.

કલેકટર શ્રી આર. જે. હાલાણીના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્રના સંબંધિત અધિકારીઓએ સકારાત્મક વલણ અપનાવતા પરપ્રાંતિય શ્રમિકો તેમના વતન માટે રવાના થયા હતા.

ઉત્તરપ્રદેશના બારાબંકી જિલ્લાના રામનગરના શ્રમિક શ્રી વિજય યાદવે, વ્યારા ખાતે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ખૂબ જ સુવિધાઓ સાથે તેમને આશ્રય અપાયો હતો તેમ જણાવી, તાપી જિલ્લા વહીવટી તંત્ર અને ગુજરાત સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

વ્યારા રેલ્વે સ્ટેશન ખાતેથી રવાના થયેલી આ શ્રમિક ટ્રેનના પ્રસ્થાન વેળા ૨૩-બારડોલીના સાંસદ શ્રી પ્રભુભાઈ વસાવા, મહુવાના ધારાસભ્ય શ્રી મોહનભાઇ ઢોડીયા, વ્યારા નગર પ્રમુખ શ્રી મહેરનોશ જોખી, માજી મંત્રી શ્રી કાંતિભાઈ ગામિત સહિત, જિલ્લા કલેક્ટર શ્રી આર.જે.હાલાણી, જિલ્લા વિકાસ અધિકારી કુ.નેહા સિંહ, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી એન. એન. ચૌધરી, ડી. સી. એફ.શ્રી આનંદ કુમાર, નિવાસી અધિક કલેક્ટર શ્રી બી.બી.વહોનિયા, પ્રાંત અધિકારી શ્રી હિતેશ જોશી સહિતના અધિકારીઓએ, પદાધિકારીઓ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

વંચિત જુથના બાળકો માટે સ્કુલ ફી પેટે ડ્રાફ્ટનું વિતરણ કરાયું

૩૯ જેટલી શાળાઓમાં ફી જમા કરાવાઈ

સુરત

સરકારના આર. ટી. ઈ. એક્ટ ૨૦૦૯ અંતર્ગત ખાનગી પ્રાથમિક શાળાઓને ગરીબ વંચિત જૂથના બાળકોને ૨૫% પ્રમાણે પ્રવેશ આપવા સંદર્ભે સુરત જિલ્લાના ઓલપાડ તાલુકામાં ૩૯ જેટલી ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૯૪૬ જેટલા લાભાર્થી બાળકો અભ્યાસ કરી રહ્યા છે. જે બાળકોની પ્રથમ સત્રની ફીની રૂ. ૬૮,૨૩,૮૪૦ જેટલી રકમ ડ્રાફ્ટરૂપે બી.આર.સી. કો-ઓર્ડીનેટર કિરીટભાઈ પટેલના હસ્તે ઉપસ્થિત તમામ આચાર્યોને અર્પણ કરવામાં આવી.

બી.આર.સી. ભવન, ઓલપાડ ખાતે સામાજિક અંતરની તમામ તકેદારી સાથે યોજાયેલા ડ્રાફ્ટ વિતરણ બેઠકમાં ઉપસ્થિત ખાનગી પ્રાથમિક શાળાના આચાર્યોને સંબોધતા તાલુકાના બી. આર. સી. કો-ઓર્ડીનેટર કિરીટભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજય સરકારની આ યોજનાનો લાભ આપ સૌના સહકાર અને યોગ્ય સંકલન થકી ગરીબ પરિવારના બાળકોને મળી રહ્યો છે જે આનંદની વાત છે. તેમણે આ લોકડાઉન વચ્ચે સરકારી તથા ખાનગી પ્રાથમિક શાળાઓના બાળકોના ઓનલાઈન અભ્યાસ બાબતે તમામ શિક્ષક ભાઈ-બહેનોની કામગીરીને બિરદાવી હતી. બેઠકના બીજા તબક્કામાં બ્લોક એમ. આઈ. એસ. સંજય રાવળે સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત તમામ પ્રકારની ઓનલાઈન કામગીરી સંદર્ભે શિક્ષકોને પડતી મુશ્કેલીઓ અને તેના યોગ્ય નિવારણ માટેની ચર્ચા હાથ ધરી હતી. અંતમાં આભારવિધિ ડેટા ઓપરેટર સંજય પટેલે આટોપી હતી.

નવસારી પોલીસે વધુ ૯૬ વાહનો જપ્ત કર્યા

નવસારી

કોરોના વાયરસની મહામારી વચ્ચે સંક્રમણને અટકાવવા નવસારી જિલ્લા પોલિસ દ્વારા લોકડાઉનમાં કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

નવસારી જિલ્લા પોલીસ દ્વારા પ્રાપ્ત થયેલી વિગતો અનુસાર તા.૦૭/૦૫/૨૦૨૦ ના રોજ પોલીસ દ્વારા નિયમોનું ઉલ્લંઘન કરનારા ઈસમો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં કલમ ૧૮૮ આઈપીસી કલમ ૧૩૫ ગુજરાત પોલીસ એક્ટ ૧૯૫૧ હેઠળ ૯૯ સામે એફ.આઈ.આર. કરવામાં આવી છે તેમજ ૧૨૪ ની અટકાયત કરવામાં આવી છે. જિલ્લામાં ૯૬ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા હતા તા. ૭ મી મે સુધીમાં કુલ ૭૯૭૫ એફઆઈઆર કરવામાં આવી છે. તેમજ કુલ ૮૮૨૬ વ્યકિતઓની અટકાયત કરવામાં આવી છે. શહેરીજનોને લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ નવસારી જિલ્લા પોલીસ દ્વારા કરવામાં આવે છે.

નવસારીમાં ૧૭૨૨ સેમ્પલ પૈકી ૧૬૧૮નો તપાસ રિપોર્ટ નેગેટિવ

દસ લાખથી વધુ લોકોનો ડોર ટુ ડોર સર્વે

નવસારી

કોવિડ-૧૯ વાયરસ સંક્રમણને પગલે નવસારી જિલ્લામાં તા.૦૮/૦૫/૨૦૨૦ના રોજ ૯૭ સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાં નવસારી- ૨૨, જલાલપોર-૨૧, ગણદેવી-૨૦, ચીખલી-૧૧, ખેરગામ-૧૦ વાંસદા-૧૩ સેમ્પલ લેવામાં આવ્યાં છે. જેમાં અત્યાર સુધીમાં કુલ-૧૭૨૨ સેમ્પલ પૈકી ૧૬૧૮ સેમ્પલ નેગેટીવ આવ્યા છે. ૯૬ સેમ્પલના રીઝલ્ટ બાકી છે. જિલ્લામાં આરોગ્ય કર્મચારીઓ દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેની ઘનિષ્ટ કામગીરી થઈ રહી છે. જિલ્લામાં ચોથા રાઉન્ડમાં હાઉસ ટુ હાઉસ સર્વેમાં ૧૦,૬૫,૦૨૬ વસ્તીને આવરી લેવામાં આવી છે. જિલ્લાના અંબાડા, હાંસાપોર, નસીલપોર, આંતલીયા અને ટાંકલના દર્દીઓના રિપોર્ટ નેગેટીવ આવતા તેઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. નવસારી જિલ્લામાં આજદિન સુધીમાં કુલ-૦૮ પોઝીટીવ કેસ નોંધવાયાના અહેવાલ જિલ્લા પંચાયત, આરોગ્ય વિભાગ દ્વારા જણાવાયું છે.

કોરોના સામે સાવચેતી દાખવવા જાહેર અપીલ

નવસારી

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, નવસારીની યાદી જણાવેછેકે, કોરોના સામેલડવા સાવચેતી એ જ સલામતી છે. તેનાથી બચવા માટે દરેક વ્યકિતઓએ લોકડાઉન અન્વયે ફરજીયાત ઘરમાં રહેવું. હાથને વારંવાર સાબુ તથા પાણીથી ધોવા જોઈએ. દરેક વ્યક્તિ સાથે એક મીટરનું અંતર બનાવી રાખવું જરૂરી છે. લીંબુના રસવાળું હુંફાળુ પાણી પીવાનો આગ્રહ રાખો. વીટામીન સી યુક્ત ફળો ખાવા. તાવ, શરદી, ઉદરસની ફરીયાદ જણાય તો નજીકના સરકારી દવાખાને કે ટોલ ફ્રી નંબર-૧૦૪ તથા ૧૦૭૭ નો અથવા જિલ્લાના કંટ્રોલ રૂમ નંબર (૦૨૬૩૭) ૨૩૩૦૦૨/૨૫૯૪૦૧નો સંપર્ક કરવો.

સુરતમાં એક યુવતીને બ્લેકમેલિંગ કરનાર માજી કોર્પોરેટરના પૂત્રની કરાઈ ધરપકડ

સુરત

સુરતના ના સીટી લાઈટ વિસ્તાર રહેતી યુવતીને ગરબા ક્લાસમાં એક યુવક સાથે મિત્રતા થતા પ્રેમ સંબંધ બંધાયો હતો. યુવાન સાથે મિત્રતા બાદ પ્રેમ થઈ જતા યુવક સાથે ગાડીમાં શારીરિક સંબંધ બાંધવામાં આવ્યા હતા. આ સમયે અંગત પળોના ફોટા અને વિડીયો દ્વારા પ્રેમી દ્વારા મોબાઈલમાં ઉતારવામાં આવ્યા હતા. અને ત્યાર બાદ યુવક દ્વારા યુવતીને બ્લેકમેલિંગ કરવામાં આવતી હતી. જોકે યુવતી એ આ મામલે પોલીસમાં ફરિયાદ નોંધાવતા સુરતના માજી નગર સેવક ના દીકરાની ઉંમરા પોલીસે ગતરોજ ધરપકડ કરી હતી. સુરતમાં લોકડાઉન વચ્ચે પણ મહિલા અત્યાચારની ફરિયાદ સતત આવી રહી છે,

ત્યારે સુરતના સિટીલાઈટ વિસ્તારમાં રહેતા રાજસ્થાનના પરિવારની યુવતી ને ચાર વર્ષ અગાઉ ઘોડદોડ રોડના એન્જોય ગરબા ક્લાસીસમાં દોઢિયા શીખવા જતી હતી ત્યારે અમરોલીના માજી કોર્પોરેટર વિજય પટલેના પુત્ર ધવલ પટેલ સાથે પ્રેમસંબંધ બંધાયો હતો.દરમિયાન તેઓ ફિલ્મ જોવા અને મિત્રો સાથે બહાર હરવા-ફરવા પણ જતા હતા અને ધવલની કારમાં તેઓ ડુમ્મસ સહિતના અલગ-અલગ વિસ્તારમાં ફરવા ગયા હતા. ત્યારે બંન્ને વચ્ચે પ્રેમ સંબધ એક દિવસ શારીરિક સંબંધ સુધી પહોંચી ગયો હતો. જોકે આ સમયે આ યુવકે અંગત પળોનો વિડીયો અને ફોટા પોતાના મોબાઈલમાં કેદ કરી લીધાં હતાં.

ત્યારબાદ બંન્ને વચ્ચે ઝઘડો થતા યુવતી એ પ્રેમસંબંધ પર પૂર્ણવિરામ મૂકી દીધો હતો પરંતુ છેલ્લા કેટલાક સમયથી ધવલ યુવતીને તેની મરજી

સુરતમાં લોકડાઉનમાં ૧૨ દિવસમાં મિલ્કતોના ૬૫ દસ્તાવેજો નોંધાયા

સુરત

કોવિડ-૧૯ની મહામારી અને લોકડાઉનની વચ્ચે સરકારે સુરત શહેર તેમજ જિલ્લામાં આવેલી ૧૮ જેટલી સબ રજીસ્ટ્રર કચેરીમાંથી છ જેટલી સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં દસ્તાવેજ નોંધણીની મંજૂરી આપતા પાછલા ૧૨ દિવસમાં કુલ ૬૫ જેટલા દસ્તાવેજો નોંધાયા હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સુરત શહેર તેમજ જિલ્લામાં લોકડાઉનની જાહેરાત બાદ તમામ સરકારી કચેરીઓ પણ બંધ કરી દેવાઈ હતી. સરકારી કચેરીઓમાં વહીવટી કામકાજ સદંતર ઠપ ન થઈ જાય તે માટે સરકારે ૩૩ ટકા સ્ટાફને હાજર રહેવા કેટલીક શરતો સાથે સરકારી કચેરીઓ ચાલુ કરી દીધી હતી. ત્યારબાદ જિલ્લા સબ રજીસ્ટ્રાર કચેરીઓને પણ શરુ કરવા સરકારે આદેશ આપ્યો હતો. સુરત જિલ્લામાં ૧૮ જેટલી સબ રજિસ્ટ્રાર કચેરી આવેલી છે. આ પૈકી સુરત મહાનરપાલિકા અને નગર પાલિકા હદ વિસ્તારમાં ૧૨ જેટલી કચેરી આવેલી છે. ગત તા.૨૨મી એપ્રિલના રોજથી સબ રજીસ્ટ્રાર કચેરીઓના શ્રી ગણેશ તો થયા પણ એક પણ દસ્તાવેજ નોંધાયો ન હતો. ત્યારબાદ બે દિવસ શનિ અને રવિની રજા આવી જતા કચેરીઓ બંધ જોવા મળી હતી. તા.૨૨ મી એપ્રિલ થી તા.૬ મી મે સુધી પલસાણામાં ૯, માંગરોળમાં ૫, મહુવામાં ૫, કામરેજમાં ૩૩ અને ઓલપાડ સબ રજીસ્ટ્રાર કચેરીમાં ૧૩ જેટલા દસ્તાવેજો નોંધાતા પાછલા ૧૨ દિવસમાં પાંચ દિવસમાં ૬૫ જેટલા દસ્તાવેજો નોંધાયા છે.

તાપી જિલ્લાના બે દર્દીઓ પૈકી એકને હોસ્પિટલમાંથી રજા મળી

વ્યારા

તાપી જિલ્લા માટે "કોરોના"ને લઈને વધુ એક સારા સમાચાર સામે આવ્યા છે. જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.હર્ષદપટેલ તરફથી મળેલી વિગતો અનુસાર, તાપી જિલ્લાના વાલોડ તાલુકાનાં કલમકુઇ ગામના "કોરોના" પોઝેટિવ યુવાન એવા આરોગ્યકર્મીના "કોરોના" ટેસ્ટ નેગેટિવ આવતા, તેમને પણ સુરત ખાતેની હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

તાપી જિલ્લાના વાલોડ તાલુકાનાં કલમકૂઈ ગામે રહેતા, અને સુરત જિલ્લાના માંડવી તાલુકાનાં સબ સેન્ટર ખાતે એમ.પી.એચ.ડબલ્યુ. તરીકે ફરજ બજાવતા૩૨ વર્ષીય યુવાન નામે હિરેન વિક્રમભાઈ ચૌધરીનો, ગત તા.૨૫ ૪ ૨૦૨૦ના રોજ માંડવી સ્થિત રેફરલ હોસ્પિટલ ખાતે "કોરોના" પોઝેટિવ કેસ જાહેર થયો હતો. ત્યાર બાદ આ યુવાનને સુરત ખાતેની સિવિલ હોસ્પીટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો.

આ યુવાનની સઘન સારવાર બાદ છેલ્લા ૨૪ કલાકના "કોવિદ-૧૯" માટેના ટેસ્ટ રિપોર્ટ નેગેટિવ આવતા, આજ તા.૮ ૫ ૨૦૨૦ના રોજ તેમને સિવિલ હોસ્પિટલ, સુરત ખાતેથી રજા આપવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, તાપી જિલ્લાનો પ્રથમ કેસ વ્યારા તાલુકાનાં માયપુર ખાતે નોંધાયો હતો. જે દર્દી પણ સારા થતાં તેમને ગત તા.૪ ૫ ૨૦૨૦ના રોજ વ્યારાની જનરલ હોસ્પિટલ ખાતેથી રજા આપવામાં આવી હતી. જ્યારે જિલ્લા બહાર નોંધાયેલા પરંતુ તાપી જિલ્લાના વતની એવા આ બીજા દર્દીને પણ આજે સુરત ખાતેથી રજા અપાતા, હવે તાપી જિલ્લાનો કુકરમુંડા તાલુકાનો એકમાત્રદર્દી અમદાવાદ ખાતે સારવાર હેઠળ રહેવા પામ્યો છે.

જિલ્લા કલેક્ટર શ્રી આર.જે.હાલાણીએ જિલ્લાના પ્રજાજનોને "લોકડાઉન" ના તમામ નીતિ નિયમો, અને સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરીને, આગામી દિવસોમાં જિલ્લાને "કોરોના મુક્ત" કરવામાં સૌને સહયોગ આપવાનો અનુરોધ કરી, તાપી જિલ્લાના આરોગ્ય તંત્રને અભિનંદન પાઠવ્યા છે.

તાપી જિલ્લામાં રેશનકાર્ડ ધારકોને વિના મુલ્યે અનાજ વિતરિત કરાયું

આવશ્યક ચીજ-વસ્તુના જથ્થાની ઉપલબ્ધી અંગે તંત્ર અલર્ટ

વ્યારા

નોવેલ કોરોના વાઇરસ (Covid-૧૯)ને WHO દ્વારા વૈશ્વિકમહામારી જાહેર કરવામાં આવેલ છે. જેને નિયંત્રિત કરવા માટે ભારત સરકાર દ્વારા તા.૧૭/૦૫/૨૦૨૦ સુધી લોકડાઉન જાહેર કરવામાં આવેલ છે.

જિલ્લા પુરવઠા અધિકારી નૈતિકા પટેલ દ્વારા મળેલી વિગતો અનુસાર,આ સમયગાળાદરમિયાન તાપી જિલ્લામાં માહે એપ્રિલ-૨૦૨૦ માસ દરમિયાન NFSA યોજના હેઠળના કુલ૧,૧૫,૭૮૫ પૈકી અંત્યોદય-૨૭,૭૬૧, બીપીએલ-૬૧,૨૧૦ અને એપીએલ-૧ ૨૫,૩૧૮ મળી કુલ- ૧,૧૪,૨૮૯ તથા Non- NFSA બીપીએલ યોજના હેઠળના૭,૯૮૩ અને Non-NFSA APL-૧ યોજના હેઠળના ૩૨,૨૪૬ કાર્ડધારકો ને વિનામૂલ્યે અનાજનું વિતરણ કરવામાં આવેલ છે.

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્નયોજના" અંતર્ગત NFSA તથા Non-NFSA BPL યોજના હેઠળના કુલ-૧,૧૯,૭૫૬ કાર્ડધારકોને ઘઉં અને ચોખાનું વિતરણ કરવામાં આવેલ છે. જેમાં SocialDistancing તથા કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે માટે પુરતી વ્યવસ્થા કરવામાંઆવેલ છે. અન્નબ્રહ્મ યોજના હેઠળ પાત્રતા ધરાવતા કુલ ૩,૦૪૯ લોકોને અન્નબ્રહ્મકીટનું વિતરણ કરવામાં આવેલ છે.

તે મુજબ જ માહે.મે-૨૦૨૦ માસ દરમિયાનહાલમાં Non-NFSA APL-૧ યોજના હેઠળના લાભાર્થીઓને અનાજના જથ્થાનું વિતરણ ચાલુ કરાયું છે. તે સિવાયના NFSA તથા Non-NFSA BPL યોજના હેઠળના લાભાર્થીઓ ને નિયમિત વિતરણ તથા PMGKAY એમ બન્ને યોજના હેઠળના જથ્થાનું વિતરણતા.૧૭/૦૫/૨૦૨૦ થી તા.૨૬/૦૫/૨૦૨૦ સુધી વિનામૂલ્યે વિતરણ કરવામાંઆવનાર છે. તથા અન્નબ્રહ્મ યોજના હેઠળ પાત્રતા ધરાવતા લાભાર્થીઓને પણ લાભઆપવામાં આવી રહેલ છે.

આ ઉપરાંત જિલ્લામાં શાકભાજી, ખાદ્યતેલ, પેટ્રોલ, ડીઝલ તથા ગેસનો જથ્થો જરૂરીયાત મુજબ ઉપલબ્ધ રહે તે માટે જિલ્લા કલેક્ટર શ્રી આર. જે. હાલાણીના માર્ગદર્શન હેઠળ પુરવઠા શાખા દ્વારા સતત મોનીટરીગકરવામાં આવી રહ્યું છે, તેમ પણ તેમણે વધુમાં જણાવ્યુ છે.

સુરત જિલ્લામાં ૪૩ દર્દીઓ પૈકીના ૧૮ હોસ્પિટલથી ડિસ્ચાર્જ

કન્ટેઈન્મેન્ટ વિસ્તારના હજારો ઘરોમાં સર્વે

સુરત

સુરત જિલ્લામાં ગત રોજ પોઝિટીવ કેસોની સંખ્યા ૪૩ હતી, જેમાં ૦૪ કેસનો વધારો થવાથી આજે કુલ ૪૭ કોરોના પોઝિટીવ કેસો થયા છે. તેમજ આજે ૦૨ દર્દી સ્વસ્થ થયા હોવાથી ડિસ્ચાર્જ કરાયા છે. કુલ ૧૮ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યાં છે, જયારે કુલ ૦૧ દર્દીનાં મૃત્યુ નોંધાયા છે. પોઝિટીવ કેસો પૈકી પલસાણા તાલુકાના વરેલી ગામમાંથી આજે ૦૪ મળી કુલ ૪૭ કેસો આવ્યા છે. કુલ ૫૨૫૮ ટેસ્ટીંગ કરવામાં આવતાં ૪૭ પોઝિટીવ અને ૫૧૬૧ નેગેટીવ કેસો જયારે ૦૭ કેસનો રિપોર્ટ પેન્ડિગ અને ૪૩ રિપીટ સેમ્પલ નોંધાયા છે.

૩૦ એક્ટિવ ક્લસ્ટર જેમાં, બોરીયા, અસનાબાદ, અંધાત્રી, હળદવા, મહુવરીયા, અનાવલ, ખરવાણ, બડતલ, ગાંગપુર, કવાસ, કેવડી, ડુંગર, સેવણી, જુના કાકરાપાર, ચોખવાડા, ખોડાંબા, કાની, સાંધિયેર, દખણવાડ(દેવધ), ઝંખવાવ, પાલી (સાંઈભુપત), દિહેણ, પાલી(ડી.એમ.નગર), લાજપોર, ઈચ્છાપોર, વેગી, વરેલી(ગાયત્રી નગર), વરેલી(દત્ત કૃપા) કન્ટેઈનમેન્ટ કલસ્ટર વિસ્તારનાં કુલ ૧૭,૭૬૦ ઘરો અને અને કુલ વસ્તી ૭૬૩૧૭ જેટલી છે. જેમાં સર્વે અને આરોગ્યની ૧૬૫ ટીમ કાર્યરત છે.

નોંધનીય છે કે સુરત જિલ્લામાં ૧૦૦૬ લોકો હોમ કોરન્ટાઈન હતા. આજે ૧૬૮ નવા લોકોનો ઉમેરો થતા કુલ ૧૧૭૪ લોકો હોમ કોરન્ટાઈન છે. જયારે આજે ૧૨ લોકોનું હોમ કોરન્ટાઈન પૂર્ણ થતા કુલ ૧૧૬૨ લોકોને હાલ હોમ કોરન્ટાઈન કરવામાં આવ્યા છે.

સુરતમાં નવા ૩૪ કેસ નોંધાતા પોઝિટિવ કેસની સંખ્યો ૮૮૯, કોરોનાને ૪૮ લોકો ડિસ્ચાર્જ થયા, ૨૪ કલાકમાં એક પણ મોત નહીં

છેલ્લા ૨૪ કલાકમાં એક પણ કોરોના પોઝિટિવ દર્દીનું મોત ન થતાં મોતનો આંકડો સ્થિર રહ્યો છે. : શહેર અને જિલ્લામાં કોરોનાને હરાવનારનો રિકવરી રેટ ૫૦ ટકાએ પહોંચ્યો : સ્લમ વિસ્તારમાં સઘન સર્વેલન્સની સાથે સાથે ૧૮૪ વોશ બેસિન મુકાઈ છે

સુરત

કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યા દિવસે દિવસે વધતી જાય છે. આજે શહેરમાં કુલ નવા ૩૩ દર્દીઓ અને જિલ્લામાં એક મળીને કુલ ૩૪ દર્દીઓ સાથે પોઝિટિવ દર્દીઓની સંખ્યા ૮૮૯ થઈ છે. આજે શહેરમાં ૪૫ અને જિલ્લામાંથી ૩ દર્દીઓ મળીને કુલ ૪૮ દર્દીઓએ કોરોનાને હરાવીને સાજા થઈ ઘરે ગયા છે. જેથી રિકવરી મેળવનારાની કુલ સંખ્યા કુલ ૪૬૬ થઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં એક પણ દર્દીનું મોત ન થયું નથી જેથી મૃત્યુ આંક ૩૮ પર સ્થિર રહ્યો છે.

પોઝિટિવ દર્દીઓના નામ

(૧) જીગર પ્રવિણભાઈ કચેરીયા(૨૦)પુરૂષ) નિલકંઠ સોસાયટી,લલિતા ચોકડી, કતારગામ (૨) શિકંદર રામચંદ્ર મુનિયા (૩૨)પુરૂષ) રહેમત નગર વેડરોડ (૩) સુશિલા રોહિતદાસ દેવરે(૫૭)સ્ત્રી) કોસાડા આવાસ અમરોલી (૪) કુતબુદ્દીન અનવર અંસારી (૩૨) પુરૂષ) રહેમત નગર વેડરોડ (૫) રોહિત ઓમ પ્રકાશ (૨૫) પુરૂષ) રહેમત નગર વેડરોડ (૬) યાસ્મિન ઝાકિરખાન (૫૨) સ્ત્રી) નૂરાની નગર, મીઠખાડિ (લિંબાયત ઝોન) (૭) પ્રદિપ લાલચંદ સોની (૨૨)પુરૂષ)પંચશીલ નગર (ઉધના ઝોન) (૮) સંતોષ રામનાથ નિસાદ (૧૯)પુરૂષ)પંચશીલ નગર (ઉધના ઝોન) (૯) સંતોષ રામનાથ નિસાદ (૨૯) પુરૂષ) પંચશીલ નગર (ઉધના ઝોન) (૧૦) નિર્મલા રમેશ સિમ્પી (૬૫)સ્ત્રી) વિજય નગર ૧ (ઉધના ઝોન) (૧૧) ચંચલ ડી જૈન(૪૦)સ્ત્રી) જલારામ નગર (ઉધના ઝોન) (૧૨) ભીખિબેન કશોરભાઈ પટેલ (૬૩)સ્ત્રી)પંચશીલ નગર-૨ (ઉધના ઝોન) (૧૩) ગૌતમ કિશોર પટેલ (૩૫)પુરૂષ)પંચશીલ નગર-૨ (ઉધના ઝોન) (૧૪) ઉમેશ્વર પુનારામ રાણા (૫૦)પુરૂષ) શ્રીજીનગર, ગોદાદરા (લિંબાયત ઝોન) (૧૫) અમરનાથ રામજી સોની (૫૬)પુરૂષ) ઉમયા નગર સોસાયટ, મહારાણા ચૌક, આસપાસ મંદિર પાસે (૧૬) કમલાબેન અમૃત લાલ રાણા (૭૪)સ્ત્રી) જગ્ગુ વલ્લભની પોળ(સેન્ટ્રલ ઝોન) (૧૭) કલ્પેશ હસમુખ ભાઈ રાણા (૨૮)પુરૂષ) જગ્ગુ વલ્લભની પોલ(સેન્ટ્રલ ઝોન) (૧૮) નયનાબેન હિતેન્દ્ર રાણા (૪૨)સ્ત્રી)જગ્ગુ વલ્લભની પોલ(સેન્ટ્રલ ઝોન) (૧૯) કંચનદાસ ભગવાનદાસ રાણા (૫૫) પુરૂષ) ગધેવાન ઈન્દરપુરા(સેન્ટ્રલ ઝોન) (૨૦) દિવ્યેશ હરશભાઈ રાણા (૨૯)પુરૂષ) બાલાભાઈ શેરી (સેન્ટ્રલ ઝોન) (૨૧) સપનાબેન ભીખુભાઈ રાણા (૩૭)સ્ત્રી)ગલે મંદિર કુંભાર શેરી (સેન્ટ્રલ ઝોન) (૨૨) પ્રતિક્ષા ચિરાગ ડોબ?રીયા (૩૩)સ્ત્રી) આદર્શ રો-હાઉસ, સરથાણા (વરાછા ઝોન-બી) (૨૩) ગૌતમ દયાનિધિ મંઝી (૩૫) પુરૂષ)સુભાષનગર (લિંબાયત ઝોન) (૨૪) ધ્રુવ જ્યોતિરામ પટેલ(૧૭)પુરૂષ) ડી કે પાર્ક, અલથાણ (અઠવા ઝોન) (૨૫) ભૂમિકા અશ્વિન ભાઈ ગોટી (૩૦)સ્ત્રી) યમુના નગર, નાના વરાછા (વરાછા ઝોન-બી) (૨૬) અશ્વિનભાઈ રવજીભાઈ ગોટી (૩૪) પુરૂષ) યમુનાનગર, નાના વરાછા (વરાછા ઝોન-બી) (૨૭) તીર્થ ભીખાભાઈ પટેલ (૧૫)પુરૂષ)ગુરૂકૃપા સોસાયટી, કાપોદ્રા (વરાછા ઝોન-બી) (૨૮) રાજનંદીની અનિરૂધ્ધ કુશ્વાહા(૨૫)સ્ત્રી) એકતા નગર એસ.એમ.સી. ક્વાર્ટર્સ, અડાજણ (૨૯) જેરામભાઈ દાજીભાઈ પટેલ (૮૬) પંચ ફળિયું,હનુમાન મંદિર પાસે, ડભોલી (કતારગામ ઝોન) (૩૦) યોગેશ ડી ઠક્કર (૬૩) પુરૂષ)શુભલક્ષ્મી હાઈટસ, બદ્રીનારાયણ મંદિર(રાંદેર ઝોન) (૩૧) રીયા મલ્હોત્રા (૨૦)સ્ત્રી), સરદાર બિલ્ડીગ, સાલસર નગર સોસાયટી, પરવત પાટીયા (૩૨) શેખ ઈસ્માઈલ (૩૫)પુરૂષ) જૂનો ડેપો,ચીમની ટેકરા, ઉમરવાડા (લિંબાયત ઝોન) (૩૩) ઉગમસિંહ ઈન્દ્રસિંહ રાઠોડ (૨૫)પુરૂષ) શ્યામ હાઈટસ, ગોડાદરા(લિંબાયત ઝોન)

સ્લમ વિસ્તારમાં સઘન સર્વેલન્સ : કોરોનાની સ્થિતિમાં સ્લમ એરિયામાં સઘન સર્વેલન્સ કરવા સાથે ૩૬ ફિવર ક્લિનિક અને ૧૮૪ વોશ બેસિનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. ૬૦ પ્રચાર ગાડીઓ દ્વારા કોરોના જાગૃત્તિનું કાર્ય કરવામાં આવી રહ્યું છે. જો લોકડાઉનનુ ૨૧ દિવસ સુધી વ્યવસ્થિત પાલન કરવામાં આવે તો કોવિડનું ઈન્ફેક્શન ફેલાતું નથી. દરેક નાગરિક પોતાની જવાબદારી નિભાવે અને લોકડાઉનનું સંપુર્ણ પાલન કરે તથા જે ટીમો સર્વેલન્સ માટે આવે તો તેમનો સાથ સહકાર લોકો આપો તેવી વિનંતી મ્યુ. કમિશનર દ્વારા કરવામાં આવી હતી.

કોરોના વાયરસમાં સોસાયટીમાં કોમન પ્લોટમાં ક્રિકેટ રમતાં છ વ્યક્તિઓની જાહેરનામાના ભંગ બદલ ધરપકડ કરતી ભરૂચ શહેર "એ" ડીવી.પોલીસ



હાલમાં સમગ્ર ગુજરાત રાજ્ય તેમજ ભારત દેશમાં નોવેલ કોરોના વાયરસ (CoVID-39) ફેલાયેલ છે.જે અનુસંધાને નોવેલ કોરોના વાયરસના ઝડપી સંક્રમણને ધ્યાને લેતા તકેદારીના ભાગરૂપે ભરૂચ જીલ્લા કલેકટર શ્રી મારફતે બહાર પાડવામાં આવેલ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા બાબતે ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાં તરફથી સુચના મળતા તેમજ નાયબ પોલીસ વડા ડી.પી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ ભરૂચ શહેર "એ ડીવીઝન પોલીસ દ્વારા જાહેરનામાની અમલવારી દરમ્યાનમાં ભરૂચ શહેર "એ ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં જાહેરનામાના ભંગ કરનાર ઈસમો ઉપર કાર્યવાહી કરવા અનુસંધાને આજ રોજ લીકરોડ ઉપર આવેલ આલ્ફા સોસાયટીમાં કેટલાક ઈસમો જાહેરનામાનો ભંગ કરી જાહેરમાં ઠીકેટ રમતા હોય તેઓની તેવી બાતમી આધારે કુલ છ ઈસમોને જાહેરનામાના ભંગ કરતા ઇ.પી.કો. કલમ ૧૮૮ તથા જી.પી.એક્ટ ૧૩૯ તથા નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ ૫૧(બી) તથા એપેડેમીક ડીઝીઝ એક્ટ ૩ મુજબ ગુનો દાખલ કરવામાં આવેલ છે. પકડાયેલ વ્યક્તિઓમાં (૧) પ્રતિક પ્રવિણચંદ્ર મહેતા (૨)મહેશ બ્રીજપ્રસાદ પાન્ડે (૩)ચંદ્રેશ મહેશચંદ્ર સોલકી(૪)જીનિલ મહેશકુમાર મોદી (૫)રવિ જયેશભાઈ મહેતા(૬) આશિષ રમણભાઈ પટેલ

સુરતમાં શ્રમિકોની ટિકિટના પૈસા પચાવી જનાર ભાજપ કાર્યકર વર્માની વધુ એક દાદાગીરી

સુરત

ગઈકાલે સુરત શહેરમાંથી પરપ્રાંતિયો સાથેના અત્યાચારની એક જઘન્ય ઘટના સામે આવી હતી. સુરતના લિંબાયત વિસ્તારમાં ઝારખંડના શ્રમિકોએ ઘરે જવા માટે સ્થાનિક કથિત ભાજપ કાર્યકર રાજેશ વર્માને ૧.૧૬ લાખ રૂપિયા આપી અને ટિકિટો બૂક કરાવી હતી. વર્માએ ટિકિટ આપી નહીં અને પૈસા પચાવી લીધા હોવાના આરોપ સાથે શ્રમિકોએ હોબાળો મચાવ્યો હતો. વર્માએ આ મુદ્દે વિરોધ કરનાર શ્રમિકને મારીમારીને લોહીલૂહાણ કરી દીધો હતો. આ ઘટનાનો પણ વીડિયો વાયરલ થયો હતો અને રાષ્ટ્રીય સમાચારોમાં ઘટના ચમકી હતી.

દરમિયાન આ ઘટના બાદ શ્રમિકોને પૈસા મળ્યા કે નહીં તે તો મોટો કોયડો જ રહ્યો પરંતુ જે વ્યક્તિએ વર્માની આ દાદાગીરીનો વીડિયો વાયરલ કર્યો હતો તેને વર્માએ કથિત રીતે બેઘર કરી દીધી હોવાની રાવ શ્રમિકે નાંખી છે. આ શ્રમિકનું કહેવું છે કે તેને અને તેની પત્નીએ વર્માના માણસોએ જે મકાનમાં રહેતા હતા ત્યાથી બેઘર કરી દીધા છે. આ લાચાર ૨ દંપતિએ વર્માના ત્રાસથી ઘર ગુમાવ્યું અને સંતાનો સાથે રસ્તે રઝળતા કરી દીધા છે.

રાજપીપળા પાલિકામાં વેરા વધારવાની સંમતિ માટે સફાઈ કર્મીઓ એ વિરોધ કરનારા છ સભ્યો ના ઘરે જઈ આજીજી કરી : રાજપીપળા નગરજનો ને પણ નિયમિત વેરો ભરવા અપીલ કરી

પાલિકામાં મહેકમ મુજબ કર્મચારીઓની ભરતી કરાય તો આટલા જ વેરામાં બધાના પગાર થઈ જાય.વેરો વધારવો એ યોગ્ય ન કહી શકાય.અને વેરો એ પગાર જોડે કઈ લેવાદેવા નથી.ચીફ ઓફિસર અને કાયમી કર્મચારી ઓ ના કઈ ગ્રાન્ટમાં થી પગાર થાય છે એવી રીતે આ રોજમદારો નો પગાર કરો આજે લોકડાઉન વચ્ચે કોઈ વેરો વધારવાનો નથી. અમે તો વિરોધ કરીશું કેમકે પ્રજા પર બોજ ના અપાય : મહેશ વસાવા (પૂર્વ પાલિકા પ્રમુખ)

અમારો ત્રણ મહિનાથી પગાર થતો નથી અત્યાર સુધી પાલિકાના સ્વ ભંડોળ માંથી પગાર થતો હતો હાલ સ્વભંડોળ નથી પાલિકાને પગાર કરવાના ફાંફા પડી રહ્યા છે. અમે આખા નગરની સફાઈ કરીએ છે સ્વચ્છ નગર રાખીયે વાઈરસોમાં પણ જીવના જોખમે કામ કરીએ બસ એ હકનો પગાર માંગીએ છે જો વેરા વધતા અમારો પગાર થતો હોય તો લોકો નિયમિત વેરા ભરે અને કોઈ એનો વિરોધ ના કરે એવી અમારી વિનંતી છે : પંકજ સોલંકી (સફાઈ કર્મચારી સુપરવાઈઝર)



(ભરત શાહ દ્વારા)

રાજપીપળા

રાજપીપળા પાલિકા હાલ આર્થિક મુશ્કેલીનો સામનો કરી રહી છે ત્યારે ત્રણ મહિના થી ૨૦૦ જેટલા સફાઈ કર્મી અને રોજમદારો નો પગાર કરવા સક્ષમ નથી કેમકે સ્વભંડોળ પાલિકા પાસે નથી. આવી કપરી પરીસ્થીમાં નાણાં ની આવક થાય એવા કાર્યો કરવા જરૂરી બન્યા છે. ત્યારે પાલિકા ના ચીફ ઓફિસર જયેશ પટેલ દ્વારા એક સંચિત વેરા વધારાની દરખાસ્ત બનાવી જેને તમામ સભ્યો ને મોકલી સાથે શહેરી વિકાસ કમિશનર ને પણ મોકલી જોકે આ વેરા વધારા ની બાબત રાજપીપળા નગર માં ટોક ઓફ ધી ટાઉન બની છે. કેટલાક લોકો ૧૦ ટકા જેવા વેરા વધારાને સહમતી આપે જયારે અમુક લોકો બિલકુલ વધવા જોઈએ નહિ ની વાત કરે છે ત્યારે આજે નગરમાં સફાઈ કરતા સફાઈ કામદારો પગાર વગર ટળવળતા હોય વેરા વધારાનો વિરોધ કરનાર ૬ સભ્યો ના ઘરે જઈને રજૂઆત કરી આજીજી કરી કે વેરા માટે સહમતી આપીદો સાહેબ તો પાલિકા પાસે ભંડોળ આવે અને અમારો પગાર નિયમિત થાય આમ વેરા વધારા નો મુદ્દો આજે રાજપીપળા નગરમાં ટોક ઓફ ધી ટાઉન બન્યો છે.

રાજપીપળા નગરપાલિકા હાલ મુશ્કેલી માં છે. કેમકે ઘણા કર્મચારીઓનો પગાર બાકી છે, વીજ બિલ બાકી છે, કર્મચારીઓના ઈપીએફના કરોડો રૂપિયા પણ ચૂકવવાના બાકી છે. હવે પાલિકાની આર્થિક સ્થિતિ સુધારવી હોય તો વેરા વધારવા જરૂરી બન્યા છે.રાજપીપળા પાલિકા દ્વારા હાલ વેરા વધારવાની કવાયત હાથ ધરવામાં આવી છે, દૈનિક અખબારમાં જાહેરાત આપી શહેર વાસીઓ પાસે વાંધા મંગાવ્યા છે.તો બીજી બાજુ રાજપીપળા પાલિકાના સત્તા પક્ષ અને વિપક્ષ મળી કુલ ૬ સભ્યોએ વેરા વધારવાના એજન્ડા પર સહી ન કરી પોતાનો વિરોધ નોંધાવ્યો છે.જેથી વેરા વધારા પર રાજકારણ ગરમાયુ છે.

કામરેજના દિગસ ગામે કાર્ડ ધારકોને અનાજનું વિતરણ

સુરત

કોરોના વાયરસના સંક્રમણની સ્થિતિમાં લંબાવવામાં આવેલ લોકડાઉનના પગલે રાજ્ય સરકારે રાજ્યના APL-૧ રેશનકાર્ડ ધરાવતા મધ્યમવર્ગીય પરિવારો પ્રત્યે સંવેદના દર્શાવીને લોકડાઉનમાં એપ્રિલ મહિનામાં અનાજ વિતરણ કરાયા બાદ મે મહિના માટે પણ સતત બીજીવાર વિનામૂલ્યે અનાજ વિતરણ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે, ત્યારે સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોના લાભાર્થીઓ માસ્ક અને સેનિટાઈઝરના ઉપયોગ સાથે સોશ્યલ ડિસ્ટન્સના નિયમોનું ચૂસ્તપણે પાલન કરી વિનામૂલ્યે અનાજ મેળવી રહ્યા છે. કામરેજના દિગસ ગામ, માછી ગામ, જાત ભરથાણા અને ઓરણા ગામોના લાભાર્થીઓએ દિગસ ખાતેથી અનાજ પુરવઠો મેળવ્યો હતો.

કામરેજ તાલુકાના દિગસ ગામના મુખ્ય પરા વિસ્તારમાં સસ્તા અનાજની દુકાન ધરાવતાં મહેન્દ્રભાઈ રામભાઈ રાઠોડ દ્વારા લાભાર્થીઓ માટે પીવાના પાણી અને સેનીટાઈઝરની વ્યવસ્થા કરવામાં આવી હતી. રેશન કાર્ડ રજૂ કરતાં સમયે ફરજિયાતપણે સેનીટાઈઝરથી હાથ સાફ કરાવવામાં આવતાં હતા. આ દુકાનધારકની સસ્તા અનાજની દુકાને અનાજ લેવા આવેલા ૨૯ વર્ષીય એ..પી.એલ.-૧ લાભાર્થી મયુરભાઈ મહેશભાઈ આહિરે ગરીબોને વિનામૂલ્યે અનાજ આપવાની રાજ્ય સરકારની ઉમદા ભાવનાની પ્રશંસા કરતાં જણાવ્યું કે, કોરોના વાઈરસના કારણે ત્રીજા તબક્કાનું લોકડાઉન ચાલુ છે, જેમાં રાજ્ય સરકારે એપ્રિલ મહિના માટે વિનામૂલ્યે અનાજ આપ્યું હતું, તેમજ મે મહિના માટે પણ અમારા જેવા ગરીબ નાગરિકોને વિનામૂલ્યે જીવનજરૂરી અનાજ, ખાંડ, ખાદ્યતેલ આપીને અમને ખુબ ઉપયોગી મદદ કરી છે. લોકડાઉનના બાકીના દિવસ દરમિયાન આ પુરવઠો અમારા માટે સંજીવની સમાન બની રહેશે.



ભરૂચ દહેજની મેઘમણી કંપનીના કામદારોનો વિરોધ જોવા મળતા લોકડાઉન વચ્ચે કંપની સત્તાધીશોએ કામદારોને પગાર ન આપ્યો હોવાના આક્ષેપ સાથે કામદારો ભેગા થયા હતા.

કોરોના સંક્રમણ રોકવા સુરતમાં ૧૪'મી સુધી શાકભાજીનું વેચાણ બંધ

સુરત

શાકભાજી અને ફ્રુટ વિતરણ-વેચાણ ઉપર મનપા કમિશનરે પ્રતિબંધ લાદી દીધા બાદ આજે શહેરભરમાં એકપણ સ્થળે શાકભાજીના ફેરીયા નજરે પડતા ન હતા. શાકભાજીની લારી-પાથરણા ઉપર સોશિયલ ડિસ્ટન્સિંગનો અમલ થતો ન હતો. તેમજ શાકભાજી વિક્રેતાઓમાં પણ કોરોના પોઝિટિવના કેસો વધતા મનપા કમિશનરે શાકભાજી અને ફ્રુટ વિતરણ વેચાણ ઉપર તા.૧૪મી સુધી પ્રતિબંધ ફરમાવી દીધો હતો. હવે માત્ર શહેરમાં માત્ર મેડિકલ, અનાજ કરિયાણા અને લોટ દળવાની ઘંટી ચાલુ રહેવાની હોવાથી હવે ભીડ થવાનો અવકાશ રહેશે નહીં. જેને કારણે કોરોના વાયરસ જે ઝડપથી સુરતમાં ફેલાઈ રહ્યો હતો. તેની ઉપર બ્રેક લાગવાની આશા રખાઈ છે. આ ત્રીજા તબક્કાના લોકડાઉનનો લોકો ચુસ્તપણે પાલન કરે તો સુરતમાં કોરોના વાયરસની મહામારીને કાબુમાં કરવા સફળતા મળે તેમ છે.

મ્યુનિ. કમિશનરે લિંબાયત વિસ્તારનું નિરીક્ષણ કર્યું

સુરત

કોરોના વાયરસે સમગ્ર વિશ્વને પોતાના સકંજામાં લીધું છે જેના કારણે દેશમાં લોકડાઉન લાદવામાં આવ્યું છે. કોરોના વાયરસને માત આપવા તંત્ર દિવસ રાત એક કરીને કાર્ય કરી રહ્યું છે. ત્યારે સુરત મહાનગરપાલિકાના મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાની સુરત પોલીસ કમિશનરશ્રી આર.બી. બ્રહ્મભટ્ટ સાથે સૌથી વધારે કોરોનાના કેસ જે વિસ્તારમાં નોંધાયા છે એવા કમરૂનગર લીંબાયત, કોસાડ આવાસ, એચ-૪ અને મોડેલ ટાઉનશીપ એરિયાનું સ્થળ પર જઈ નિરીક્ષણ કર્યું હતું. તેમણે પાલિકાના આરોગ્ય અધિકારીઓ સાથે પરામર્શ કરીને જરૂરી માર્ગદર્શન આપી હકારાત્મક સૂચનો પણ કર્યા હતા.તેમની સાથે ધારાસભ્ય શ્રીમતિ સંગીતાબેન પાટિલ અને મુકેશભાઈ પટેલ પણ જોડાયા હતા.

સુરતના ૫.૬૫ લાખની વધુ એપીએલ વન કાર્ડ ધારકોને અનાજનું વિતરણ

તબક્કાવાર રીતે વાજબી ભાવની દુકાનેથી અનાજનો જથ્થો મેળવતા લાભાર્થીઓ

સુરત

કોરોના વાયરસના સંક્રમણની સ્થિતિમાં લંબાવવામાં આવેલ લોકડાઉનના પગલે રાજ્ય સરકારે રાજ્યના APL-૧ રેશનકાર્ડ ધરાવતા મધ્યમવર્ગીય પરિવારો પ્રત્યે સંવેદના દર્શાવીને લોકડાઉનમાં એપ્રિલ મહિનામાં અનાજ વિતરણ કરાયા બાદ મે મહિના માટે પણ સતત બીજીવાર વિનામૂલ્યે અનાજ વિતરણ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે, જે સંદર્ભે જિલ્લા કલેક્ટર ડો.ધવલ પટેલના માર્ગદર્શન હેઠળ જિલ્લા પુરવઠા તંત્ર દ્વારા સુરત શહેર-જિલ્લાના ૫,૬૫,૩૬૦ લાખ નોન એન.એફ એસ.એ APL-૧ કાર્ડધારકોને તા.૭મી થી વાજબી ભાવની દુકાનો પરથી મે મહિના માટે વિનામૂલ્યે અનાજ વિતરણનો પ્રારંભ થયો છે. તા. ૧૧ મી મે સુધી અનાજ વિતરણ કરવામાં આવશે. લાભાર્થીઓને રેશનકાર્ડ દીઠ ૧૦ કિ.ગ્રા. ઘઉં., ૦૩ કિ. ગ્રા. ચોખા, ૦૧ કિ.ગ્રા.ખાંડ તથા ૦૧ કિ.ગ્રા. ચણા/ચણાદાળનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવી રહ્યું છે.

કોરોના વાઈરસની પ્રવર્તમાન સ્થિતિમાં અનાજના વિતરણ દરમ્યાન સોશિયલ ડિસ્ટન્સ જળવાઇ રહે અને ભીડભાડ ન થાય તે માટે નોન એન. એફ. એસ. એ. APL-1 રેશનકાર્ડ ધારકો તબક્કાવાર રીતે વાજબી ભાવની દુકાનેથી અનાજનો જથ્થો મેળવી રહ્યા છે. આ વિતરણ વ્યવસ્થા હેઠળ જે રેશનકાર્ડ ધારકોના રેશનકાર્ડનો છેલ્લો અંક ૧ અને ૨ છે, તેમને તા. ૭ મેના રોજ, રેશનકાર્ડનો છેલ્લો અંક ૩ અને ૪ હોય તેમને તા. ૮ મે, ૫ અને ૬ છેલ્લા અંક હોય તેમને તા. ૯ મે, ૭ અને ૮ છેલ્લા અંક હોય તેમને તા. ૧૦ મે તેમજ છેલ્લો અંક ૯ અને ૦ હોય તેવા રેશન કાર્ડધારકને તા. ૧૧ મે ના રોજ નિઃશુલ્ક અનાજ વિતરણ કરવાનું પુરવઠા વિભાગ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લા પુરવઠા અધિકારીશ્રી આસ્થાબહેને જણાવ્યું હતું કે, અનિવાર્ય સંજોગોમાં જે કાર્ડધારક પોતાના નિર્ધારિત દિવસે અનાજ મેળવી ન શક્યા હોય તો તેઓએ પછીના અન્ય દિવસે નહી પણ સીધા જ તા.૧૨/૦૫/૨૦૨૦ના દિવસે જ અનાજ આપવામાં આવશે. રેશનકાર્ડધારકોએ રેશન કાર્ડ અને ઓરિજનલ આધારકાર્ડ અને બોલપેન પણ સાથે લઇ જવાના રહેશે. રેશનકાર્ડદીઠ એક જ વ્યક્તિએ અનાજ લેવા આવવાનું રહેશે. જથ્થો મેળવતા સમયે કોરોના વાઈરસના સંક્રમણને ફેલાતું અટકાવવા માટે માસ્ક પહેરી સોશ્યલ ડિસ્ટન્સના નિયમોનું ચૂસ્તપણે પાલન કરવું ફરજિયાત છે. સાધનસંપન્ન પરિવારો સમાજ સેવકની ભૂમિકા નિભાવી તેમના હિસ્સાનું અનાજ જતું કરે જેથી આ અનાજ જરૂરિયાતમંદોને ફાળવી શકાય એવો વિનમ્ર અનુરોધ તેમણે કર્યો હતો.

સુરતમાં મોરાગામે વતન જવાને લઈ પરપ્રાંતીયો રસ્તા પર આવ્યા

પથ્થરમારો કરતાં પોલીસે લાઠિચાર્જ કરી ટીયરગેસના સેલ છોડ્યાં





મેહુલ પટેલ દ્વારા
ઉગત

શહેરમાં કોરોના પોઝિટિવ દર્દીઓની સાથે સાથે સાજા થયેલા દર્દીઓની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. કુલ ૧૪૮૦૯ ટેસ્ટમાંથી ૮૫૫ જેટલા દર્દીઓ પોઝિટિવ અત્યાર સુધીમાં મળ્યાં છે. જેમાંથી ૪૧૮ જેટલા દર્દીઓએ કોરોનાને માત આપીને સાજા થઈ ઘરે પહોંચતા રિકવરી દર ૫૦ ટકા આસપાસ પહોંચ્યો છે. પાલિકા કમિશનરના આદેશ મુજબ આજથી એપીએમસી અને શાકભાજી માર્કેટ બંધ રહેશે.ઈચ્છાપોર નજીક મોરાગામે વતન જવાની માંગ સાથે હોબાળો કરી પથ્થરમારો કરતાં પોલીસે લાઠિચાર્જ કરી ટીયરગેસના સેલ છોડ્યાં હતાં. ઈચ્છાપોર સ્થિત આવેલા મોરાગામ નજીક પરપ્રાંતીય રસ્તે ઉતરી આવ્યા હતા વતન જવાની માંગ સાથે પરપ્રાંતીય હોબાળો મચાવ્યો હતો અને પોલીસ પર પત્થરમારો કર્યો હતો.

બીજી તરફ પરીસ્થિતીને કાબુમાં લેવા પોલીસે લાઠીચાર્જ અને ટીયરગેસના સેલ પણ છોડ્યા હતા.પરિસ્થિતિ કાબુની બહાર જાય તે પહેલા પોલીસના ઉચ્ચ અધિકારીઓ અને પોલીસ કાફલો ત્યાં ખડકી દેવામાં આવ્યો હતો. કોરોનાની સ્થિતિમાં સ્લમ એરિયામાં સઘન સર્વેલન્સ કરવા સાથે ૩૬ ફિવર ક્લિનિક અને ૧૮૪ વોશ બેસિનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. ૬૦ પ્રચાર ગાડીઓ દ્વારા કોરોના જાગૃત્તિનું કાર્ય કરવામાં આવી રહ્યું છે. જો લોકડાઉનનુ ૨૧ દિવસ સુધી વ્યવસ્થિત પાલન કરવામાં આવે તો કોવિડનું ઈન્ફેક્શન ફેલાતું નથી. દરેક નાગરિક પોતાની જવાબદારી નિભાવે અને લોકડાઉનનું સંપુર્ણ પાલન કરે તથા

જે ટીમો સર્વેલન્સ માટે આવે તો તેમનો સાથ સહકાર લોકો આપો તેવી વિનંતી મ્યુ. કમિશનર દ્વારા કરવામાં આવી હતી. હાલ કેરીની સિઝન હોવાથી ખેડુતો કેરીનો પાક વેચી શકે તે માટે એક આગવી વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે. હાલ એપીએમસી માર્કેટ બંધ હોવાથી ખેડુતો પોતાનો પાક પોતાના વાહનમાં આવીને વેચી શકે તે પ્રમાણે વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે. ખેડુતો કેરી વેચે ત્યારે કેરી વિણવાની જગ્યાએ આખુ કેરેટ વેચવામાં આવશે.

રાજપીપળા નજીક વાહન ચેકિંગ કરતી પોલીસે ટેમ્પોમાંથી ૧૪.૧૨ લાખનો પાન પડીકી, તમાકુ સહિતની મુદ્દામાલ ઝડપી પાડ્યો



વિમલ પાન પડીકી તથા તમાકુ વલસાડથી રાજપીપળા ભરી લઇ જતો હોવાનું ટેમ્પો ચાલકે જણાવ્યું

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલમાં કોરોના વાઇરસ ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ હોય જે અન્વયે જીલ્લા મેજીસ્ટ્રેટ નર્મદાના એ જાહેરનામામાં પાન પડીકી તમાકુનું વેચાણ બંધ રાખવાનું જાહેરનામું પાડેલ હોય તેમજ પોલીસ અધિક્ષક નર્મદા હિમકરસિંહ તથા ના. પો. અધિક્ષક રાજપીપળા ડીવીઝન રાજેશભાઇ પરમારના ની સુચના અને માર્ગદર્શન મુજબ પાન પડીકી અને તમાકુ ઉપર હાલમાં પ્રતિબંધ હોય જે સબંધે કડક ચેકિંગ કરી કેસો કરવા સુચના મળેતા તા.૦૮/૦૫/૨૦૨૦ ના રોજ આમલેથા પોલીસ સબ ઇન્સ. ડી. એ. ક્રિશ્ચન સ્ટાફ સાથે રાજપીપળા નજીકની વિરપોર ચોકડી ચેક પોસ્ટ ઉપર વાહન ચેકિંગની કામગીરીમાં હતા તે દરમ્યાન એક આઇસર ટેમ્પો નંબર જીજે-૧૫ ઝેડ ૧૯૧૦ આવતા તેમાં ચેક કરતા ટેમ્પોના ડ્રાઇવર અર્જુન પુન્નાવાસે મોર્ય રહે. હાજી બંદર રોડ મુબઇ,મહારાષ્ટ્ર ને વાહનમાં શું ભરેલુ છે તેમ પુછતા તેણે વિમલ પાન પડીકી તથા તમાકુ વલસાડ થી રાજપીપળા ભરી લઇ જતો હોવાનું જણાવ્યું હતું.

જેથી ટેમ્પો ચેક કરતા ટેમ્પોમાં વિમલ પાન પડીકી ના કોથળા નંગ-૧૦૦ તથા તમાકુના કોથળા નંગ-૨૦ કુલ કિ. રૂ. ૯,૧૨,૯૮૩ નો મુદ્દામાલ મળી આવેલ જેથી આમલેથા પોલીસે આઇસર ટેમ્પો નંબર જીજે-૧૫ ઝેડ ૧૯૧૦ ની કિ. રૂ. ૫,૦૦,૦૦૦/- તથા વિમલ પાન પડીકીના મળી કુલ કિ.રૂ.૧૪,૧૨, ૯૮૩/-નો મુદ્દામાલ કબજે કરી ટેમ્પો ચાલક અર્જુન પુન્નાવાસે મોર્ય વિરુદ્ધ ગુનો દાખલ કરી કાયદેસર કાર્યવાહી કરી હતી.

નર્મદા જીલ્લામા ફંસાયેલા ૨૫૮ જેટલાં UPના શ્રમિકોને તંત્ર દ્વારા લીલીઝંડી મળતા વતન મોકલાયા



ગુજરાત સરકાર ના આદેશ મુજબ UP ના શ્રમિકો પાસેથી વ્યક્તિ દીઠ ૮૨૦-/ રૂપિયા ભાડું વસુલ કરવામા આવ્યું

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

કોરોના લોકડાઉન ને પગલે નર્મદા જીલ્લામાં વેપાર ધંધો કરતા પરપ્રાંતીઓ છેલ્લાં દોઢ મહીના થી અનિશ્ચિતતાઓ અને ઉચાટ વચ્ચે જીવી રહ્યા હતા.અને ધંધા રોજગાર ઠપ થઈ જતાં પોતાના વતન જવા માટે ઉતાવળા બન્યા હતાં. દોઢ મહિના ના લોકડાઉન પછી સરકાર ને ડહાપણ ની દાઢ ફુટી હતી, અને જયાં ત્યાં ફંસાયેલા શ્રમિકો ને એમના વતન જવા દેવા જોઈએ તેવું લાગ્યું હતું.જેથી આજે રાજપીપળા ખાતે થી ઉત્તર પ્રદેશ પોતાના વતન મોકલવા માટે વહીવટી તંત્ર દ્વારા તજવીજ હાથ ધરવામાં આવી જેમાં રાજપીપળા એસટી ડેપો ખાતે ૨૫૮ પરપ્રાંતીઓનું લિસ્ટ તૈયાર કરી તંત્ર દ્વારા તેમના આરોગ્ય ની ચકાસણી કરવામાં આવી હતી ત્યારબાદ સાંજે તેમને બસ મારફતે વડોદરા મોકલી ત્યાંથી ટ્રેન મારફતે ઉત્તર પ્રદેશ પોતાના વતન મોકલવામાં આવશે.

આ બાબતે દરેક પરપ્રાંતિય પાસેથી વ્યક્તિદીઠ ૮૨૦/- રૂપિયા લેવામાં આવ્યા હતા તેમ પરપ્રાંતિયો એ જણાવ્યું હતું ઉપરાંત લોકડાઉન દરમિયાન રોજગાર ધંધા બંધ થતા ઘણા સમય થી અહી ફસાયેલા પરપ્રાંતીઓ ને પોતાને વતન જવાની જરૂર પડી છે ત્યારે પોતાના વતનને જઈ રહેલા પરપ્રાંતીઓ એ ખુશી વ્યક્ત કરી હતી.

કેન્દ્ર સરકાર ની કથિત જાહેરાત મુજબ શ્રમિકો નુ ભાડું ૮૫% કેન્દ્ર સરકાર અને ૧૫% ભાડું રાજ્ય સરકાર ઉઠાવશે તેવી જાહેરાત ના અમલ નુ સુરસુરીયું થયું હતું અને શ્રમિકો પાસેથી વ્યક્તિ દીઠ રુ.૮૨૦/- ભાડાં પેટે વસુલવામાં આવ્યા હતા.

નર્મદા ૧૦૮ એમ્બુલન્સના EMT એ એમ્બ્યુલન્સમાંજ મહિલાની સફળ ડિલિવરી કરાવી



સગર્ભા મહિલાની પ્રથમ ડિલિવરી ૧૦૮માં જ કરાવી પરંતુ બાળક ના ગળા માં નાળ વિંટળાયેલી હોવાથી EMT ની મુશ્કેલી વધવા છતાં EMT એ હિંમત ન હારી સુજબૂજ થી સફળતા મેળવી

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

ડેડીયાપાડા ના ચુલી ગામની ગર્ભવતી મહિલા ને પીડા ઉપડતા ગત તા.૮ મેં ના રોજ GVK EMRI ૧૦૮ ની ગંગાપૂર લોકેશન પર ચુલી ગામ થી કોલ આવતા ૨૦ સેકન્ડ કરતા પણ ઓછા સમય માં ગંગાપુર સ્થિત ૧૦૮ એમ્બ્યુલન્સ ચુલી ગામે પોહચી EMT પ્રિયંકાબેન વસાવા દર્દી પાસે પોહચી તપાસ કરી તો માલુમ પડ્યું કે સગર્ભા સોનલબેન વસાવા નામના મહિલાની આ પ્રથમ ડિલિવરી છે,સોનલબેન ને ૧૦૮ એમ્બ્યુલન્સ માં લાવી હોસ્પિટલ જવા માટે રવાના થયાં,ચુલી થી ડેડીયાપાડા વચ્ચે સગર્ભા બેનને પ્રસુતિ ની પીડા વધતા EMT પ્રિયંકાબેન વસાવાએ ૧૦૮ ના પાઈલોટ ભદ્રેશભાઈ ને એમ્બ્યુલન્સ સાઈડ માં ઉભી રાખવા જણાવ્યું અને ફરીથી દર્દી ની તપાસ કરતા EMT ને માલુમ પડ્યું કે ડિલિવરી (પ્રસુતિ)નો સમય થઈ ગયો છે માટે તેમણે એમ્બ્યુલન્સ માં ડિલિવરી કરવા માટેની જે પ્રોટેકટિવ કીટ આવે તે પેહરી તૈયારી કરી અને થોડી જ ક્ષણો માં આ EMT દ્વારા સફળ ડિલિવરી કરાવી હતી. પણ બાળક ના ગળા માં નાળ વિંટળાયેલી હોવાથી EMT ની મુશ્કેલી વધી, છતાં પ્રિયંકાબેને તેમની સુઝબુઝ થી બિલકુલ ગભરાયા વગર બાળક ની નાળ અલગ કરી અને માતા અને બાળક ને ૧૦૮ એમ્બુલન્સ માંજ જરૂરી સારવાર આપી ડેડીયાપાડા સબ ડિસ્ટિક્ટ હોસ્પિટલ ખાતે ખસેડી દાખલ કરાયા હતા.

હાલ માતા અને બાળક બંને સ્વસ્થ હોવાનું ત્યાંના ડોક્ટર્સ દ્વારા જણાવામાં આવ્યું.૧૦૮ એમ્બુઅલન્સ ના EMT પ્રિયંકાબેન વસાવા અને પાઈલોટ ભદ્રેશભાઈ તડવી નો દર્દી ના પરિવારજનો એ આભાર વ્યક્ત કર્યો હતો. અને ૧૦૮ એમ્બુઅલન્સ ની કામગીરી ને બિરદાવી હતી.

સ્ટેચ્યુ ઓફ યુનિટી તરફના વિસ્તારમાં સર્વેથી ગ્રામજનોમાં ભય પોલીસ પર લગાવ્યા આક્ષેપ

નર્મદાના ગરુડેશ્વર તાલુકાની વાગડીયા ગ્રામ પંચાયત દ્વારા કલેકટર નર્મદાને આવેદન પત્ર આપવામા આવ્યું



ગ્રામપંચાયતના અધિકારોનુ હનન કરી ને SVPRAT અને SSNL દ્વારા કરવામા આવતી કામગીરી અટકાવવાની માંગ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

સ્ટેચ્યુ ઓફ યુનિટીને લઈને એ વિસ્તારમાં પ્રવાસીઓને આકર્ષવા અન્ય પ્રોજેક્ટો માટે સરકાર દ્વારા કાર્યવાહી હાથ ધરાઈ છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી વિકાસ સત્તામંડળની પણ રચના કરાઈ છે, જેને પગલે આસપાસના ગ્રામજનોને એવો ભય છે કે સરકાર અમારી જમીનો છીનવી લેશે અમે ઘરબાર વગરના થઈ જઈશું.

ત્યારે બીજી બાજુ ગરુડેશ્વર તાલુકાની વાગડીયા ગ્રામ પંચાયત દ્વારા નર્મદા જીલ્લા કલેક્ટર ને આવેદનપત્ર આપવામા આવ્યુ હતુ, જેમા જણાવ્યા મુજબ, હાલ લોકડાઉન અને કોરોના મહામારી ને કારણે સંકટ ઉભું થયું છે લોકો ને બહાર નિકળવાની મનાઈ છે, તેવામા ગામ ની વિવાદિત જમીન ઉપર SVPRAT અને SSN દ્વારાફેન્સિંગ કરવાની કામગીરી શરુ કરવામા આવી છે જે બાબત ની જાણ ગ્રામ પંચાયત ને જાણ કર્યા વિના આ કામગીરી બારોબાર કરવામા આવી રહી છે જે ગ્રામપંચાયત ના હકો ઉપર તરાપ મારવા જેવુ છે અને કાયદાની જોગવાઈ મુજબ પણ ગેરકાયદેસર છે.

અધિકારીઓ દ્વારા ગામ સરપંચ અને ગ્રામપંચાયત ની ગરિમા ને ઠેસ પહોંચાડવા નુ પ્રતિત થઈ રહ્યુ છે.છેલ્લાં ૪૫ દિવસ થી લોકડાઉન છે લોકો બહાર નીકળી શકતાં નથી એવી પરિસ્થિતિ નો લાભ ઉઠાવી અધિકારીઓ પોલીસ નો સાથ લઈ અમારા કબજા હેઠળ ની જમીન ને કોર્ડન કરવા માટે ધાકધમકી અને બળજબરીપુર્વક કબજો લઈ રહ્યાં છે જેને તાત્કાલીક ધોરણે અટકાવવા મા આવે.

હાલ હાઈકોર્ટ દ્વારા આ અંગે ની જાહેરહિતની અરજી નો આપેલ ચુકાદો અમારી તરફેણમાં નથી પરંતુ ખેડુતો ફરીથી પીટીશન દાખલ કરી શકશે તેવું પણ જણાવવામાં આવ્યું છે. એટલે હજી અમારા પક્ષે કાનુની વિકલ્પો ખુલ્લા છે ત્યારે આવી ઉતાવળી કામગીરી એક મોટા માનવ સમુહ ની અંદર શંકા જન્માવે છે. સાથે સાથે ગુજરાત સરકાર ના પેસા એક્ટ ની જોગવાઈઓ નું પણ ઉલ્લંઘન છે તેવા મા બંધારણ ની જોગવાઈઓ અનુસાર જીલ્લાના બંધારણીય વડા કલેકટર પોતાને મળેલી સત્તાઓ નો પ્રજા ના હિત મા ઉપયોગ કરી આ કામગીરી ને તાત્કાલીક ધોરણે અટકાવે તેવી માંગ કરી છે.